વર્ષ : ૪૧ ♦ અંક : ૧
જાન્યુઆરી - ૨૦૧૭

Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર



જિન ધરી બાલકપણે દીક્ષા,
કમઠમાન વિદારકે,
શ્રી પાર્શ્વનાથ જિનેન્દ્ર કે પદ
મૈં નમો શિર ધારકે.

શ્રી પાર્શ્વનાથ પ્રભુની
મનોહર પ્રતિમાજી

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

# સંસ્થામાં યોજાયેલ યુવા ઉત્કર્ષ શિબિર વેળાની તસવીરો
(તા. ૨૪-૧૨-૨૦૧૬ થી તા. ૨૬-૧૨-૨૦૧૬)


પૂજ્યશ્રીની પાવન નિશ્રા


પૂ. અક્ષરવત્સલ સ્વામીજી


પૂજ્ય બહેનશ્રી


બા.બ્ર. શ્રી સુરેશજી


આદ. ભાગ્યશ્રી સાઠે


બા.બ્ર. શ્રી અલકાબેન


યોગાચાર્ય શ્રી વસંતભાઈ બ્રહ્મભટ્ટ


યોગાસન કરતા શિબિરાર્થીઓ


અંત્યાક્ષરી


શ્રમયજ્ઞ

# દિવ્યધ્વનિ

-: પ્રેરક :-
શ્રદ્ધેયશ્રી આત્માનંદજી

-: તંત્રી - સંપાદક :-
શ્રી મિતેશ એ. શાહ
ફોન : (૦૭૯) ૨૭૫૦૩૬૫૬

-: સ્વત્વાધિકારી :-
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-
ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
કોબા - ૩૮૨ ૦૦૭
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯
૨૩૨૭૬૪૮૩/૮૪
ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-
ભારતમાં
ત્રિવાર્ષિક રૂા. ૪૦૦
આજીવન રૂા. ૨૦૦૦
પરદેશમાં
By Air Mail
ત્રિ-વાર્ષિક : Rs. 4000
$-80, £-60
આજીવન : Rs. 15000
$-300, £-220

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫
(૨) સાધના : સફળતાની મુખ્ય ચાવી ... પૂ. શ્રી આત્માનંદજી ...... ૬
(૩) સ્વાધ્યાય : સ્વજીવનને જોવાની દૃષ્ટિ .......... ...................... ડૉ. કુમારપાળ દેસાઈ ..... ૮
(૪) સમાધિતંત્ર - અમૃતરસપાન..પ્રા.ચંદાબહેન પંચાલી .. ૧૧
(૫) શ્રી દર્શનસ્તુતિ-એક અનુચિંતન... પૂજ્ય બહેનશ્રી ... ૧૪
(૬) શ્રાવકાચાર ................બા.બ્ર. શ્રી સુરેશજી ... ૧૬
(૭) શ્રી દેવચંદ્રજી કૃત ચોવીશી.. શ્રી અશોકભાઈ પી. શાહ .... ૧૯
(૮) શ્રી ભક્તામર સ્તોત્ર .....શ્રી મહેન્દ્રભાઈ ખંધાર ... ૨૩
(૯) ત્યાગ-ઉપાદાનશૂન્યત્વશક્તિ. શ્રી વલભજી હીરજી ... ૨૬
(૧૦) રાષ્ટ્રપિતા ગાંધીજી ........ શ્રી વિભાબેન મહેતા ... ૨૭
(૧૧) મૈત્રીભાવના........ શ્રી નવનીતભાઈ પી. શાહ ... ૩૦
(૧૨) સદાચાર ...... સંકલન : શ્રી ગુલાબચંદ રાંભિયા ... ૩૧
(૧૩) નિયમમાં શિસ્ત અને ... શ્રી ગુણવંત બરવાળિયા ... ૩૨
(૧૪) દિનચર્યાની ભાવના ... સંકલન : શ્રી પૂર્ણિમાબેન શાહ .... ૩૩
(૧૫) બાળવિભાગ .............શ્રી મિતેશભાઈ શાહ ... ૩૫
(૧૬) યુવા ઉત્કર્ષ શિબિર ......શ્રી મહેન્દ્રભાઈ ખંધાર ... ૩૭
(૧૭) સમાજ-સંસ્થા દર્શન ............................ ૩૯



વર્ષ : ૪૧ જાન્યુઆરી, ૨૦૧૭ અંક - ૧



**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન: (૦૭૯)૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪
mail@shrimadkoba.org, www.shrimadkoba.org


**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**
**Name of Bank** : Kotak Mahindra Bank
**Branch** : Chandkheda, Ahmedabad - 382424.
**A/c. No.** : 08390020000044 • **IFS Code** : KKBK0000839

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.


**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩




# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

શ્રી બૃહદ્ આલોચનામાં કહ્યું છે કે,

"ગોધન, ગજધન, રતનધન, કંચન ખાન, સુખાન,
જબ આવે સંતોષધન, સબ ધન ધૂલ સમાન."

આ વાત તો દરેક જ્ઞાનીપુરુષોએ માન્ય કરી છે - અનુભવી છે, પરંતુ એક વિશેષ વાત, કે જે અમે મુમુક્ષુઓએ અનુભવી છે તે આપને કહેવાનું અમને મન થાય છે.

સંસારીઓને સર્વ પ્રકારનો મોહ હોય છે. આપ અમને મળ્યા તે પહેલાં અમને પણ હતો જ. પરંતુ આપ મળ્યા, આપના ચરણ-શરણનો યોગ મળ્યો. આપના માર્ગે ચાલનારા સંતોનો સહવાસ મળ્યો, આપના અમૃતવચનો મળ્યા, અનુપમેય એવી 'શ્રી આત્મસિદ્ધિ' મળી, વિસ્મયકારી 'વીસ દોહરા' કે જેમાં વર્ણવેલ દોષોનો અમને કદી વિચાર પણ આવ્યો ન હતો તે મળ્યો, અપૂર્વ એવો 'અપૂર્વ અવસર' મળ્યો. ટૂંકમાં ભવસાગરથી તરવાનો મૂલ્યવાન 'મોક્ષમાર્ગ' મળ્યો, પછી સાંસારિક મોહ ઘટતો જ જાય એમાં આશ્ચર્ય પણ શું છે ? શાશ્વતની સામે સર્વ સાંસારિક મોહ ક્યાં સુધી ટકી શકે ? 'રાજધન' મળ્યા પછી કોઈ ધનની વાંછા જ રહી નથી. રાજધનનું પાન કરતાં સંતોષ જ થતો નથી. કહેવાનું મન થાય છે કે,


"ખરચે ન ખૂટે કોઈ ચોર ન લેવે,
દિન દિન બઢત સવાયો;
પાયોજી મૈંને રાજ રતન ધન પાયો."

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

### પત્રાંક - ૧૬૩



હે હરિ, આ કળિકાળમાં તારે વિષે અખંડ પ્રેમની ક્ષણ પણ જવી દુર્લભ છે, એવી નિવૃત્તિ ભૂલી ગયા છે. પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થઈ નિવૃત્તિનું ભાન પણ રહ્યું નથી. નાના પ્રકારના સુખાભાસને વિષે પ્રયત્ન થઈ રહ્યો છે. આરત પણ નાશ પામ્યા જેવું થઈ ગયું છે. વૃદ્ધમર્યાદા રહી નથી. ધર્મમર્યાદાનો તિરસ્કાર થયા કરે છે. સત્સંગ શું ? અને એ જ એક કર્તવ્યરૂપ છે એમ સમજવું કેવળ દુર્ઘટ થઈ પડ્યું છે. સત્સંગની પ્રાપ્તિમાં પણ જીવને તેનું ઓળખાણ થવું મહાવિકટ થઈ પડ્યું છે. માયાની પ્રવૃત્તિનો પ્રસંગ ફરી ફરી જીવો કર્યા કરે છે. એક વખતે જે વચનોની પ્રાપ્તિ થતાં જીવ બંધનમુક્ત હોય અને તારા સ્વરૂપને પામે, તેવાં વચનો ઘણા વખત કહેવાયાનું પણ કાંઈ જ ફળ થતું નથી. એવી જીવોમાં અજોગ્યતા આવી ગઈ છે. નિષ્કપટપણું હાનિને પામ્યું છે. શાસ્ત્રને વિષે સંદેહ ઉત્પન્ન કરવો એ એક જ્ઞાન જીવે માન્યું છે. પરિગ્રહની પ્રાપ્તિ અર્થે તારા ભક્તને પણ છેતરવાનું કર્તવ્ય પાપરૂપ તેને લાગતું નથી. પરિગ્રહ પેદા કરનાર એવા સગાસંબંધીમાં એવો પ્રેમ કર્યો છે કે તેવો તારા પ્રત્યે અથવા તારા ભક્ત પ્રત્યે કર્યો હોય તો જીવ તને પામે. સર્વભૂતને વિષે દયા રાખવી અને સર્વને વિષે તું છો એમ હોવાથી દાસત્વભાવ રાખવો એ પરમ ધર્મ સ્ખલિત થઈ ગયો છે. સર્વરૂપે તું સમાન જ રહ્યો છે, માટે ભેદભાવનો ત્યાગ કરવો એ મોટા પુરુષોનું અંતરંગ જ્ઞાન આજે ક્યાંય જોવામાં આવતું નથી. અમે કે જે માત્ર તારું નિરંતર દાસત્વ જ અનન્ય પ્રેમે ઇચ્છીએ છીએ, તેને પણ તું કળિયુગનો પ્રસંગી સંગ આપ્યા કરે છે.

હવે હે હરિ, આ જોયું જતું નથી, સાંભળ્યું જતું નથી. તે ન કરાવવું યોગ્ય છે, તેમ છતાં અમારા પ્રત્યે તારી તેવી જ ઇચ્છા હોય તો પ્રેરણા કર એટલે અમે તે કેવળ સુખરૂપ જ માની લઈશું. અમારા પ્રસંગમાં આવેલા જીવો કોઈ પ્રકારે દુભાય નહીં અને અમારા દ્વેષી ન હોય (અમારા કારણથી) એવો હું શરણાગત ઉપર અનુગ્રહ થવો યોગ્ય હોય તો કર.

મને મોટામાં મોટું દુઃખ માત્ર એટલું જ છે કે તારાથી વિમુખ થવાય એવી વૃત્તિઓએ જીવો પ્રવર્તે છે, તેનો પ્રસંગ થવો અને વળી કોઈ કારણોને લીધે તેને તારા સન્મુખ થવાનું જણાવતાં છતાં તેનું અનંગીકારપણું થવું એ અમોને પરમદુઃખ છે. અને જો તે યોગ્ય હશે તો તે ટાળવાને હે નાથ ! તું સમર્થ છો. મારું સમાધાન ફરી ફરી હે હરિ ! સમાધાન કર.

### ગુરુ રાજચંદ્ર નમોનમઃ

**રચયિતા : બા.બ્ર. અલકાબેન**

હે યુગપુરુષ તવ નામ સે અન્તર મેં લગતા ધ્યાન હૈ,
શ્રી રાજચંદ્ર વચન સુધા સે જગત કા કલ્યાણ હૈ.
ગુરુ રાજચંદ્ર નમોનમઃ

મત પંથ મિથ્યા મેઘ સે સદ્‌ધર્મ રવિ થા છિપ ગયા,
તવ જ્ઞાન રશ્મિ જ્યોત સે સદ્‌ધર્મ મર્મ ઉદય હુઆ;
ગુરુગમ બિના ઇસ જગત મેં ગ્રંથો કા જ્ઞાન અજ્ઞાન હૈ.
શ્રી રાજચંદ્ર વચન...

તન-મન સભી થે ઝુઝતે પર આતમા સંતપ્ત હૈ,
સાધન અનેકોં સદા રહે પર સાધ્ય કા નહીં બોધ હૈ;
સાધન સે સાધ્ય કી સિદ્ધિ કા અદ્‌ભુત દિયા સમાધાન હૈ.
શ્રી રાજચંદ્ર વચન...

કઈ જન્મ કે શુભકર્મ કા ફલદાન ઉનકે ફલ રહા,
જિનકા તુમ્હારી શરણ મેં નિજ આત્મશ્રેય હૈ સદા રહા;
તન મન વચન ઔર આત્મ સે તવ ચરણ મેં પ્રણિપાત હૈ.
શ્રી રાજચંદ્ર વચન...

# સાધના : સફળતાની મુખ્ય ચાવી

પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી



**● ભૂમિકા :**

કોઈ પણ મહાન કાર્ય થવામાં જોકે એક પ્રેરકબળ મુખ્ય હોય છે, છતાં પણ અનેકના સહયોગથી જ તેની સિદ્ધિ થાય છે. ન્યાયશાસ્ત્રનો સિદ્ધાંત છે કે પાંચ સમવાય કારણો પરસ્પરને પૂરક બનીને કાર્યને ત્વરાથી અને સમયસર રીતે સફળતાપૂર્વક પાર પાડે છે. આ જ સિદ્ધાંત અધ્યાત્મજીવનની સફળતામાં કેવી રીતે કાર્યરત થાય છે, તે આપણે સંક્ષેપમાં વિચારીશું.

**● સાધનાનું સામાન્ય સ્વરૂપ :**

સાધક પોતાના જીવનમાં બે ધ્યેય રાખે છે; એક તો પોતાના દોષ-દુર્ગુણોનો વિનાશ અને બીજું પોતાનામાં લૌકિક અને લોકોત્તર ગુણોનો વિકાસ. આ કાર્ય કરવા માટે તેની પાસે નીચેનાં સાધનો છે:

૧. પોતાની શ્રદ્ધાશક્તિ, વિચારશક્તિ અને સંકલ્પબળ.

૨. શરીર અને વાણી.

૩. સદ્‌ગુરુ, સત્શાસ્ત્ર આદિ બાહ્ય ઉપકારી સાધનો.

પહેલા મુદ્દામાં જણાવેલાં સાધનો તેનાં પોતાનાં છે, બીજા મુદ્દામાં જણાવેલાં સાધનો કથંચિત્ તેને વશ છે અને ત્રીજા મુદ્દામાં જણાવેલાં સાધનો પર તેનો મુખ્યપણે હક નથી. આમ હોવાથી પહેલા મુદ્દાનાં સાધનોનો વિકાસ તે તેની નિશ્ચયસાધના છે અને બીજા બે મુદ્દાનાં સાધનોના અવલંબને તેની વ્યવહાર સાધના છે એમ સામાન્યપણે જાણવું. બંને પ્રકારની સાધના એકબીજાને પૂરક અને અન્યોન્યાશ્રિત છે અને તે જ અપેક્ષાનો જ્ઞાની ભગવંતોએ સ્વીકાર કર્યો છે. વીતરાગદર્શનમાં આ બંને પ્રકારોનો સ્વીકાર કરીને તેને ભેદાભેદરત્નત્રયની સાધના કહેવામાં આવેલ છે. બંને પ્રકારની સાધનાનો ઉદ્દેશ એક જ છે; અજ્ઞાન અને રાગદ્વેષનો નાશ તથા આત્મજ્ઞાન અને આત્મસમાધિની પ્રાપ્તિ દ્વારા પૂર્ણ મોક્ષની પ્રાપ્તિ.

**● વ્યવહાર સાધના :**

જીવમાત્રને અનાદિકાળથી કર્તૃત્વના અને ભેદવાસનાના સંસ્કાર પડેલા છે. આ હકીકતને ખ્યાલમાં રાખીને અને પ્રથમ ભૂમિકાના જીવોની યોગ્યતાને જોઈ-તપાસીને, જ્ઞાની ભગવંતોએ મોક્ષમાર્ગની પ્રાથમિક ભૂમિકાની સાધનામાં પ્રભુદર્શન, ગુરુસેવા, તીર્થયાત્રા, સેવાપરોપકાર, નામસ્મરણ, મંત્રજાપ, ઉપવાસ-એકાસણાં, ઊણોદરી, સાદાં વસ્ત્રપાત્રનો જીવનમાં ઉપયોગ અને મોજશોખની વસ્તુઓના ત્યાગનું વિધાન કરેલ છે. મોટા ભાગના મનુષ્યોને, આ પ્રમાણે વર્તવાથી સ્વાર્થત્યાગની સિદ્ધિ, કષાયની મંદતા અને સત્સંગના પ્રભાવની અસરથી વૈરાગ્યની વૃદ્ધિ થાય છે અને આમ આગળની સાધના કરવા માટે તેમનામાં યોગ્યતા - પાત્રતાની વૃદ્ધિ થાય છે.

આ ભૂમિકામાં ઉપદેશદાતા પુરુષ જો આત્મજ્ઞાની હોય અને આ સાધના દરમ્યાન શિષ્યવર્ગને આત્માદિ પ્રયોજનભૂત તત્ત્વોનો બોધ આપે તો તે સાધકની દૃષ્ટિ પોતાના ઉપયોગ પ્રત્યે જાય છે અને તેને સમજાય છે કે પરમાર્થથી તો આ બધાં અનુષ્ઠાન-જપ-તપ-વ્રતાદિ આત્મશુદ્ધિના લક્ષે અને આત્મશુદ્ધિની સિદ્ધિ માટે કરવાનાં છે. જ્યારે

આમ ખરેખર સમજાય ત્યારે તે સાધકની દૃષ્ટિમાં ‘ઉપયોગ’, ‘ઉપયોગશુદ્ધિ’, ‘ચિત્તશુદ્ધિ’, ‘નિર્મળ અભિપ્રાય’ વગેરે ભાવો ભાસ્યમાન થવા લાગે છે અને જ્યાં વૃત્તિનું ભાવભાસન થયું ત્યાં લોકોત્તર સાધનોનો પ્રારંભ ખરેખર થઈ જાય છે. આમ, ભાવોની નિર્મળતા સાથે જ્યારે સાધક શરીરની અને વાણીની પ્રવૃત્તિને પણ સાત્ત્વિક બનાવે છે અને ભાવો યથાર્થપણે વિશુદ્ધ બને તેવા પ્રયત્નો સહિત, તેને અનુરૂપ અનુકૂળ બાહ્ય સંયોગોમાં પોતાને સંયોજે છે ત્યારે દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેના ભક્તિભાવો વધે છે અને તેનું જીવન ધર્મપ્રવૃત્તિમય બની જાય છે.

- **નિશ્ચય સાધના :**

સ્વાધ્યાય-ધ્યાન વગેરે અંતરંગ તપરૂપ ભાવોની અહીં મુખ્યતા છે. નિશ્ચય સાધના સાક્ષાત્ સંવર-નિર્જરા દ્વારા ત્વરાથી મોક્ષનું સાધન બને છે. ગમે તે પ્રકારની ધર્મપ્રવૃત્તિ વખતે પણ તે સાધકનો લક્ષ પોતાના ભાવોની શુદ્ધિ કરીને, ક્રોધ-અભિમાન-લોભ વગેરે વિકારોની ન્યૂનતા થાય તેવા જાગ્રત ભાવ પ્રત્યે બન્યો રહે છે. આ સંદર્ભમાં તે બુદ્ધિપૂર્વક અશુભોપયોગના ઉત્પાદક બાહ્ય સંયોગોથી દૂર રહીને ‘ઉપયોગ તે ધર્મ’ એ સિદ્ધાંતનું સેવન કરે છે. સમગ્ર કાર્યકલાપમાં તેની દૃષ્ટિ ‘ઉપયોગ’ (નિજભાવ) અને ઉપયોગી (નિજ દ્રવ્ય) તરફ રહે છે, અને વધતી વધતી આત્મજાગૃતિ અને સમત્વની સાધના દ્વારા તે અંતર્મુખતાની સિદ્ધિ કરે છે અને વારંવાર નિર્વિકલ્પ આત્મરસને પીતો પીતો અને તેની વૃદ્ધિ કરતો કરતો સાચા ‘મુનિપદ’ને પ્રગટાવે છે. યોગ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને પામીને, નગરશેઠ-રાજાને ઘેર પ્રાયે જન્મીને અંતિમ જન્મમાં શુદ્ધભાવની પ્રકર્ષતાને સાધીને ક્ષપકશ્રેણીના પરાક્રમ દ્વારા પોતાની સાધનાને પૂરી કરીને તે પૂર્ણ મોક્ષને પ્રાપ્ત કરે છે.

નમસ્કાર હો આવી અવિરુદ્ધ ભગવતી નિર્મળ સાધનાને !

નમસ્કાર હો આવા મહાન સાધકોને !

નમસ્કાર હો તેમના શ્રાવક કે મુનિધર્મને !

નમસ્કાર હો તેમની જાગ્રત જ્ઞાન આનંદમય દશાને !

નમસ્કાર હો તેમના પરમ સંયમ-તપ-ત્યાગમય જીવનને !

નમસ્કાર હો તેમણે પ્રાપ્ત કરેલ અનંત અતીન્દ્રિય આનંદને !

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

• • •

## સમાધિતંત્ર - અમૃતરસપાન

**(પાના નં. ૧૩ પરથી ચાલુ...)**

લાગતું નથી, જગતની કોઈ ચીજ સુંદર લાગતી નથી. જેને ચૈતન્યનો મહિમા અને રસ લાગ્યો છે તેને બાહ્ય વિષયોનો રસ તૂટી ગયો છે. અનાદિના અભ્યાસને લઈને, અસ્થિરતાને લઈને સ્વરૂપમાં અંદર રહી શકાતું નથી એટલે ઉપયોગ બહાર આવે છે પણ રસ વિના - બધું નિઃસાર, ફોતરા સમાન રસ-કસ વગરનું હોય એવા ભાવે બહાર ઊભા છે.’’ જ્ઞાનીની દશાને અહીં આલેખી છે.

- ‘‘મને ન દેખતા લોકો, શત્રુ-મિત્ર ન થાય જો,
  મને જે દેખનાર તે, શત્રુ-મિત્ર ન થાય કો.’’

  **— પૂ. બ્રહ્મચારીજી**

- ‘‘દેખે નહિ મુજને જનો, તો નહિ મુજ અરિ-મિત્ર;
  દેખે જો મુજને જનો તો નહિ મુજ અરિ - મિત્ર.’’

  **— શ્રી છોટાલાલ ગાંધી**

- ‘‘ब्रह्मांड ही जब मुझे नहिं जानता है,
  क्या शत्रु-मित्र वह हो सकता तदा है ।
  या जानता यदि मुझे लखता तथा है,
  तो भी न मित्र रिपु हो सकता अहा ! है ॥’’

  **— પૂ. વિદ્યાસાગરજી મહારાજ**

**(ક્રમશઃ)**

• • •

પરમનો સ્પર્શ - ૮૩

# સ્વાધ્યાય : સ્વજીવનને જોવાની દૃષ્ટિ

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

છેક પ્રાચીન કાળથી ભારતીય સંસ્કૃતિનો મંત્ર રહ્યો છે : 'स्वाध्यायात् मा प्रमदितव्यम्' અર્થાત્ કે 'સ્વાધ્યાયમાં ક્યારેય પ્રમાદ કરવો નહીં.'

આનો અર્થ જ એ કે સ્વાધ્યાય જીવનમાં અવિરત અને નિયમિત ચાલતી ક્રિયા છે. એનુ કારણ એ છે કે વ્યક્તિ પ્રથમવાર ગ્રંથનો અભ્યાસ કરે, ત્યારે એ માત્ર એની સપાટી પરનાં અર્થો મેળવતી હોય છે. બીજી વાર વિશેષ મનન કરીને ગ્રંથ વાંચે, ત્યારે અર્થોના ઊંડાણમાં ઉતરતી હોય છે. ત્રીજી વાર એ ગ્રંથ વાંચે, ત્યારે એના ચિત્તમાં અર્થોના નવા-નવા ઉઘાડ થતા હોય છે. આ જગતના મહાન શાસ્ત્રોની વિશેષતા એ હોય છે કે એ એક સાથે બે-ત્રણ ભૂમિકાએ ચાલતા હોય છે. પહેલી નજરે એનો સ્થૂળ અર્થ કે એની આસપાસની સ્થૂળ ઘટના જાણવા મળે. બીજી નજરે એની સાંસારિક ભૂમિકા સમજાય અને ત્રીજી નજરે એમાં રહેલું આધ્યાત્મિક ઊંડાણ પામી શકાય. આથી જ સ્વાધ્યાયમાં શાસ્ત્રનો નિયમિત અને વારંવાર અભ્યાસ કરવાનું કહ્યું છે.

સ્વાધ્યાય એ જીવનનું નંદનવન છે, જેમાં શાસ્ત્રવૃક્ષ પાસેથી મધુર આચારફળ મળે છે. ચિત્તને શાંતિ આપે એવાં વિચારદાયક પુષ્પો પ્રાપ્ત થાય છે. જીવનને વળાંક આપે તેવી ડાળખીઓ દૃષ્ટિગોચર થાય છે અને શાંતિદાયક એવો એનો છાંયડો હોય છે. મન, બુદ્ધિ અને હૃદય એ ત્રણેને એ તાજગી આપે છે.

એક વાર સ્વામી રામકૃષ્ણ પરમહંસને એમ પૂછવામાં આવ્યું કે "આપ શા માટે રોજેરોજ સાધના કરવાનો આગ્રહ રાખો છો ?

આનો ઉત્તરમાં સ્વામી રામકૃષ્ણ પરમહંસે કહ્યું કે "આપણે રોજેરોજ લોટાને માંજીએ છીએ. જો એને માંજીએ નહીં, તો એના પર ડાઘ લાગે અને કાટ ચઢે." એમ મનને સતત માંજવા માટે સ્વાધ્યાય જરૂરી છે. એનાથી ઉચ્ચ ભાવનાઓમાં અને મહાપુરુષોના ઉત્તમ ચિંતનમાં આપણું ચિત્ત રમમાણ રહે છે. આ સ્વાધ્યાય દ્વારા ઉત્તમ પુરુષોના જીવનના અનુભવો પણ પ્રાપ્ત થાય છે અને એ અનુભવોનું વાચન અને ચિંતન આપણા જીવનને પણ ઉત્તમતા તરફ દોરી જાય છે.

રશિયાના મહાન ફિલસૂફ ગુર્જીયેફને એના પિતાએ અંતિમ સમયે શિખામણ આપી કે કોઈના પર ગુસ્સો ચડે, તો એનો અમલ ચોવીસ કલાક પછી કરવો. ગુર્જીયેફને મળેલી એના પિતાની આ સીધી સાદી શિખામણ એના જીવનમાં અત્યંત ઉપયોગી બની રહી. એને કોઈના પર ગુસ્સો ચડતો તો વિચાર કરતો કે હવે ચોવીસ કલાક પછી એને સખતમાં સખત ઠપકો આપીશ; પરંતુ એ ચોવીસ કલાકમાં ઘણી ઘટનાઓ બની જતી. એનું મન શાંત થતાં એ વિચારમાં પડતો કે ખરેખર સામી વ્યક્તિએ ગુસ્સો કરવો પડે એવું એણે વર્તન કર્યું છે ? કે પછી પોતાના કટુવચને એના મનને ઉશ્કેર્યું અને પછી એ ગમે તેમ બોલી ગયો છે ? ચોવીસ કલાક દરમિયાન એ એવું પણ વિચારે કે સામેની વ્યક્તિ કોઈ મુશ્કેલીમાં હોય અને એની આંતરિક મૂંઝવણને કારણે ગુસ્સે થઈ ગઈ હોય. પરિણામે બનતું એવું કે ચોવીસ કલાક પછી ગુસ્સો કરવાનું કોઈ કારણ જ રહેતું નહીં !

પિતાની એક નાનકડી શિખામણે ગુર્જીયેફના જીવનને તો અજવાળી દીધું; પરંતુ જેમણે ગુર્જીયેફ

પાસેથી એમના ગ્રંથોમાંથી આ પ્રસંગનું શ્રવણ કે વાચન કર્યું, એ સૌના જીવનમાં પણ પરિવર્તન આવી ગયું. આમ, મહાન પુરુષોના અનુભવમાંથી આપણે ઘણું મેળવતા હોઈએ છીએ. અયોધ્યાના સિંહાસન પર રામનો રાજ્યાભિષેક થવાનો હતો અને બીજે દિવસે સવારે એમને રાજસિંહાસનને બદલે વનવાસમાં જવું પડે છે. આ ઘટના જાણનારી અને પચાવનારી વ્યક્તિ એના જીવનમાં આનંદના સમયમાં એકાએક ધસી આવતા આઘાતને સહી શકે છે.

સ્વાધ્યાયની એક વ્યાખ્યા છે : 'સ્વસ્ય સ્વસ્મિન અધ્યયન ઇતિ સ્વાધ્યાયઃ' આનો અર્થ એ કે પોતાના જીવનશાસ્ત્રનું અધ્યયન એ સ્વાધ્યાય. માનવી પોતાના જીવનમાં બનતી ઘટનાઓને ઊંડાણથી જોતો હોય છે. એ ઘટનાઓનો સ્વાધ્યાય કરતો હોય છે. એમાં શુભ અને અશુભને અલગ તારવતો હોય છે. મંગલકારી અને અમંગલકારી બાબતોનો વિચાર કરતો હોય છે અને ત્યારબાદ એ વિચાર પ્રમાણે વર્તન કરતો હોય છે.

શ્રીમદ્ રાજચંદ્રજીના જીવનનો એક માર્મિક પ્રસંગ જોવા મળે છે. તેઓ પૂરી પ્રામાણિકતાથી ઝવેરાતનો વ્યવસાય કરતા. એમણે એક વાર એક સોદો કર્યો અને બાનાની રકમ પણ આપી દીધી. સામેના વેપારી સાથે નક્કી કર્યું કે એણે અમુક ભાવે આટલું ઝવેરાત અમુક તિથિએ આપવું. બંનેએ કરારના કાગળ પર સહી કરી. ઝવેરાતના બજારમાં મોટી ઊથલપાથલ આવી. ભાવ એકાએક વધવા લાગ્યા. બીજી ચીજમાં થોડી તેજી-મંદી થાય, પણ આ તો ઝવેરાત ! ભાવ વધે એટલે ઊંચા આસમાને જ પહોંચી જાય. વેપારીના હોશ-કોશ ઊડવા માંડ્યા. દશા એવી આવી કે વેપારી નક્કી કરેલું ઝવેરાત ખરીદે તો એને ઘરબાર હરાજ કરવાં પડે.

રાયચંદભાઈ ઊથલપાથલથી માહિતગાર હતા. વેપારીની દશા ને વ્યથા કેવી હશે, એનો એમને ખ્યાલ આવ્યો.

સામે પગલે ચાલીને વેપારીની દુકાને ગયા. દૂરથી રાયચંદભાઈને આવતા જોઈને જ વેપારીને તો પરસેવો છૂટવા લાગ્યો. એને તો પોતાનો કાળ સામે આવતો હોય એમ લાગ્યું !

વેપારીએ ધ્રૂજતા અવાજે રાયચંદભાઈને કહ્યું, "માફ કરજો ! હું ગોઠવણ કરી જ રહ્યો છું, ભલે મારું સર્વસ્વ લૂંટાઈ જાય, પણ હું બેવચની નહિ બનું. તમે સહેજે ચિંતા રાખશો નહીં."

રાયચંદભાઈએ કહ્યું, "ચિંતા તને નહિ, પણ મને થાય છે."

વેપારી વચ્ચે બોલ્યો, "ના, તમે ફિકર ન કરશો. હું બધું વેચીનેય કરારનું પાલન કરીશ."

રાયચંદભાઈએ કહ્યું, "ભલા માણસ, મારી અને તારી ચિંતાનું કારણ આ લખાણ જ છે ને ? આ લખાણને કારણે જ તારી અવદશા થાય તેમ છે. તો લાવ ને, તારી અને મારી ચિંતાનો નાશ કરવા આ લખાણનો જ નાશ કરી નાખીએ. આપણે બંને નકામી ચિંતાઓથી ઊગરી જઈશું."

વેપારીએ દયામણા મોંએ વિનંતી કરતા કહ્યું, "પણ આપ એવું શા માટે કરો છો ? હું બે-ત્રણ દિવસમાં મારી જવાબદારી અદા કરી દઈશ."

હજી વેપારી વધુ કંઈ બોલે તે પહેલાં તો રાયચંદભાઈએ એ કરારના કાગળના ટુકડે ટુકડા કરી નાખ્યા. તેઓ બોલ્યા, "ભાઈ, હું જાણું છું કે તમે વાયદાથી બંધાઈ ગયા છો, પણ અત્યારે પરિસ્થિતિ પલટાઈ ગઈ છે. તમે કરાર પ્રમાણે ઝવેરાત આપો, તો ભવિષ્યમાં તમારી શી સ્થિતિ થાય તે હું કલ્પી શકું છું. રાયચંદ, દૂધ પી શકે છે, લોહી નહીં."

વેપારી શ્રીમદ્ રાજચંદ્રના ચરણોમાં ઝૂકી પડ્યો અને બોલ્યો, "તમે માનવ નહિ, પણ

માનવતાની સાક્ષાત્ મૂર્તિ છો !''

આ પ્રસંગ વાંચીને સાધક વિચારશે કે એના જીવનમાં આવા ઔદાર્યનો ઉઘાડ થયો છે ખરો ? એ અન્ય સાથેના વ્યવહારમાં બીજાની દૃષ્ટિએ જોઈ-વિચારી શકે છે ખરો ? માત્ર અંગત સ્વાર્થની ત્રિજ્યામાંથી બહાર નીકળીને પરમાર્થ કાર્ય કરી શકે છે ખરો ? આમ, ગ્રંથ વાંચતા-વાંચતા વ્યક્તિ પોતે પોતાની જાતના અભ્યાસમાં ડૂબી જશે અને અંતે સ્વાધ્યાયનો હેતુ તો એ જ છે કે એને પરિણામે વ્યક્તિ પોતાની જાતની સતત તપાસ કરીને જાગૃત રીતે જીવન ગાળે.

સ્વાધ્યાયનો એક અન્ય અર્થ એ છે કે જે કંઈ તમે અધ્યયનથી પ્રાપ્ત કરો છો, એનો તમારા જીવનમાં અનુવાદ કરો. રામાયણમાં મંથરાની કાનભંભેરણીથી ગુસ્સે થયેલી કૈકેયીએ કામાતુર દશરથ પાસેથી બે વરદાન લીધાં અને એને પરિણામે અયોધ્યામાં અતિ પ્રિય એવા રાજકુમાર રામને વનવાસ મળ્યો. આમાં મંથરાનો દ્વેષ, કૈકેયીનો ગુસ્સો અને દશરથનો કામ એ ત્રણેય બાબતો ભેગી મળી અને આ મહાઅનર્થ સર્જાયો. આના પરથી સાધક એ વિચારશે કે મારા જીવનમાંથી દ્વેષ, ગુસ્સો અને કામ ઓછા થાય તેવા મારે પ્રયત્નો કરવા જોઈએ.

આનું કારણ એ છે કે જો વ્યક્તિનો આત્મા બલહીન હશે, તો એનું જીવન વ્યર્થ છે. જો એનો આત્મા દૃષ્ટિહીન હશે તો એનું જીવન દિશાવિહીન બનશે. આથી એણે જે કોઈ સ્વાધ્યાય કર્યો છે, એને જીવનમાં ઉતારવાનો છે. માત્ર વાંચવાથી કશું ન વળે, એનું જીવનમાં રૂપાંતરણ જરૂરી છે. કામ વિશે વાંચો તેથી કામવાસના પર વિજય આવતો નથી; પરંતુ વ્યક્તિએ એના હૃદયમાં પડેલા કામને ઓળખીને એના પર વિજય મેળવવાનો સભાન અને સબળ પ્રયત્ન કરવો જોઈએ. જેમ કરુણાના પ્રસંગો જાણવાથી સાચી કરુણા પ્રાપ્ત થતી નથી, વર્તનમાં ઉતારવાથી એ કરુણા શોભે છે. રાજમહાલય પર દીવા પ્રજ્વલિત જોઈને વિના કારણે જેનામાં દ્વેષ પ્રજ્વલિત થાય છે એવી મંથરાનો દ્વેષ કેવાં પરિણામો લાવે છે ? આટલું જાણ્યા પછી વ્યક્તિએ પોતાની આંતરખોજ કરવી જોઈએ અને પોતાના હૃદયમાં કોઈનાય પ્રત્યે દ્વેષભાવ પડ્યો હોય, તો તેને દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ અને વળી, એની સાથોસાથ ચિત્તમાં એવો દ્વેષ ઉત્પન્ન કરતા પ્રસંગો ટાળવા જોઈએ. એનું નામ છે સ્વાધ્યાય.

• • •

## મૈત્રીભાવના

**(પાના નં. ૩૦ પરથી ચાલુ...)**

સંદેશમાં ગાયું, ''કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર.'' આ જ તો મૈત્રીભાવનાનું ઉત્તમ સ્વરૂપ છે.

મહાન દિગંબરાચાર્ય કુંદકુંદસ્વામીએ 'નિયમસાર' ગ્રંથમાં કહ્યું,

''સૌ ભૂતમાં સમતા મને કો સાથ વેર મને નહીં,
આશા ખરેખર છોડીને પ્રાપ્તિ કરું છું સમાધિની.''

શ્રીમદ્ રાજચંદ્રે એમના 'વચનામૃત'માં ખુલાસો કર્યો છે કે ધર્મધ્યાનમાં ચાર ભાવનાથી ભૂષિત થવું જરૂરી છે - મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ. અને મૈત્રી એટલે સર્વ જગતના જીવ પ્રત્યે નિર્વેરબુદ્ધિ એમ વ્યાખ્યા કરી છે.

સંસારપરિભ્રમણમાં સ્વર્ગ, નરક અને તિર્યંચ (એટલે પશુ)ના અસંખ્ય ભવોમાં રખડ્યા પછી બહુ જવલ્લે મનુષ્યભવ મળે છે કે જેમાં આધ્યાત્મિક ઉન્નતિ કરી મુક્તિના માર્ગે ચડી શકાય છે. આ સાધનાનું પ્રથમ પગથિયું છે - મૈત્રીભાવના. આપણે સૌ પ્રજ્ઞાપૂર્વક મૈત્રીભાવના કેળવી, આપણા આત્માનું કલ્યાણ કરી આ મનુષ્યભવ સાર્થક કરીએ એ જ પવિત્ર ભાવના. ■ ■ ■

श्री पूज्यपाद आचार्य विरचित

# સમાધિતંત્ર - અમૃતરસપાન

(ક્રમાંક - ૪૨)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

સંસારથી સંતપ્તને શાંતિ આપનાર, પ્રમાદીને પુરુષાર્થ પ્રેરનાર, અધ્યાત્મમાર્ગ પ્રેરનાર પરમ કૃપાળુદેવ પરમસખા પરમ સ્નેહી શ્રી સોભાગને આ વાક્‌ધારામાં કહે છે, "ચિત્તમાં ઉપાધિના પ્રસંગ માટે વારંવાર ખેદ થાય છે જે, આવો ઉદય જો આ દેહમાં ઘણા વખત સુધી વર્ત્યા કરે તો સમાધિદશાએ જે લક્ષ છે તે લક્ષ એમ ને એમ અપ્રધાનપણે રાખવો પડે અને જેમાં અત્યંત અપ્રમાદયોગ ઘટે છે તેમાં પ્રમાદયોગ જેવું થાય. કદાપિ તેમ નહીં તો પણ આ સંસારને વિષે જરૂર સદ્‌વિચારવાન જીવને અલ્પ પણ રુચિ થાય નહીં, એવો નિશ્ચય વર્તે છે. વારંવાર સંસાર ભયરૂપ લાગે છે. ભયરૂપ લાગવાનો બીજો કોઈ હેતુ જણાતો નથી, માત્ર એમાં શુદ્ધ એવું આત્મસ્વરૂપ અપ્રધાન રાખી વર્તવું થાય છે તેથી મોટો ત્રાસ વર્તે છે. અને નિત્ય છૂટવાનો લક્ષ રહે છે; તથાપિ હજુ તો અંતરાય સંભવે છે અને પ્રતિબંધ પણ રહ્યા કરે છે; તેમ જ તેને અનુસરતા બીજા અનેક વિકલ્પથી ખારા લાગેલા આ સંસારને વિષે પરાણે સ્થિતિ છે." અંતરંગ ભાવનાને સૂક્ષ્મભાવે વ્યક્ત કરતાં પરમકૃપાળુદેવ શ્રી સોભાગભાઈને સ્નેહ ભાવે પત્ર પાઠવ્યો છે. સંબોધન પત્રનું થયું છે તે પરમ સ્નેહી સોભાગ છે.

શ્રી પૂજ્યપાદ આચાર્ય રચિત 'સમાધિતંત્ર' ગ્રંથમાં બિન્દુમાં સિન્ધુ ભર્યો છે. અંતરાત્માની સ્વરૂપસ્થિતિ ઉચ્ચદશામાં છે. શત્રુ કે મિત્ર ભાવ તેઓને રહ્યો નથી. આપણે શ્લોક પચ્ચીસમાં સમજ્યા કે તત્ત્વદૃષ્ટિથી વિચારતાં મારા જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ થતાં અહીં જ રાગ-દ્વેષ આદિ ક્ષય પામી જાય છે. એટલે મારે ન કોઈ શત્રુ છે, ન કોઈ મિત્ર છે. પ્રયોગ કરતાં પણ વાત સિદ્ધ થાય છે કે આત્મસ્વરૂપમાં સ્થિતિ કરનારને કોણ મિત્ર અને કોણ શત્રુ ? તેઓ સમતારસ નિમગ્ન છે. હવે શ્લોક છવ્વીસ વિચારીએ.

**मामपश्यन्नयं लोको न मे शत्रुर्न च प्रियः ।**

**मां प्रपश्यन्नयं लोको न मे शत्रुर्न च प्रियः ॥२६॥**

<u>અન્વય :</u>

**माम् अपश्यन् अयं लोकः न मे शत्रुः न च प्रियः**

**माम् प्रपश्यन् अयं लोकः न मे शत्रुः न च प्रियः ॥**

**શબ્દાર્થ :** माम् - મારા (આત્મસ્વરૂપને), अपश्यन् - નહિ દેખતા, अयं - આ, लोकः - આ લોક-અજ્ઞાની પ્રાણીગણ, न मे शत्रुः - મારા શત્રુ નથી, न च प्रियः - મારા પ્રિય નથી, माम् - મારા, प्रपश्यन् - આત્મસ્વરૂપને જોતાં, अयं - આ, लोकः - આ જ્ઞાનીજન, न मे शत्रुः - મારા શત્રુ નથી, न च प्रियः - મારા પ્રિય નથી.

**ભાષાન્તર :** મારા આત્મસ્વરૂપને નહિ દેખતો આ પ્રાણીગણ મારો શત્રુ નથી અને મિત્ર નથી. તથા મારા સ્વરૂપને યથાર્થપણે દેખતો આ જ્ઞાની ગણ ન મારો શત્રુ છે અને ન મિત્ર છે.

**ભાવાર્થ :** અંતરાત્માએ અંતરની વાત કહી છે. જે જ્ઞાનસ્વરૂપમાં કેલિ કરે છે તેથી તેને કોઈ શત્રુ કે મિત્ર નથી. બધે સમભાવ સહિત રહે છે. હવે અંતરાત્માને કોઈ પૂછે છે કે તમે સમભાવે જીવો છો તેથી તમારે કોઈ શત્રુ-મિત્ર નથી પણ તમને કોઈ શત્રુ કે મિત્ર માને એવું બની શકે.

તેના જવાબ રૂપે આ શ્લોક આચાર્યશ્રીએ

મૂક્યો છે. અંતરાત્મા વિચારે છે કે મારે કોઈ શત્રુ કે મિત્ર નથી. જ્ઞાનસ્વરૂપ આત્મામાં નિજાશ્રયમાં રહું છું. તેનું અવલોકન છે કે અજ્ઞાનીજનો મારા જ્ઞાન સ્વરૂપ આત્માને જાણતા નથી. આત્મા અતીન્દ્રિય અમૂર્તિક, અરૂપી છે. આત્માને જોવા અસમર્થ છે. અજ્ઞાનીજનો મારા શત્રુ કે મિત્ર કેમ હોઈ શકે ? કોઈ વિકલ્પ કરે કે તમારી સાથે શત્રુ, મિત્રતા રાખે પણ અંતરાત્મા કહે છે કે જડ અચેતન શરીર એ હું નથી. હું જ્ઞાન સ્વરૂપ આત્મા છું તે રીતે તે વાત બની શકતી નથી.

હવે વાત રહી જ્ઞાનીજનોની કે મારી સાથે શત્રુ કે મિત્રભાવ કેવી રીતે રાખે ? જ્ઞાનીજનો જ્ઞાનસ્વરૂપ આત્મામાં જીવે છે. મને જુએ તો પણ મારા જ્ઞાનસ્વરૂપ આત્માને જુએ તેથી તેઓને શત્રુ કે મિત્રતા કેવી રીતે હોઈ શકે ?

**વિશેષાર્થ :** શ્રી પૂજ્યપાદ આચાર્ય સમાધિ સ્થિતિ સાધી શકાય તેની ગહનતાથી દૃષ્ટિપ્રધાન દૃષ્ટિથી સત્ય તત્ત્વને સમજાવે છે. પ્રત્યેક શ્લોકમાં સમાધિભાવની ગુંજાઈશ છે. પ્રત્યેક શ્લોકમાં સમાધિનું સર્જન છે. ગુંજન છે અને નર્તન છે. સાધક યોગ્યતા પ્રાપ્ત કરી તત્ત્વદૃષ્ટિથી આત્મલક્ષ સાધે તો સિદ્ધત્વને સ્પર્શી શકે તેવી સમર્થતા આ ગ્રંથથી પ્રગટ થઈ શકે છે.

**[૧] मां अपश्यन अयं लोकः न मे शत्रुः न च मित्रः**

પૂ. આચાર્યદેવ અંતરાત્મા દ્વારા જડ અને ચેતનના ભેદજ્ઞાનને સરળતાથી સમજાવ્યું છે. આત્મા જ્ઞાન, આનંદ, સુખ, સમાધિ વગેરે અનંત અનંત ગુણસંપન્ન, અનંત શક્તિથી પૂર્ણ છે. જ્ઞાતાદૃષ્ટા છે. સાક્ષી સ્વરૂપા છે. પૂજ્ય કાળીદાસભાઈ કહે છે તેમ,

“સર્વ વ્યાપકપણે સાક્ષી તું સર્વદા,
જ્ઞાન ગુણ લક્ષણે ભિન્ન ભાસે;
શુદ્ધ ઉપયોગી તું ચિન્હ ચૈતન્યઘન.
અચલ, અવિનાશી ગુણ કેમ નાશે.
મોહની નિંદમાં સૂઈ મત રહો સદા...”

અચલ, અવિનાશી, શુદ્ધ, ચૈતન્યઘન, સદા શુદ્ધતામાં ટકનાર છે. જ્યારે શરીરના લક્ષણો ભિન્ન છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, રૂપીપણું, અચેતનપણું, ગળવું-મળવું વગેરે આ શરીરના ગુણધર્મો છે.

હવે જ્યારે અજ્ઞાની લોકો મારા જ્ઞાન સ્વરૂપને ઓળખતાં નથી કારણ જ્ઞાન સ્વરૂપી આત્મા અમૂર્તિક છે. અરૂપી છે. અચેતન છે. અંતરાત્મા કહે છે કે મારા જ્ઞાનસ્વરૂપ-ચૈતન્યપ્રભુને જાણતા નથી. અજ્ઞાનીજનોએ આત્મા જાણ્યો નથી. ભ્રાન્તિની ભૂતાવળમાં પડ્યા છે. તેથી મારા મિત્ર કે શત્રુ તેઓ બનતા નથી. અને બીજું કે તેઓ આ જડ શરીરને જુએ અને જડ શરીરના શત્રુ કે મિત્ર થાય તો હું ચેતન-શુદ્ધ આત્મપદાર્થમાં નિવાસ કરું છું. જડ શરીર ખરેખર મારું નથી. હું શરીર રૂપ નથી. શરીર મારા રૂપ નથી. બંને તત્ત્વો અનાદિ અનંત ભિન્ન છે. ભિન્ન જ રહેવાના છે તેથી મિત્ર કે શત્રુ બની શકતા નથી. આ શ્લોકથી અર્થાત્ આ વિચારણાથી અંતરાત્માની આત્મદૃષ્ટિ વધુ દૃઢ થાય છે.

પૂ. બ્રહ્મચારીજી નોંધે છે - “અંતરાત્માને દેહને આત્મા માનવાની ભ્રાન્તિ છૂટી ગઈ હોવાથી, સદ્‌ગુરુ ઉપદેશથી ઉપયોગ સ્વરૂપ અવિનાશી આત્માને આત્મા માનું છું અને ઉપયોગ પ્રત્યે ઉપયોગને વાળીને પોતાનો અનુભવ કરું છું.” વિશેષ કહે છે કે હું દેહ સ્વરૂપ નથી. જે લોકો મારા આત્માને જાણતા નથી કે દેખતાં નથી તે મારા આત્માના શત્રુ કે મિત્ર ક્યાંથી થાય ? જેને ઓળખતા જ ન હોઈએ તે વિષે ‘આ શત્રુ છે’ એવી કલ્પના કેમ કરી શકાય ? એટલે પ્રથમ જેને દેખીએ તેની સાથે બનાવ-અણબનાવ થતાં મિત્ર કે શત્રુની કલ્પના થાય છે. તેથી મને ન દેખનારા મારા શત્રુ કે મિત્ર બનવાનો સંભવ જ નથી. અજ્ઞાની જીવ દેહને દેખતા હોવાથી મને દેખતા નથી. તેથી દેહના શત્રુ મિત્ર

ગણાય. પણ મારા આત્માને જાણતાં ન હોવાથી તે મારા આત્માના શત્રુ મિત્ર નથી.

તેમજ હું તો આત્મા છું તેથી જે મને આત્મા રૂપે દેખે છે તે તો આત્મજ્ઞાની છે. આત્મજ્ઞાની તો શત્રુ કે મિત્રની કલ્પના કરતાં નથી. બાહ્ય ચેષ્ટાનું તેઓને મહત્ત્વ નથી. "આત્માથી સૌ હીન" એમ માનનારા મારા પ્રત્યે શત્રુપણું કે મિત્રપણું રાખતા નથી. કર્મબંધનથી છૂટી મોક્ષ પ્રાપ્ત કરવાની ભાવનાવાળા આત્મજ્ઞાની રાગદ્વેષ કરી શત્રુ-મિત્રતા જે સંસારનું કારણ છે, તે આરાધવા ઈચ્છતા નથી. જ્ઞાની મહાત્માના રાગદ્વેષ ટળેલા હોવાથી તે મારા આત્માને દેખે છે. રાગ-દ્વેષ ન હોવાથી શત્રુ મિત્રની કલ્પના તેમને થતી નથી. અંતરાત્મા કહે છે કે જ્ઞાની કે અજ્ઞાની કોઈ મારા શત્રુ કે મિત્ર નથી. સમાધિભાવમાં રહે છે. સમતાભાવને ટકાવી રાખે છે. અંતરદશામાં આગળ વધતાં જાય છે.

**[૨] मां प्रपश्यन् अयं लोकः न मे शत्रुः न च प्रियः**

મને આત્મસ્વરૂપ દેખતા હોવાથી જ્ઞાનીલોકો મારા પ્રતિ શત્રુ કે મિત્ર નથી. વસ્તુ સ્વરૂપ પ્રત્યે નહિ જણાયેલા પદાર્થો ઉપર રાગાદિની ઉત્પત્તિ થાય તો અતિપ્રસંગ આવે માટે. જ્ઞાની લોકો મારા જ્ઞાનસ્વરૂપને જાણે છે તેથી શત્રુ-મિત્ર નથી તેમજ જે જ્ઞાનીજનો છે તે નિજ આત્મસ્વરૂપમાં છે તેને શત્રુ અને મિત્રની કલ્પના હોતી નથી. સ્વાશ્રયમાં મગ્ન છે. કદાચ બહાર આવે છે તો પણ અન્યમાં શત્રુ-મિત્રની કલ્પના તેઓને હોતી નથી. તે દૃષ્ટિએ તેઓ શત્રુ-મિત્ર નથી.

શ્રી જ્ઞાનભૂષણજી - 'તત્વજ્ઞાન તરંગિણી' અધ્યાય ચારમાં કહે છે, "મેં અનુભવથી જાણ્યું છે કે આ આત્મા મહાશક્તિશાળી છે. ચમત્કારી છે. કારણ કે એકલો જ સર્વ લોક-અલોકને અંતરમાં - જ્ઞાનમાં સમાવી દે છે." આત્મમહિમાની બલિહારી છે.

જે જીવધર્મમાં સ્થિર છે તેની સર્વ લોકમાં કીર્તિ થાય છે. ધર્મમાં સ્થિર હોવાથી સર્વ જીવો તેનો વિશ્વાસ કરે છે. સમભાવે સ્થિત છે તેથી રાગ-દ્વેષના ભાવમાં ભળતો નથી. પોતાના અને અન્યના ભાવોને ઉજ્જવળ કરે છે. કોઈને તેના માટે કલુષતા રહેતી નથી. તેમ તેને પણ કોઈ ઉપર કલુષતા રહેતી નથી. જે જીવ ધર્મમાં સ્થિર થાય છે તે સમાધિને પામે છે.

અંતરાત્મા પાસે ભેદજ્ઞાનનો મહામંત્ર છે. આત્મા અને શરીર અનાદિકાળથી ભિન્ન છે. સદા ભિન્ન જ રહેવાના છે કારણ કે બંને દ્રવ્યો સદા ભિન્ન છે. આ ભિન્નતાનું જ્ઞાન સમાધિનું કારણ બને છે. જડ અને ચેતન બંને છે. જડ જડભાવે પરિણમે છે. ચેતન ચેતન ભાવે પરિણમે છે. ચેતન-જ્ઞાન સ્વરૂપ છે. આનંદ સ્વરૂપ છે. ચારગતિમાં પરિભ્રમણ થાય છે, છતાં ચેતન પોતાની ચેતનતા છોડે નહિ. અરે ! નરક નહિ પણ નિગોદના જીવોમાં પણ જ્ઞાન સ્વરૂપ - અસંખ્યપ્રદેશી આત્મા સિદ્ધ જેવો જ છે. બાહ્ય અવસ્થામાં ફેર છે. અંતરાત્માને જડ-ચેતનની ભિન્નતા ભાસી ગઈ છે. સદ્ગુરુના બોધવચનોને, જ્ઞાનીની આજ્ઞાને પૂર્ણપણે આરાધતા - ઉપયોગને વારંવાર નિજ સ્વરૂપમાં લઈ જાય છે. અનંત પુરુષાર્થી બની માત્ર ને માત્ર આત્માનો આરાધ જગાડે છે. આત્મરામી બને છે.

પૂ. બેનશ્રી ચંપાબેનની સાક્ષાત્ સરસ્વતી કહે છે, "જેમ બીજ વાવે છે તેમાં પ્રગટ રૂપે કાંઈ દેખાતું નથી. છતાં વિશ્વાસ છે કે 'આ બીજમાંથી વૃક્ષ ફાલશે, તેમાંથી ડાળા, પાંદડા, ફળ આવશે' પછી તેનો વિચાર આવતો નથી; તેમ મૂળ શક્તિરૂપ દ્રવ્યને યથાર્થ વિશ્વાસપૂર્વક ગ્રહણ કરવાથી નિર્મળ પર્યાય પ્રગટ થાય છે; દ્રવ્યમાં પ્રગટ રૂપે કાંઈ દેખાતું નથી તેથી વિશ્વાસ વિના 'શું પ્રગટશે' એમ થાય. પણ દ્રવ્ય સ્વભાવનો વિશ્વાસ કરવાથી નિર્મળતા પ્રગટવા લાગે છે. સમ્યક્દૃષ્ટિને આત્માને છોડીને બહાર કાંઈ સારું

**(અનુસંધાન પાના નં. ૭ પર...)**

# શ્રી દર્શનસ્તુતિ - એક અનુચિંતન

**(રચયિતા : પંડિતવર્ય દૌલતરામજી) (ક્રમાંક - ૬)**

**આધાર : પૂજ્યશ્રી આત્માનંદજીના સ્વાધ્યાય તથા અન્ય વિવેચન**

**પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી**

**(ગાથા - ૬)**

**अष्टादश दोष विमुक्त धीर,**
**स्वचतुष्टयमय राजत गंभीर;**
**मुनि गणधरादि सेवत महंत,**
**नव केवललब्धि रमा धरंत ।**

**શબ્દાર્થ :** હે પ્રભુ ! આપ અઢાર દોષોથી રહિત છો તથા અનંતચતુષ્ટયયુક્ત અંતરંગ વૈભવથી શોભાયમાન છો, અનંત ધૈર્યના ધારક છો, ગુણોમાં ગંભીર છો, કેવળજ્ઞાનાદિ નવ ક્ષાયિકભાવો પ્રગટ થવાને લીધે મહામુનીશ્વરો અને ગણધર આદિ આપની સેવા કરે છે.

## વિશેષ વિચારણા

કેવળજ્ઞાની પરમાત્મા તીર્થંકર ભગવાન અઢાર દોષોથી રહિત થઈ ગયા છે કે જે દોષોથી જગતના સમસ્ત જીવો ગ્રહાયેલા હોય છે. તે દોષો આગમમાં આ પ્રમાણે કહ્યાં છે – ક્ષુધા, તૃષા, ઘડપણ (વૃદ્ધાવસ્થા) રોગ, જન્મ, મરણ, ભય, મદ, રાગ, દ્વેષ, મોહ, આશ્ચર્ય, અરતિ, ખેદ, શોક, નિદ્રા, ચિંતા અને સ્વેદ (પરસેવો).

**ધીર :** ભગવાનને અનંત ધૈર્ય પ્રગટી ગયું છે. અનંતકાળ સુધી અનંત આનંદ ભોગવશે છતાં થાક નહીં લાગે.

**સ્વઅનંતચતુષ્ટયનું પ્રાગટ્ય :** ભગવાનના અનંતચતુષ્ટય યુક્ત અનંત વૈભવનું વર્ણન વાણીમાં ન આવી શકે.

- યોગીશ્વર નવ જાણે ભેદો, ગુણલા ગાતાં થાકે વેદો;
  પામર ક્યાંથી જાણે પુનિતને, ગુણ ગુણના ભંડાર પ્રભુજી,

**– શ્રી પુનિત મહારાજ**

- જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
  કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
  તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?
  અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો...
  અપૂર્વ અવસર...

**– શ્રીમદ્ રાજચંદ્રજી**

- શ્રી અમિતગતિ અગમ્ય પ્રભુજી ગુણ અસીમ છે આપના,
  આ દાસ તારો હૃદયથી ગુણ ગાય તુજ સામર્થ્યના.

**– શ્રી અમિતગતિ સામાયિક પાઠ**

**ગંભીર :** આપનામાં અનંત ગુણો ખીચોખીચ ભરેલા હોવાથી આપની મુદ્રા પણ અત્યંત ગંભીર - શાંતરસથી શોભાયમાન બની ગઈ છે.

સ્વઅનંતચતુષ્ટયનું પ્રાગટ્ય ચાર ઘાતીકર્મોના ક્ષયથી થાય છે :

**૧. અનંત જ્ઞાન :** કેવળજ્ઞાનને આવરણ કરનારા કેવળજ્ઞાનાવરણીય કર્મનો સંપૂર્ણ ક્ષય થઈ જવાથી ભગવાન સ્વને તથા લોકાલોકના સમસ્ત પદાર્થોને તેમની ભૂત-ભાવિ-સાંપ્રત પર્યાયો સહિત એક સમયમાં યુગપત્ જાણે છે.

**૨. અનંત દર્શન :** ભગવાન સ્વસત્તા સહિત સંપૂર્ણ લોકાલોકના પદાર્થોની સત્તા માત્રનો એક સમયમાં સામાન્ય પ્રતિભાસ કરે છે.

**૩. અનંત સુખ :** મોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય થઈ જવાથી સ્વાત્મામાં જ ભગવાનને અતીન્દ્રિય અનંત આનંદ પ્રગટી જાય છે.

**૪. અનંત વીર્ય :** અંતરાય કર્મના ક્ષયથી

ભગવાન અનંત શક્તિના ધારક બને છે.

**નવ કેવલલબ્ધિ :** કેવળી ભગવાનને નવકેવલ લબ્ધિઓ પ્રગટે છે, જે આ પ્રમાણે છે :

ચાર અનંતચતુષ્ટ્ય (ઉપર જણાવ્યા પ્રમાણે) અને પાંચ લબ્ધિ અંતરાય કર્મના ક્ષયથી પ્રગટ થાય છે :

**૧. અનંત લાભ :** લાભાન્તરાયકર્મના ક્ષયથી ભગવાનને આત્માના અનંત ગુણોરૂપી વૈભવનો લાભ થાય છે. તથા વ્યવહારથી પ્રતિસમય અનંત શુભ પુદ્‌ગલ પરમાણુ તેમના પરમઔદારિક શરીરને શોભાયમાન કરે છે તથા શાતા પહોંચાડે છે.

**૨. અનંત દાન :** વ્યવહારથી ભવ્ય જીવોને અનંતજ્ઞાનનું દાન કરવામાં નિમિત્ત થાય છે. દિવ્યધ્વનિ દ્વારા મોક્ષપ્રાપ્તિના માર્ગનું દાન કરે છે.

**૩. અનંત ભોગ :** નિશ્ચયથી પૂર્ણ આનંદની એક પર્યાયનો પ્રતિસમય ભોગ કરે છે તથા વ્યવહારથી પુષ્પવૃષ્ટિથી દિવ્યપુષ્પોની સુગંધનો ભોગ કરે છે.

**૪. અનંત ઉપભોગ :** નિશ્ચયથી નિજ આત્મદ્રવ્યમાંથી નીકળતા અતીન્દ્રિય આનંદનો નિરંતર ઉપભોગ તથા વ્યવહારથી સિંહાસન, છત્ર, ચામર આદિ અતિશયનો ઉપભોગ.

**૫. અનંત સમ્યક્‌ત્વ :** દેહથી ભિન્ન ચૈતન્યદ્રવ્યની પ્રતીતિનો પૂર્ણ વિકાસ - અનંત કે ક્ષાયિક કે અક્ષય સમ્યક્‌ત્વ.

ઉપર પ્રમાણે ભગવાનનો નિશ્ચય વૈભવ પ્રગટે છે અને વ્યવહારથી **બાહ્ય વૈભવ** પણ પ્રગટે છે. તે નિમિત્ત - નૈમિત્તિક સંબંધ છે.

તેમનું શરીર અત્યંત શુભ પરમાણુઓથી બનેલું હોય છે તેથી પરમઔદારિક કહેવાય છે. વજ્રઋષભનારાચસંહનન હોય છે - અતુલબળના ધારક હોય છે. સમચતુસ્રસંસ્થાન હોય છે. એકએક અંગ દિવ્ય પરમાણુઓનું બનેલું હોય છે. અતિશય સુંદરરૂપ હોય છે. બાહ્ય સ્વરૂપ જોઈને જગતના લોકો સ્તબ્ધ થઈ જાય છે. તેમનો અંતરંગ અનંત આનંદ મુખકમળમાંથી ઉભરાઈ જાય છે. તીર્થંકર ભગવાન મહાવૈભવશાળી સમવસરણમાં સિંહાસન ઉપર રચિત કૃત્રિમ કમલાસનના ઉપર ચાર આંગળ આકાશમાં બિરાજે છે. તેમની પ્રસન્ન શાંતમુદ્રા જોઈને મહામુનીશ્વરો, ત્યાગીઓ ગણધરો, રાજા-મહારાજાઓ મોહ પામી જાય છે. તેથી તનથી, મનથી, ધનથી અને આત્માથી તેમની સેવામાં લીન બની જાય છે.

આપણે સંસારના ક્ષણિક નાશવંત સુખનો મોહ છોડી આવા નિર્દોષ નિર્વિકાર સચ્ચિદાનંદ સ્વરૂપી ભગવાનનું અચિંત્ય માહાત્મ્ય લાવી તેમના શરણે જવાનું છે. તેમનું શરણ પ્રથમ સ્વીકારવું કઠિન પડે છે. તેથી તેમના લઘુનંદન એવા મહામુનીશ્વરો અને જ્ઞાનીપુરુષો કે જેઓ પણ અંશે નિર્દોષ નિર્વિકાર બાળકવત્ તથા ધીર ગંભીર હોય છે. તેમના શરણે જવું અને તેઓ જ આપણને સ્વચતુષ્ટ્યયુક્ત પરમાત્માનું મિલન કરાવી દેશે.

- આત્મા ઔર પરમાત્મા અલગ રહે બહુ કાલ;
  સુંદર મેલા કર દિયા સદ્‌ગુરુ મિલા દલાલ.

**— ભક્તકવિ સુંદરદાસ**

- પડી પડી તુજ પદ પંકજે, ફરી ફરી માંગું એજ;
  સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દઢતા કરી દેજ.

**—શ્રીમદ્ રાજચંદ્રજી**

- મન મધુકર વર કરજોડી કહે,
  પદકજ નિકટ નિવાસ જિનેસર,
  ઘનનામી આનંદઘન સાંભળો,
  એ સેવક અરદાસ જિનેસર

**— યોગીશ્વર આનંદઘનજી**

- આમાં જ તું પ્રીતિવંત બન, આમાં જ થા સંતુષ્ટને;
  આનાથી બન તું તુપ્ત, તુજને સુખ અહો ઉત્તમ થશે.

**— શ્રી સમયસાર ૨૦૬**

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

# શ્રાવકાચાર (એકદેશ ચારિત્ર)
(ક્રમાંક - ૩)

બા.બ્ર.શ્રી સુરેશજી

(ગતાંકથી ચાલુ...)

શ્રાવકના ૨૧ ગુણોમાંથી ૧ થી ૮ ગુણો વિષે ગતાંકમાં જાણ્યું. આ અંકમાં શ્રાવકના ૯ થી ૧૬ ગુણો પર વિચારણા કરીશું.

**(૯) ગરિષ્ટ :-**

**"આધિક્ય પરિમાણ યુક્ત ભારેપણાને ગરિષ્ટ કહે છે. ગુણાધિક્યને ગુણ ગરિષ્ટ કહે છે."** શ્રાવકમાં ક્ષમાદિ અનેક ગુણોનું પ્રાગટ્ય થવાથી તેને ગુણ ગરિષ્ટ કહે છે. સમ્યદગ્દર્શન શ્રાવકનો મૂળ આધાર છે. સમ્યક્ત્વ પ્રગટ થતાં જ સાધકમાં જે ગુણોનું પરિણમન અત્યાર સુધી મિથ્યાત્વના પ્રભાવથી અશુદ્ધરૂપ થઇ રહ્યું હતું તે જ ગુણ સમ્યક્ત્વના સદ્ભાવના કારણે વિશુદ્ધરૂપ પરિણત થઇ જાય છે. અર્થાત્ આત્મા સમ્યક્દષ્ટિ થઇ જવાથી શેષ સર્વ ગુણો પણ સમ્યક્ થઇ જાય છે તે સાધક ગુણગુણનો ભંડાર થઇ જાય છે. તેની અભિવ્યક્તિ સાધકમાં ગંભીરતાથી થાય છે અર્થાત્ ગરિષ્ટતાનું બાહ્ય લક્ષણ સ્વભાવમાં ગંભીરતા આવવી તે છે. ગંભીરતા સર્વ ગુણોમાં પ્રધાન ગુણ છે. સાધકમાં અન્ય ઘણા ગુણ હોય પરંતુ ગંભીરતા ન હોય તો તેના વ્યક્તિત્વમાં ઉછરંગપણું (હલકાપણું) રહે છે અર્થાત્ તથારૂપ પ્રભાવી, શાંત, સ્થિર સ્વભાવ બની શકતો નથી માટે **"મહાપુરુષ ધીર, વીર અને ગંભીર હોય છે"** એમ કહેવાય છે. અજાગૃતિપૂર્વક ઉતાવળાપણું, બોલકાપણું (અનાવશ્યક બોલતા રહેવું), શારીરિક ચંચળતા, ચંચળ ચિત્ત, જલદી નારાજ થવું (અબોલા લેવા), ક્ષણમાં હર્ષિત થઇ જવું, ક્ષણમાં શોક ગ્રસ્ત થઇ જવું એ બધા અગાંભીર્ય વ્યક્તિત્વના લક્ષણ છે. તેનાથી વિપરીત ઠરેલ વ્યક્તિત્વ તે ગંભીરતાનું લક્ષણ છે. અર્થાત્ અનેક ગુણોથી ઘનીભૂત થયેલ ગંભીર શ્રાવક ગુણગરિષ્ટ કહેવાય છે.

**(૧૦) સબકો ઇષ્ટ :-**

**"ઇચ્છા કરવાને યોગ્ય હોય તેને ઈષ્ટ કહે છે અથવા હિતસ્વીને ઈષ્ટ કહે છે."** જે બધાના માટે હિતકારી અને ઇચ્છવાયોગ્ય તેને **'સબકો ઈષ્ટ'** (બધાને ઈષ્ટ) જાણવા જોઇએ. મૈત્રી અને કરુણા ભાવથી યુક્ત હોવાથી શ્રાવક બધાને હિતસ્વી થઇ જાય છે તથા કપટ રહિત નિશ્છલ, નિઃસ્વાર્થ પ્રેમપૂર્ણ હૃદયવાળા હોવાથી શ્રાવક બધાને પ્રિય થઇ જાય છે. જેમ કે અપક્ષપાતરૂપથી પોતાની સુગંધ આપવાના સ્વભાવના કારણે ખીલેલા સુગંધિત ફૂલ તરફ બધા આકર્ષિત થાય છે એવી રીતે જ નિશ્છલ પ્રેમાદિ ગુણોની સુગંધથી મહેકેલ સાધકથી દરેક આકર્ષિત તથા લાભાન્વિત થાય છે. આવા સાધકની શત્રુ પણ મનમાં પ્રશંસા કરે છે. અર્થાત્ તેઓ અજાતશત્રુ હોય છે.

**(૧૧) શિષ્ટપક્ષી :-**

**"શિષ્ટ અર્થાત્ સદાચારનો પક્ષ લેનારને શિષ્ટપક્ષી કહે છે."** અહીં સદાચારથી અભિપ્રાય વ્રતાદિથી ન હોઇને સામાન્ય સભ્ય વ્યવહારથી છે. એક શ્રેષ્ઠ શ્રાવકનું જીવન પોતાની સભ્યતા તથા સંસ્કૃતિને યોગ્ય શ્રેષ્ઠ પરંપરાઓ,શ્રેષ્ઠ જીવનમૂલ્યો તથા શ્રેષ્ઠ આચાર-વિચારથી યુક્ત હોય છે. એક સારો શ્રાવક યોગ્ય લોકવ્યવહારમાં નિપુણ હોય છે. પોતાની લૌકિક પરંપરાઓનો જાણકાર અને પાલન કરનાર હોય છે. તથાકથિત અધ્યાત્મના નામ પર યોગ્ય લોકવ્યવહારનો લોપ કરનાર હોતો નથી.

**(૧૨) મિષ્ટવાદી :-**

**"હિત, મિત અને કષાયરહિત નિર્મળ અભિપ્રાયથી યુક્ત વાણીને મિષ્ટવાણી કહે છે અને આવી મિષ્ટવાણી બોલનારને મિષ્ટવાદી કહે છે."** જે સામેવાળાના કલ્યાણનું નિમિત્ત બને એવા વચનોને હિતવચન કહે છે. જેમાં સમય તથા શક્તિ ઓછી ખર્ચ થાય તેને મિત વચન કહે છે અથવા આવશ્યકતાથી વધારે ન બોલવું તે મિતવચન કહેવાય છે. જે કપટ, સ્વાર્થ તથા પક્ષપાત રહિત વચન હોય તેને કષાયરહિત કે પ્રિયવચન કહેવાય છે. ઉપરોક્ત સર્વ લક્ષણોથી યુક્ત થયેલ શ્રાવક મિષ્ટવાદી ગુણથી સુશોભિત રહે છે.

**(૧૩) દીરઘ વિચારી :-**

**"સુદૂર (દીર્ઘ) ભવિષ્યકાલીન પરિણામોનો વિચાર કરનારને દીર્ઘ વિચારી કહેવાય છે."** એક સાચો શ્રાવક વિચાર્યા વિના ઉતાવળમાં એવું કોઇ કામ કરતો નથી કે જેથી તેને પાછળથી પસ્તાવાનું કારણ બને અથવા કાલાન્તરમાં પોતાને જ બંધનનું કારણ બની જાય. જેમ કે કોઇ શ્રાવકને એક ભવ્ય મંદિર બનાવવાનો ભાવ થયો પરંતુ તેની પાસે તેને અનુરૂપ સમય તથા ધનશક્તિ નથી. અતિ ઉત્સાહમાં આવીને તે મંદિર બનાવવાનું કામ શરૂ તો કરી દે છે પરંતુ ધનાદિની યોગ્ય વ્યવસ્થા ન થઇ શકવાથી સદાય તેનું મન ચિંતાગ્રસ્ત રહે છે અને તેનો અધિક સમય ત્યાં ખર્ચ થઇ જવાથી તે પોતાના નિત્ય આવશ્યક દેવપૂજા, સામાયિક, સ્વાધ્યાય આદિ માટે પણ સમય કાઢી શકતો નથી અને જો કાઢી પણ લે તો તેને ઉપર ઉપરથી તે માત્ર કરવા ખાતર કરી લે છે તેમાં ચિત્ત લાગી શકતું નથી કારણ કે તેનું અંતઃકરણ મંદિર બનાવવા માટે આવશ્યક ધનસંગ્રહ આદિની ચિંતાથી જ ગ્રસ્ત રહે છે તથા અન્ય નોકરી, કુટુંબીજન આદિ પ્રત્યેના કર્તવ્યોને પણ તે ઢંગથી નિભાવી શકતો નથી. માનસિક તનાવ વધતો જાય છે, જેથી અન્ય કાર્યોમાં પણ મન લાગતું નથી તથા તે કામ (મંદિરનું કામ) પણ હવે તેને બોજારૂપ (ભારરૂપ) લાગવા લાગે છે. હવે તે કામને વચમાં જ છોડી દે છે અથવા યેન કેન પ્રકારે જેવું તેવું પૂરું કરે છે પરંતુ ભાવથી કરતો નથી. આ દશા વાસ્તવમાં આર્ત્તધ્યાનની છે. પરંતુ તેને ભાવોનું સ્વરૂપ ખ્યાલ ન હોવાથી અથવા આત્મદશા પર લક્ષ્ય ન હોવાથી હું ખૂબ સારું કરી રહ્યો છું એવું લાગે છે. કારણ કે આગમમાં મંદિર બનાવવું તે મહાપુણ્યનું કારણ કહ્યું છે. પરંતુ પોતાના સામર્થ્યથી વધારે કોઇ પણ કામ કરવાથી તેનાથી લાભ ની જગ્યાએ હાનિ થવાની સંભાવના વધારે રહે છે. અથવા પુણ્ય કાર્ય પણ પાપરૂપ થઇ જાય છે. કારણ કે પાપ-પુણ્યનો બંધ બહુતાંશ તો ઉપયોગ અર્થાત્ પરિણામોથી થાય છે અને અતિવ્યાકુળ ચિંતાગ્રસ્ત આર્ત્ત પરિણામોથી તો પુણ્યની જગ્યાએ પાપનો જ બંધ થાય છે. તેથી શ્રેષ્ઠ શ્રાવક પોતાના સામર્થ્યનો વિચાર કરીને સામર્થ્યને છુપાવ્યા વિના, પરિણામો તરફ લક્ષ રાખીને દીર્ઘદષ્ટા બનીને પ્રત્યેક કાર્ય કરે છે. આ ગુણનું નામ જ દીર્ઘવિચારી છે. તાત્પર્ય એ છે કે પ્રત્યેક કાર્ય પોતાની શક્તિ અનુસાર અને તેના પરિણામોનો ગહન વિચાર કરીને કરવું જોઇએ. પરંતુ એ પણ ધ્યાન રાખવું જોઇએ કે માત્ર આપણે વિચાર જ કરતા ન રહી જઇએ અથવા પરિણામોની આશંકાથી ઉદ્યમ જ ન કરીએ તો દીર્ઘવિચારીની જગ્યાએ દીર્ઘસૂત્રી બની જઇશું.

**(૧૪) વિશેષજ્ઞ :-**

**"વસ્તુના વિશેષ જ્ઞાનને વિશેષજ્ઞતા કહે છે. એવા વિશેષજ્ઞાનીને વિશેષજ્ઞ કહે છે."** અહીં વિશેષ જ્ઞાનથી તાત્પર્ય ધાર્મિક તથા વ્યવહારિક ક્રિયાઓથી છે. પૂજાની વિધિ, આહાર બનાવવો તથા દાનની વિધિ, દેવ, ગુરુ, જિનાલય આદિની વંદનાની વિધિ, વૈયાવૃત્યની વિધિ, પંચકલ્યાણક, જિનાભિષેક આદિ

અનુષ્ઠાનોની વિધિ, જન્મ તથા મૃત્યુના સંસ્કારોની વિધિ, સૂતક-પાતક આદિની વિધિ, ઉપનયન સંસ્કાર આદિની વિધિ ઇત્યાદિ ધાર્મિક તથા વ્યવહારિક અનુષ્ઠાનોને વિશેષરૂપથી શાસ્ત્રીય પદ્ધતિ તથા દેશકાલાનુસાર જાણનાર તથા સંપન્ન કરવામાં નિપુણ શ્રાવકને વિશેષજ્ઞ કહે છે.

**(૧૫) રસજ્ઞ :-**

**"ઉપયોગ જેમાં તન્મય થઈને રમણ કરવા લાગી જાય તેને રસ કહે છે. આવા રસોના જ્ઞાતાને રસજ્ઞ કહે છે."** આ રસ વાસ્તવમાં આત્માનાં જ વિવિધ કષાય તથા લેશ્યાયુક્ત પરિણામ છે. સાહિત્ય શાસ્ત્રોમાં મુખ્યરૂપ થી નવ પ્રકારના રસ કહ્યાં છેઃ-

- **શ્રૃંગારરસ :-** કામભાવોને ઉદ્દિપ્ત કરનાર ભાવોને શ્રૃંગારરસ કહે છે.
- **હાસ્યરસ :-** હાસ્ય પરિણામોને કરનારને હાસ્યરસ કહે છે.
- **કરુણરસ :-** હૃદયમાં કરુણા ઉત્પન્ન કરનાર ભાવને કરુણરસ કહે છે.
- **વીરરસ :-** ઉત્સાહ વિશેષને ઉત્પન્ન કરનાર પરિણામોને વીરરસ કહે છે.
- **અદ્ભુતરસ :-** પૂર્વમાં ક્યારેય અનુભવ ન કર્યો હોય એવા આશ્ચર્યકારી પરિણામ કરનારને અદ્ભુત રસ કહે છે.
- **ભયાનકરસ :-** ભય ઉત્પન્ન કરનાર પરિણામોને ભયાનકરસ કહે છે.
- **રૌદ્રરસ :-** અનિષ્ટ ભાવોમાં રુચિ તથા પ્રસન્નતા કરાવનાર પરિણામને રૌદ્રરસ કહે છે.
- **બિભત્સરસ :-** આંખોથી જોઈ ન શકાય એવા ગંદા તથા ક્રૂર પરિણામ કરવાવાળા રસને બિભત્સરસ કહે છે.
- **શાંતરસ :-** શાંત પરિણામ કરનારને શાંતરસ કહે છે.

એક વિવેકી શ્રાવક ઉપરોક્ત બધા રસોથી યુક્ત પરિણામોનો વિશેષ જાણકાર હોય છે, પરંતુ આ બધાને જાણીને શાંતરસનો વિશેષ અનુરાગી હોય છે. આમાંથી કરુણ તથા વીરરસને પ્રસંગ અનુસાર ઉપાદેયરૂપે સ્વીકારે છે તથા શાંતરસને સર્વ અવસ્થાઓમાં ઉપદેયરૂપ માને છે તથા શેષ સર્વ રસોને સર્વથા હેય જાણીને તેના નિમિત્તોનો ત્યાગ કરે છે અથવા પરમશાંત, નિરાકુળ આત્મરસનો અનુભવી અને વિશેષ અનુરાગીને રસજ્ઞ કહેવામાં આવે છે.

**(૧૬) કૃતજ્ઞ :-**

**"અન્ય દ્વારા કરેલ ઉપકારને માનવાવાળો કૃતજ્ઞ કહેવાય છે."** કૃતજ્ઞતા મનુષ્યતાનું પ્રધાન લક્ષણ કહેવાય છે. જે કૃતઘ્ની છે તેને પશુ કરતાં પણ નીચ કહ્યો છે. કારણ કે પશુ-પક્ષી પણ પોતાના સ્વામી દ્વારા કરેલ ઉપકારને માને છે તથા સમયાનુસાર તેનો બદલો પણ ચૂકવે છે. એક સાચો શ્રાવક પોતાના ઉપર કરાયેલ નાનામાં નાના ઉપકારને પણ ક્યારેય ભૂલતો નથી. અન્યના ઉપકારનું વેદન તેના હૃદયમાં સદાય રહે છે અને તેનો બદલો ચૂકવવાનો કોઈપણ અવસર તે ચૂકતો નથી. **"કણ જેટલો અલ્પ ઉપકાર કરનાર પ્રત્યે પણ તે મણ જેવો મહા ઉપકાર કરે છે આ સત્પુરુષનું વિશેષ લક્ષણ છે."** શ્રાવક નિયમથી સત્પુરૂષ હોય છે. તેથી તે અનિવાર્યરૂપે કૃતજ્ઞતાથી શોભાયમાન રહે છે. વાસ્તવમાં કૃતઘ્નીપણું હૃદયશૂન્યતાનું પરિચાયક છે. જેનું હૃદય સંવેદનશૂન્ય હોય છે તે જ કૃતઘ્ની હોય છે. **"મારું કામ કરીને તમે શું વિશેષ કરી દીધું, આ તો તમારું કર્તવ્ય હતું, તમારે કરવું જ જોઈએ અથવા તમે કરનાર કોણ છો? આ તો મારા પુણ્યબળ થી મારું કામ થયું છે, તમે તો નિમિત્ત માત્ર છો."** આવા વિચારોવાળા વ્યક્તિને મહાકૃતઘ્ની, મનુષ્યના રૂપમાં પથ્થર જ જાણવો જોઈએ. **(ક્રમશઃ)**

• • •

# શ્રી દેવચંદ્રજી કૃત ચોવીશી

**અશોકભાઈ પી. શાહ**

*(અભ્યાસી અને ઉત્તમ સાધક એવા આદ. શ્રી અશોકભાઈએ 'શ્રી આનંદઘન ચોવીશી' લેખમાળા દ્વારા તત્ત્વગર્ભિત ભક્તિરસ પીરસ્યો. 'દિવ્યધ્વનિ'ના સુજ્ઞ વાચકમિત્રોનો આ અંગે સુંદર પ્રતિસાદ અને અનુમોદના સાંપડ્યા. તેથી હવે 'શ્રી દેવચંદ્રજી ચોવીશી' પણ શરૂ કરો તો સૌની પ્રભુભક્તિ વધુ પુષ્ટ થાય એમ તેઓશ્રીને વિનંતી કરી. વિનમ્ર અને નિખાલસ એવા શ્રી અશોકભાઈએ તે માટે સ્વીકૃતિ આપી, તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આ અંકથી પ્રસ્તુત થતી લેખમાળા સૌના સાધનાજીવનને સહાયક બને તેવી અભ્યર્થના. - **સંપાદકીય**)*

ઈ.સ. ૨૦૧૭ના નૂતન વર્ષમાં પ્રવેશતાં ચોવીસ તીર્થંકર ભગવંતોની ફરી એકવાર ભક્તિ - ઉપાસના કરવાનો અવસર 'શ્રી દેવચંદ્રજી ચોવીશી'ની લેખનમાળા દ્વારા પ્રાપ્ત થઈ રહ્યો છે તે મારું પરમ સૌભાગ્ય સમજું છું. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી તથા પૂજ્ય ગુરુદેવશ્રી આત્માનંદજીના આશીર્વાદ લઈને આ લેખનમાળાનો પ્રારંભ કરું છું. આ નિમિત્તે મારી પોતાની આત્મ સાધનામાં તેમજ જિનશાસનની સેવામાં વધુ એક પગલું મંડાશે એનો આનંદ છે. આ પ્રસંગે થોડી 'મનની વાત' રજૂ કરું તો અસ્થાને નહીં ગણાય.

ગત વર્ષે 'શ્રી આનંદઘન ચોવીશી' પૂર્ણાહુતિ તરફ જઈ રહી હતી તે પહેલા ઘણા સમયથી આદરણીય તંત્રીશ્રી મિતેશભાઈ શાહનો આગ્રહ રહ્યો હતો કે પછી તમારે 'શ્રી દેવચંદ્રજી ચોવીશી' શરૂ કરવાની છે ! પરંતુ તે સ્વીકારવામાં મારું મન પાછું ખેંચાતું હતું, બે-ત્રણ કારણોસર. એક તો, શ્રી આનંદઘન ચોવીશી લેખનમાળા 'દિવ્યધ્વનિ'ની પૃષ્ઠ - મર્યાદાને અનુસરતી ઘણા વર્ષો ચાલી. તેટલો સમય અને શક્તિ બીજી ચોવીશીમાં આપી શકાશે કે કેમ એ પ્રશ્ન હતો. વળી, શ્રી દેવચંદ્રજી ચોવીશીના સ્તવનોની ગાથા પ્રમાણમાં વધુ સંખ્યામાં છે, તેથી ચોવીશી પૂરી કરતાં ઘણો સમય વીતી જાય. બીજું, આ અધ્યાત્મક્ષેત્રે વિરાટ મહાત્માઓના ગંભીર આશયોને મારી વામન જેવી અલ્પ બુદ્ધિ કેટલું પકડી શકતી હશે ? શ્રી દેવચંદ્રજી ચોવીશીના સ્તવનોનું હું જ્યારે પારાયણ કરતો ત્યારે મોટા ભાગના સ્તવનોના અર્થ સમજવામાં મારી બુદ્ધિ પહોંચતી નહોતી. તેથી તેના વિવેચનને હું યોગ્ય ન્યાય નહીં આપી શકું, એવો પ્રશ્ન પણ હતો. આવા સંદિગ્ધ મનને અચાનક એક સહારો મળ્યો, માનો કે શ્રી દેવ-ગુરુ-ધર્મની કૃપા વરસી.

૨૧ ડિસેમ્બર ૨૦૧૫નો દિવસ. પૂજ્ય સંતશ્રી રાકેશભાઈના પુનિત પગલાં અમારા ઘરે થયા. તેઓશ્રીના સત્સમાગમમાં તેઓશ્રીએ ફરમાવ્યું : "આનંદઘનજીના પાર્શ્વનાથ સ્તવન પર તમે પહોંચ્યા છો. થોડા વખતમાં ચોવીશી પૂરી થશે. પછી દેવચંદ્રજી કૃત ચોવીશી શરૂ કરી દો !" હું તો એક પળ સ્તબ્ધ જેવો થઈ ગયો. જાણે તેમણે મારી દ્વિધા જાણી લીધી ન હોય ! મેં કહ્યું, "પણ સાહેબ, મને તો આ સ્તવનો બહુ કઠિન લાગે છે. મારું કંઈ ગજું નથી. તેથી મારે તો આ કાર્યમાં આપના શ્રી દેવચંદ્રજી ચોવીશી ઉપર થયેલા સ્વાધ્યાયોનો જ મુખ્ય આધાર લેવો પડશે !" તેમણે પ્રેમપૂર્વક કહ્યું, "તે લેજો ને ! પણ બધા સ્તવનો કઠિન નથી. તમે અકર્તાભાવે લખશો તો કાર્ય સરળ થઈ જશે અને વળી, પરમાત્માની ભક્તિ થશે તે તો તમારો જ ફાયદો છે ને !" જાણે દેવચંદ્રજીએ તેમના સંદેશવાહક ન મોકલ્યા હોય ! મારા ડામાડોળ ચિત્તને તેમણે

થોડા જ શબ્દોમાં ઠોસ નિર્ણય પર પહોંચાડી દીધું કે મારે સ્વ-પર કલ્યાણ અર્થે ઉત્સાહપૂર્વક પ્રભુના દાસ થઈ આ કાર્ય શરૂ કરવાનું છે. વળી, કોઈ પણ કાર્ય અકર્તાભાવે કરવાનો સુંદર બોધપાઠ પણ મળી ગયો ! આવું અનન્ય પ્રેરણાબળ પૂરું પાડવામાં હું મનોમન તેમને વંદન કરું છું.

શ્રી આનંદઘનજી, શ્રી યશોવિજયજી, શ્રી દેવચંદ્રજી અને શ્રી મોહનવિજયજી - આ ચારેય મહાપુરુષોએ ચોવીશીના સ્તવનો રચીને જે ભક્તિરસ રેલાવ્યો છે, તે જોતાં ચતુર્વિંશતિ સ્તવનાનું માહાત્મ્ય સમજી શકાય તેવું છે. (શ્રી યશોવિજયજીએ તો બે ચોવીશીની રચના કરી છે. શ્રી દેવચંદ્રજીએ ગત ચોવીશીની પણ રચના કરી છે. ઉપરાંત તેઓશ્રી બંનેએ વીસ વિહરમાન ભગવંતોના પણ સ્તવનો રચ્યા છે. આ સર્વે સ્તવનો શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસથી પ્રકાશિત 'નિત્યક્રમ' પુસ્તકમાં ઉપલબ્ધ છે.)

## ચતુર્વિંશતિ સ્તવનાનું માહાત્મ્ય

આદિગુરુ શ્રી ગૌતમસ્વામીએ ભગવાન મહાવીરને પ્રશ્ન કર્યો કે પ્રભુ, ચતુર્વિંશતિ સ્તવનાનું શું મહત્ત્વ છે ? ત્યારે પ્રભુએ કહ્યું કે, "હે ગૌતમ, તેનાથી દર્શનવિશુદ્ધિ થાય છે." અર્થાત્ સમ્યગ્દર્શન થાય છે, જેના ફળસ્વરૂપે જીવ થોડા જ ભવમાં મોક્ષ પામે છે. જિનાગમમાં ચતુર્વિંશતિ સ્તવનાને છ આવશ્યકમાં મૂક્યું છે. વળી, ચૈત્યવંદનમાં પણ આ સ્તવનો પરમ અવલંબનરૂપ થાય છે. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી શિક્ષાપાઠ - ૧૩માં ફરમાવે છે કે, *"જિનેશ્વર ભગવાનની ભક્તિથી આત્મશક્તિ પ્રકાશ પામે છે... તરવાર હાથમાં લેવાથી જેમ શૌર્ય અને ભાંગથી નશો ઉત્પન્ન થાય છે, તેમ એ ગુણચિંતવનથી આત્મા સ્વસ્વરૂપાનંદની શ્રેણિએ ચઢતો જાય છે. દર્પણ હાથમાં લેતાં જેમ મુખાકૃતિનું ભાન થાય છે તેમ સિદ્ધ કે જિનેશ્વર સ્વરૂપનાં ચિંતવનરૂપ દર્પણથી આત્મસ્વરૂપનું ભાન થાય છે."*

પૂજ્ય આચાર્યશ્રી વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી 'શ્રી દેવચંદ્રજી ચોવીશી' વિવેચનના પ્રારંભમાં ફરમાવે છે કે, *"શ્રી અરિહંત પરમાત્માની ભાવભર્યા હૃદયે સ્તુતિ કરવાથી ચિત્ત નિર્મળ બને છે. નિર્મળ બનેલું ચિત્ત શુદ્ધ ધ્યાનમાં સરળતાથી એકાગ્ર બને છે, અને ચિત્તની એકાગ્રતા વધતાં તેના દ્વારા સમાધિ પ્રાપ્ત થાય છે, અને સમાધિદશામાં તન્મય બનેલો સાધક પોતાના શુદ્ધસ્વરૂપને પ્રાપ્ત કરે છે. વીતરાગ - પરમાત્માના ગુણોની સ્તુતિ કરનારને પણ તેવા ઉત્તમ ગુણોની અનુક્રમે પ્રાપ્તિ થાય છે. પરમાત્મ-સ્તવન એ પરમાત્મ-પદને પ્રાપ્ત કરાવનાર છે."*

ખરેખર તો મોક્ષમાર્ગની સર્વ સાધનામાં ભક્તિમાર્ગને સર્વ મહાપુરુષોએ એક અભિપ્રાયે અગ્રિમતા આપી છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી તો ત્યાં સુધી કહે છે કે : *"મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી."* તો પરમકૃપાળુદેવ પત્રાંક - ૨૦૧માં ફરમાવે છે કે : *"ઘણા ઘણા પ્રકારથી મનન કરતાં અમારો દૃઢ નિશ્ચય છે કે ભક્તિ એ સર્વોપરી માર્ગ છે. અને તે સત્પુરુષના ચરણ સમીપે રહીને થાય તો ક્ષણવારમાં મોક્ષ કરી દે તેવો પદાર્થ છે."* મોક્ષ આપી દે તેવી ભક્તિ તો પ્રભુ પ્રત્યે સંપૂર્ણ, એકપક્ષી, બિનશરતી અને પ્રજ્ઞાવંત શરણાગતિની અપેક્ષા રાખે છે, જેમાં સંસારની પ્રીતિ ઘટે અને પ્રભુ પ્રત્યે પ્રીતિ વધે. તેથી જ પરમ પૂજ્ય શ્રી આત્માનંદજી કહે છે કે, "ભક્તિ એટલે પ્રભુ-ગુરુ પ્રત્યે total, unilateral, unconditional and enlightened surrender."

આવી ભક્તિનું સુંદર પાથેય શ્રીમદ્ દેવચંદ્રજીએ ચોવીશીની રચના કરી પૂરું પાડી આપણા પર અનંત ઉપકાર કર્યો છે. પરમાત્માની સાથે લય લગાવવા ઉપરાંત તેમણે આ સ્તવનોમાં ભરપૂર તત્ત્વજ્ઞાન પણ પીરસ્યું છે. જ્ઞાન અને ભક્તિના આવા સુંદર સુમેળથી પ્રભુ સાથે તાત્ત્વિકપણે એકલય થઈ શકાય છે. વળી, સ્તવનોની વિશેષતા એ છે કે તેનું ગાન-કિર્તન કરી શકાય છે, જેથી આ

એકતાનતા સરળતાથી સાધી શકાય છે.

આવો અનન્ય ઉપકાર કરનાર મહાત્માનું જીવન અને કવન પણ અત્યંત પ્રેરણાદાયક જ હોય એ દૃષ્ટિએ અહીં તે સંક્ષેપમાં પ્રસ્તુત છે, જેનો મુખ્ય આધાર શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ ગ્રંથમાળા ગ્રથાંક ૧૦૩-૧૦૪ 'શ્રીમદ્ દેવચંદ્રજી જીવનચરિત્ર'માંથી લીધો છે.

## શ્રીમદ્ દેવચંદ્રજીનું જીવન અને કવન

શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજનો જન્મ વિ.સં. ૧૭૪૬ (ઈ.સ. ૧૬૯૦)માં બિકાનેર, રાજસ્થાનના એક ગામમાં થયો હતો. પિતાશ્રીનું નામ શ્રી તુલસીદાસજી લુણીઆ અને માતુશ્રીનું નામ ધનબાઈ હતું. માતૃશ્રી કેવા મહાન ધર્માત્મા હશે કે બાળક ગર્ભમાં હતું ત્યારે જ ગામમાં પધારેલ ઉપાધ્યાયશ્રી રાજસાગરજી પાસે સ્વેચ્છાએ પ્રતિજ્ઞા લીધી કે જો પુત્ર થશે તો ગુરુને ભાવપૂર્વક તે વહોરાવશું ! બન્યું પણ એવું જ કે પુત્ર જન્મ થયો. માતાજીએ એક વખત સ્વપ્નમાં પોતાના મુખમાં ચંદ્રને પ્રવેશ કરતા જોયો હતો. તેથી પુત્રનું નામ 'દેવચંદ્ર' રાખ્યું. શ્રી રાજસાગરજી ફરી જ્યારે પધાર્યા ત્યારે પ્રતિજ્ઞા મુજબ માતાપિતાએ ૮ વર્ષના દેવચંદ્રને ગુરુચરણોમાં સમર્પિત કરી દીધો. ૧૦ વર્ષની વયે ખરતરગચ્છના આચાર્યશ્રી જિનચંદ્રસૂરિજીએ તેમને વડી દીક્ષા આપી. ત્યારે તેમનું નામ 'રાજવિમલ' રાખવામાં આવ્યું. પરંતુ 'દેવચંદ્રજી' નામથી જ તેમની વધારે પ્રસિદ્ધિ થઈ.

પૂર્વભવોની સાધનાના સંસ્કાર, આ ભવના ઉત્કૃષ્ટ ત્યાગ - વૈરાગ્ય અને ચારિત્ર તેમજ ગુરુસેવા તથા ગુરુકૃપાના પ્રભાવથી શ્રી દેવચંદ્રજીએ ટૂંક સમયમાં જ અનેક આગમ ગ્રંથોનો બહોળો અભ્યાસ કરી તેમાં પ્રવીણતા મેળવી, જેમાં ગોમ્મટસાર, જ્ઞાનાર્ણવ આદિ દિગંબર શાસ્ત્રોનો પણ સમાવેશ છે. વળી, તેમની પાસે અન્ય ગચ્છના અનેક મુનિઓ પણ શાસ્ત્રાભ્યાસ માટે આવતા. આમ, તેઓ ગચ્છ-મતના આગ્રહ રહિત વિશાળદૃષ્ટિવાન મહાપુરુષ હતા. તેમની સાધનાભૂમિ મુખ્યપણે ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ રહી છે.

તેઓશ્રીની પ્રેરણાથી અનેક જિનચૈત્યોના જીર્ણોદ્ધાર, અનેક નૂતન ચૈત્યોનું નિર્માણ આદિ શાસન - પ્રભાવનાના ઉત્તમ કાર્યો થયા છે. વળી, ગિરનાર, રાણકપુર, તારંગા આદિ તીર્થક્ષેત્રોનો વહીવટ સંભાળતી પ્રચલિત શાસન-પ્રભાવક સંસ્થા 'શેઠ આણંદજી કલ્યાણજી પેઢી'ની સ્થાપના પણ શ્રી દેવચંદ્રજીની પ્રેરણાથી થઈ હતી.

ઊંચી અધ્યાત્મદશા, અપાર પ્રભુભક્તિ, અખૂટ જ્ઞાનભંડાર અને જિનાગમ પ્રત્યેના અનન્ય પ્રેમના બળે તેઓશ્રીએ અનેક અમૂલ્ય ગ્રંથોની રચના કરી છે; જેમાં જ્ઞાન, ધ્યાન, ભક્તિ, સંયમ અને યોગ તેમજ નિશ્ચય અને વ્યવહારનયનો સુંદર સુમેળ છે. તેમાંના કેટલાંક પ્રચલિત ગ્રંથો છે : આગમસાર, અધ્યાત્મગીતા, નયચક્રસાર તેમજ વર્તમાન જિન ચોવીશી, અતીત જિન ચોવીશી, વિહારમાન ચોવીશીના સ્તવનો. શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાં અતિ પ્રચલિત સ્નાત્રપૂજાની રચના પણ તેમની જ દેન છે.

પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ આદિ વ્યવહાર ચારિત્રરૂપ વિશુદ્ધ આરાધનાના બળે શ્રી દેવચંદ્રજીમાં નિશ્ચય ચારિત્ર અર્થાત્ આત્માનુભવ પણ સુંદર રીતે ઝળહળી રહ્યો હતો, જે તેઓશ્રીએ સ્વયં કરેલા ઉદ્ગારોથી સ્પષ્ટ થાય છે :

*"તીન ભુવન નાયક શુદ્ધાતમ,તત્ત્વામૃતરસ વૂઠ્યો રે,*
*સકલ ભવિક લીલાણી, મારું મન પણ તૂઠ્યો રે.*
*મનમોહન જિનવરજી મુજને, અનુભવ-પ્યાલો દીધો રે,*
*પૂર્ણાનંદ અક્ષય-અવિચલ રસ, ભક્તિ પવિત્ર થઈ પીધો રે.*
*પંચ પૂજ્યથી પૂજ્ય એ, સર્વ ધ્યેયથી ધ્યેય;*
*ધ્યાતા ધ્યાન અરુ ધ્યેય એ, નિશ્ચય એક અભેય.*

*અનુભવ કરતાં એહનો, થાયે પરમ પ્રમોદ !*
*એકરૂપ અભ્યાસસું, શિવસુખ છે તસુ ગોદ.''*

શ્રીમદ્ દેવચંદ્રજી વિ.સ. ૧૮૧૨, ભાદરવા વદ અમાસના દિવસે મુખ્ય શિષ્યોની હાજરીમાં અને શ્રી દશવૈકાલિક તેમજ શ્રી ઉત્તરાધ્યયનના સૂત્રોના અધ્યયન સાંભળતા, અરિહંતનું ધ્યાન ધરતાં સમાધિમરણને પામ્યા. એમ કહેવાય છે કે આ મહાન આત્મા અત્યારે મહાવિદેહક્ષેત્રે કેવળી ભગવાન તરીકે વિચરી રહ્યા છે.

આવા અધ્યાત્મયોગીને કોટિ કોટિ વંદન કરી, તેમના આશીર્વાદ લઈ, તેમની આ ચોવીશીની ભાવયાત્રા આવતા અંકથી શરૂ કરીશું. બધા સ્તવનોની ગાથા-સંખ્યા પ્રમાણમાં વધારે છે. તેથી કદાચિત્ દરેક ગાથાની સંક્ષેપ વિચારણા કરવાનું જ બની શકે. પછી તો પ્રભુ - ગુરુકૃપા જેમ ચલાવશે તેમ ચાલીશું. અગાઉ જણાવ્યું તેમ આ કઠિન કાર્યને સરળ બનાવવા માટે પૂજ્ય સંતશ્રી રાકેશભાઈ (પૂજ્ય બાપાજી)ના આ ચોવીશી પરના સ્વાધ્યાયો મારો મુખ્ય આધાર બની રહેશે. તે ઉપરાંત પૂજ્ય આચાર્યશ્રી વિજયકલાપૂર્ણસૂરિજી લિખિત આ ચોવીશીના સંક્ષિપ્ત વિવેચનરૂપ પુસ્તક - 'પરમ તત્ત્વની ઉપાસના' - પણ અવલંબનરૂપ રહેશે. આ બંને સંતોનું ઋણ પ્રથમ સ્વીકારી, તેમને ફરી ફરી ભાવપૂર્વક વંદન કરું છું.

પૂજ્યશ્રી રાકેશભાઈ ભક્તિ વિશે એક સુંદર વાત કરે છે કે, ''જેમ ભોજનની વાનગીઓને મીઠું-મરચું ભભરાવી સ્વાદિષ્ટ બનાવીએ છીએ, તેમ હરિરસને અદમ્ય અને અનન્ય પ્રેમ વડે સ્વાદિષ્ટ બનાવો, જેથી કામરસ નીરસ લાગવા માંડે.'' શ્રી દેવચંદ્રજી ચોવીશી આપણી પ્રભુભક્તિને ચોક્કસ સ્વાદિષ્ટ બનાવશે. તેના રસપાનથી આપણો આત્મા પુષ્ટ થાય, ચિત્તની નિર્મળતા વધે અને ફળસ્વરૂપે નિર્વિકલ્પ સમાધિના લક્ષની સિદ્ધિ કરીએ એ જ મંગલ ભાવના. (આવતા અંકથી શ્રી ઋષભજિન સ્તવન શરૂ કરીશું.)

• • •

## શ્રી ભક્તામર સ્તોત્ર

**(પાના નં. ૨૯ પરથી ચાલુ...)**

કૃત્રિમ શીતળતા (ક્ષણિક શાતા) પ્રદાન કરે છે. આ લોભામણો ચંદ્ર (સંસારના બાહ્ય પદાર્થો, વિષયો અને વિકારો) જીવને પરિભ્રમણનું પ્રબળ નિમિત્ત બને છે. આ વિભાવચંદ્ર ઇંદ્રિયો-પ્રાણ-મન સુધી સીમિત છે અને સમ્યક્જ્ઞાનના અભાવમાં તે પોતાના કૃત્રિમ પ્રકાશ (ક્ષણિક સાંસારિક 'સુખ' - શાતા)થી (અજ્ઞાનીના) જીવનને પ્રભાવિત કરતો રહે છે. પરંતુ સમ્યગ્દર્શન-જ્ઞાનના પ્રાગટ્યથી તે કૃત્રિમ પ્રકાશ લુપ્ત થઈને તે ચંદ્ર મન-વચન-કાયાના ત્રણ શુભયોગમાં પરિવર્તિત થઈને આસક્તિમુક્ત આત્મદેવ (શુદ્ધાત્મા)ની શોભા (કલ્યાણ)નો વાહક બની જાય છે. અભ્યંતર ક્ષેત્રમાં બધા સદ્ગુણરૂપી મોતીઓ તે શુભયોગમાં સંસ્થાપિત થઈને માનવજીવનને પાવન (પવિત્ર) કરે છે. આ ભક્તિયોગનું ભક્તામર સ્તોત્ર બાહ્ય-અભ્યંતર એમ બંને રીતે સ્પર્શે છે.

આ લેખમાં પૂજ્ય શ્રી જયંતમુનિજી કૃત ''શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર વિવેચન''નો અંશે સાભાર આધાર લીધો છે. સંદર્ભસૂચિમાં તે ઉમેરીશું.

અંતમાં સૌ જીવો પોતાના વિષય-વિકાર-વિભાવરૂપ ચંદ્રનું વિલીનીકરણ કરીને સદ્ગુણોથી યુક્ત થઈને કાળક્રમે સ્વસ્વરૂપમાં સ્થિત થાય તેવી મંગલ ભાવના સાથે, જિનવાણીથી વિપરીત કાંઈ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

॥ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

• • •

# શ્રી ભક્તામર સ્તોત્ર
(ક્રમાંક - ૨૫)

**મહેન્દ્રભાઈ કે. ખંધાર**

**તીર્થંકર પ્રભુના અષ્ટ પ્રાતિહાર્ય-નં.૪ : ત્રણ છત્રો**

● **મૂળ શ્લોક :** (વસંતતિલકા)

**छत्रत्रयं तव विभाति शशाङ्ककान्त -**
**मुच्चैः स्थितं स्थगितभानुकरप्रतापम् ।**
**मुक्ताफलप्रकर जालविवृद्धशोभं,**
**प्रख्यापयत् त्रिजगतः परमेश्वरत्वम् ॥३१॥**

● **શબ્દાર્થ :** छत्रत्रयं - ત્રણ છત્રો, ત્રણ છત્રોનો સમૂહ, तव - તમારા, विभाति - શોભે છે, शशाङ्ककान्तम् - ચંદ્રમા જેવા સુંદર-ઉજ્જવલ, उच्चः - (તમારા) ઉપર ઊંચે, स्थितं - રહેલ, स्थगित - થોભાવી દીધેલો છે, રોકી દીધેલો છે (જેણે), भानुकर - સૂર્યના કિરણોનો, प्रतापम् - પ્રભાવ, તાપ, मुक्ताफल - મોતી, प्रकर - (તેનો) સમૂહ, जाल - વિશિષ્ટ રચના, विवृद्धं - (તેના વડે) વૃદ્ધિ પામેલી છે, शोभं - શોભા (જેની, તે), प्रख्यापयत् - પ્રગટ કરતા, त्रिजगतः - ત્રણ જગતના (લોકના), परमेश्वरत्वम् - પરમેશ્વરપણાને.

● **સમશ્લોકી અનુવાદ :** (મંદાક્રાંતા)

**શોભે છત્રો પ્રભુ ઉપર તો ઊજળા ચંદ્ર જેવા,**
**થંભાવે તે રવિ-કિરણનાં તેજને દેવદેવા;**
**મોતીઓથી મનહર દીસે છત્રશોભા અનેરી,**
**દેખાડે છે ત્રણ ભુવનની સ્વામિતા આપ કેરી. (૩૧)**

● **ભાવાર્થ :** (હે ભગવન !) તમારા મસ્તક ઉપર ઉપરાઉપરી (એક ઉપર એક) ધારણ કરાયેલા ત્રણ છત્રો ચંદ્રમા જેવા ઉજ્જવલ છે, મોતીના સમૂહની રચના વિશેષથી ઘણી શોભા પામી રહેલા છે, સૂર્યના કિરણોના પ્રભાવ (તાપ)ને રોકી રાખે છે તથા ત્રણ જગત (લોક)નું પરમેશ્વરપણું સૂચવતાં અત્યંત શોભી રહેલ છે.

● **વિશેષાર્થ / પરમાર્થ :** શ્રી જિનેશ્વરદેવ અતિ ઊંચા અશોકવૃક્ષ નીચે મણિમય સિંહાસન પર બેસીને ધર્મદેશના આપે છે, તે વખતે તેમની બંને બાજુ ૨૪ જોડી એટલે ૪૮ શ્વેત ચામરો દેવો વડે વીંઝાય છે અને તેમના મસ્તક પર ત્રણ છત્રો ઉપરાઉપરી ધારણ કરાયેલ હોય છે. માનસયાત્રામાં ધ્યાનથી નિહાળી રહેલા આચાર્યશ્રી પ્રભુના એક પછી એક પ્રાતિહાર્યનો મહિમા ગાઈ રહ્યા છે. સ્તોત્રકાર માનતુંગસૂરિજી કહે છે કે હે ભગવન્ ! આપના મસ્તક ઉપર ઊંચે ત્રણ છત્રો ધારણ કરાયેલાં છે, તે ચંદ્રમા જેવા ઉજ્જવલ છે, તેના પર મોતીઓની ઝૂલની વિશિષ્ટ રચના હોવાથી અતિ સુંદર લાગે છે તથા તે સૂર્યના કિરણો (તાપ)ને તમારા મસ્તક પર પડતાં રોકે છે. વળી, તે એકની પર બીજું અને બીજાની પર ત્રીજું એમ ગોઠવાયેલ છે, તે તમારું ત્રણ ભુવનનું પરમેશ્વરપણું સૂચવે છે. સમવસરણમાં ભગવંત ચતુર્મુખ દેખાય છે અને તે દરેક પર આવા ત્રણ છત્રો હોય છે આને 'છત્રાતિછત્ર' કહે છે.

આ શ્લોકમાં દેવકૃત અતિશય - ત્રણ છત્રોનું વર્ણન કરે છે. તીર્થંકર ભગવંત જ્યારે કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે અને તીર્થંકર નામકર્મ ઉદયમાં આવે છે ત્યારથી તેમના મસ્તકે એક ઉપર એક એમ ત્રણ છત્રો રહે છે (પ્રભુને સ્પર્શ્યા વિના). પ્રભુ વિહાર કરે, સમવસરણમાં દેશના આપે, વગેરે કોઈ પણ પ્રસંગે આ ત્રણ છત્રો તેમના મસ્તક પર શોભી રહે છે અને તેમની સાથે ને સાથે જ રહે છે. આ ત્રણે છત્રો પ્રકાશિત ચંદ્રમા જેવા શ્વેત તથા કાંતિમાન

હોય છે, અને તેની નીચેના ભાગમાં દિવ્ય મોતીઓની ઝાલર (હાર, ઝૂલ) લટકતી હોય છે.

છત્રની દેવકૃત રચના એ તીર્થંકર પ્રભુના ૩૪ અતિશયમાંનો એક વિશિષ્ટ અતિશય છે. બીજા ઘણા અતિશયો અમુક સમયે જેમ કે સમવસરણની રચના વખતે કે વિહાર સમયે પ્રગટે છે અને પછી તે કાર્ય પૂરું થતાં વિલીન થઈ જાય છે. દાખલા તરીકે, સમવસરણ, અશોકવૃક્ષ, સિંહાસન, દિવ્ય પુષ્પવૃષ્ટિ, સુવર્ણકમળ વગેરે. જ્યારે આ છત્રાતિછત્ર તો પ્રભુ જ્યારે કેવળજ્ઞાન પ્રગટાવી ચતુર્વિધ સંઘરૂપી તીર્થની સ્થાપના કરે છે ત્યારથી પ્રગટ થઈ, પ્રભુ નિર્વાણ પામે (સિદ્ધ થાય) ત્યાં સુધી સતત રહે છે. અને એમાં જ પ્રભુનું ત્રણ લોકનું સ્વામિત્ત્વ જણાઈ આવે છે.

દરેક ગાથામાં આચાર્યશ્રીએ કેટલા બધા યથાર્થ ભાવ અદ્ભુત ઉપમાઓ આપીને વિશિષ્ટ પ્રકારે ગૂંથ્યા છે ! તે તેમની કવિત્ત્વશક્તિ, સૂત્ર-સિદ્ધાંતનું પારગામીપણું અને અનન્ય ભક્તિભાવ બતાવે છે. અષ્ટ પ્રાતિહાર્યની પ્રથમ ચાર ગાથામાં (નં. ૨૮થી ૩૧) — અશોકવૃક્ષ, સિંહાસનની રચના, ચામરનું વીંઝવું અને ત્રણ છત્રને મસ્તક ઉપર ધારણ કરવા તે પ્રભુના પ્રબળ શાતાવેદનીય કર્મનો ઉદય સૂચવે છે. તેથી જ આચાર્યશ્રીએ આ ચાર પ્રાતિહાર્યને પ્રથમ લીધા લાગે છે.

હે પ્રભુ ! આપના પર ઝૂલતા અતિસુંદર છત્રત્રય એમ સૂચવે છે કે રત્નત્રય વડે ભગવાને જગતત્રયનું પરમેશ્વરપણું પ્રગટ કર્યું છે. પ્રભુ પાસે ચંદ્ર હારી ગયો, કેમ કે 'પ્રભુનું પરમશાંત આત્મતેજ ત્રણ જીગતને (કેવળજ્ઞાન અપેક્ષાએ) પ્રકાશિત કરે છે, ને ભવના આતાપને હરે છે - પછી મારું શું કામ ?' એમ પોતાનો અધિકાર હણાઈ જતા હારેલો તે ચંદ્ર પોતે ત્રણ છત્રનું રૂપ ધારણ કરીને પ્રભુની સેવા કરી રહ્યો હોય એમ લાગે છે. ચંદ્ર(ચાંદની) શાંત ગણાય છે પણ હે દેવ ! આપની પરમ શાંત મુદ્રા અને સૌમ્ય વીતરાગતા પાસે તે હારી ગયો. પ્રભુ ! એ ત્રિછત્ર દ્વારા સૂર્યનો આતાપ રોકાઈ ગયો. રત્નત્રય વડે આપે જ્યાં ભવના આતાપને દૂર કર્યો ત્યાં બહારમાં સૂર્યનો આતાપ કેવો ? જેમ આપની છત્રછાયામાં સૂર્યના આતાપનો પ્રવેશ નથી, તેમ જેણે આપની છત્રછાયાનો સ્વીકાર કર્યો (સેવા-પૂજા અને આજ્ઞાપાલન વડે) તે આત્મામાં ભવ આતાપનો પ્રવેશ નથી.

આશ્ચર્ય છે કે, આપના ઉપર જે ત્રણ દિવ્ય છત્ર છે તે સાંકળથી ક્યાંય ટાંગ્યા નથી, કે કોઈએ છત્રીની જેમ ઝાલી રાખ્યા નથી, તે કોઈ આધાર વિના આકાશમાં એમ ને એમ લટકી રહ્યા છે. જેમ મોક્ષમાર્ગમાં આપના શુદ્ધ રત્નત્રયને બહારમાં કોઈનું આલંબન ન હતું, તેમ આપના ત્રણ છત્રો પણ કોઈના આલંબન વગર નિરાલંબીપણે આકાશમાં ઝૂલી રહ્યા છે. આવી અદ્ભુત શોભા આપના સિવાય બીજા કોને હોય ! એ જ આપનું ત્રણ લોકમાં શ્રેષ્ઠપણું જાહેર કરે છે. તે છત્રમાં જે દિવ્યમોતીઓ ચમકે છે તે એવા લાગે છે - જાણે કે ચંદ્રની સાથે તારાઓ અને નક્ષત્ર-ગ્રહો આવીને આપની સેવા કરતા હોય. જ્યોતિષી દેવો (ચાર પ્રકારના દેવો - ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક માંહેના એક)ના ઇંદ્રો સૂર્ય-ચંદ્ર પણ જિનેન્દ્રદેવના સેવક છે. પ્રભુને ત્રણ જગતમાં કોણ ન સેવે ? કારણ કે જે જેને સેવે તે તેના જેવા થાય (જુઓ ભક્તામર શ્લોક - ૧૦ અને સમયસાર શ્લોક - ૧૭). પ્રભુના રત્નત્રય - છત્રની છાયા ત્રણ જગતના જીવોને શાંતિ આપનારી ને કષાયના તાપથી બચાવનારી છે. પ્રભો ! અમારા ઉપર શોભતી આપની છત્રછાયા અમારા ભવના તાપને દૂર કરનારી છે. આ રીતે ત્રણ છત્ર દ્વારા અલંકારિક રીતે ભગવાનનો મહિમા ગાઈને સ્તુતિ કરી છે. પરમાત્માની સ્તુતિ વડે સિદ્ધાત્મા (શુદ્ધાત્મા)ના પરમ ગુણોનું ચિંતન

વીતરાગતાનું પ્રેરક છે ને મોહનું નાશક છે - એ જિનભક્તિનું ફળ છે. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી મોક્ષમાળા શિક્ષાપાઠ-૧૫માં ભગવાનની ભક્તિનું પરિણામ દર્શાવે છે : મનવાંછિત ફળ, આત્માનો આનંદ, ત્રિવિધ તાપ મટે, અત્યંત નિર્જરા થાય, સમતા પ્રગટે, જડ (એકેન્દ્રિય) - મંદ (વિકલેન્દ્રિય - બે ઇંદ્રિય, ત્રણ ઇંદ્રિય, ચાર ઇંદ્રિય) - અધોગતિ (નરક અને નિગોદ) જન્મ જાય અને ભવભ્રમણનો અંત આવે.

આ પ્રાતિહાર્ય ત્રિછત્રના રૂપમાં પ્રસિદ્ધ છે. તેમને 'આતપત્ર' પણ કહે છે, કેમ કે તે આતાપ (તડકા)થી 'ત્ર' એટલે રક્ષણ કરનાર સાધન છે. માનતુંગાચાર્યે દ્રવ્ય ઉપમાનને કાવ્યકળાથી પ્રસ્તુત કરવા માટે પ્રતિયોગીનું અવલંબન લીધું છે. આ શ્લોકમાં છત્રત્રયનો મહિમા દર્શાવા માટે પ્રતિપક્ષીના રૂપમાં ચંદ્રનો આધાર લઈને એક વિલક્ષણ વિરોધાભાસ અલંકારથી ઉષ્ણ પ્રભાવ (તડકો)ના વિરોધ માટે શીતપ્રભાવનું પ્રયોજન ચંદ્ર દ્વારા કરેલ છે.

માનતુંગાચાર્યે ચંદ્રને છત્રત્રયરૂપે અભિવ્યક્ત કર્યો છે. જાણે ચંદ્ર તારામંડળની સાથે ત્રણ છત્રના રૂપમાં પ્રગટ થઈને અને છત્ર (તેની ઝૂલ) પર લાગેલા ચળકતા બિંદુઓ (દિવ્ય મોતીઓ) તારાઓની પંક્તિમાં પ્રભુની સેવામાં લાગી ગયા છે. કેમ કે પ્રભુના અતિશયો (તીર્થંકર નામકર્મનો ઉદય અને પ્રભાવ)થી અવકાશ (આકાશ) પ્રકાશિત થઈ ગયું હતું. ચંદ્ર કર્તવ્યહીન થઈને નિષ્પ્રયોજન પોતાને સમજતો ત્રણ છત્રના રૂપમાં ઢળીને સેવાનું અનુપમ કાર્ય બજાવી રહ્યો છે. કવિ(આચાર્યશ્રી)ની અદ્ભુત કલ્પના ખીલી ઊઠી છે. કવિઓના પ્રિય ચંદ્રને અધિકારવિહીન (નકામો) બતાવવા છતાં પણ તેને ઊંચુ સ્થાન આપ્યું છે - એક પ્રકારે ચંદ્રને સન્માનિત કર્યો છે. ભગવાનના છત્રત્રય એ કોઈ સામાન્ય વસ્તુ નથી. ચંદ્રના વિલય કરતા આ છત્રોરૂપ તેનું સ્થાન અને કાર્ય અધિક મહત્વપૂર્ણ છે.

આ છત્રત્રય (અતિશય) અદ્ભુત દેવરચના છે. ભક્તામર સ્તોત્રમાં ત્રણ છત્રને ત્રણ લોકનું આધિપત્ય પ્રદર્શિત કરનારા અલૌકિક બતાવ્યા છે. કેટલાક તત્ત્વવેત્તાઓએ ત્રણ યોગ સાથે પણ તેનો સંબંધ જોડ્યો છે. ત્રણ છત્ર પ્રભુનો ત્રિવિધ વૈભવ દર્શાવે છે. 'છત્ર' શબ્દનો એક અર્થ એમ થાય છે કે 'છ' એટલે હિંસા(થી) અને 'ત્ર' એટલે રક્ષા કરનાર. ત્રણેય છત્ર તિર્યંચ, મનુષ્ય અને દેવ એમ ત્રણ જાતિના (અને જાતિથી) રક્ષક છે. ત્રણેય છત્ર માત્ર આતાપને રોકતા નથી, પરંતુ શીતળતા પણ પ્રદાન કરે છે.

ગગનનો ચંદ્ર કલંકિત, વધ-ઘટ કળાવાળો અને તારાઓથી ઘણો દૂર હતો. પરંતુ અહીં (ત્રણ છત્રરૂપમાં) તે નિષ્કલંક, સર્વ કળાઓથી શોભાયમાન અને મોતીની માળાઓરૂપે ચમકતા તારલાઓ સાથે ઉલ્લસિત બનીને ગૌરવ અનુભવે છે. પ્રભુના અલૌકિક (કેવળજ્ઞાન) પ્રકાશથી ચંદ્રને જે હાનિ થઈ હતી તેનાથી હજારો ગણો અધિક લાભ પ્રાપ્ત થઈને તે ભક્તિનું ભાજન બની ગયો છે. આમ, રક્ષારૂપ છત્રત્રય સમવસરણના અનુપમ સૌંદર્યમાં આગવું સ્થાન ધરાવે છે. જેમ મુકુટરહિત રાજા, ધજા વિનાનું મંદિર કે પૂંછડી વિહીન પશુઓ શોભાહીન અને અપશુકન લાગે તેમ છત્રરહિત સમવસરણ અકલ્પ્ય છે. છત્રયુક્ત સમવસરણ પૂર્ણ કળા, સર્વોત્તમ સૌંદર્ય અને મહાશુકન સમાન છે.

છત્રોના મહત્ત્વને બુદ્ધિગમ્ય રાખવા છતાં તેની કેવળ બાહ્ય શોભા નથી કેમ કે તે પ્રભુના જેટલા મહત્ત્વપૂર્ણ બાહ્ય ઉપકરણ છે તેટલા જ આ દિવ્ય ઉપકરણો આધ્યાત્મિક સંદેશવાહક પણ છે.

આ કર્મજન્ય વૈભાવિક ચંદ્ર માનવના મનને

**(અનુસંધાન પાના નં. ૨૩ પર...)**

# આત્માની ત્યાગ-ઉપાદાન શૂન્યત્વ શક્તિ (૧૬)

**વલભજી હીરજી 'કેવલ'**

આત્મા સદાય ત્યાગ-ગ્રહણ વગરના પોતાના નિજસ્વરૂપમાં રહે છે. તે નિજસ્વરૂપ કદી ઘટતું કે વધતું નથી. પોતાના એકરૂપ સ્વરૂપમાં સદા રહે ને તે સ્વરૂપમાં ત્યાગ કે ગ્રહણ ન કરે એવી ત્યાગ-ઉપાદાન શૂન્યત્વ નામની શક્તિ આત્મામાં છે. જ્ઞાનમાત્ર આત્માનું જે અનંત ગુણથી ભરેલું નિજસ્વરૂપ છે તે ઘટતું કે વધતું નથી. વિકાર વખતે આત્માનો એક્કેય ગુણ ઓછો થઈ ગયો નથી, ને શુદ્ધતા વખતે એક્કેય ગુણ વધી ગયો નથી. બંને વખતે શુદ્ધદૃષ્ટિથી આત્મા એવો ને એવો બિરાજે છે. આત્મામાં પરનું ગ્રહણ-ત્યાગ નથી. આ રીતે ભગવાન આત્મા ગ્રહણ-ત્યાગ વગર નિજસ્વરૂપમાં સદાય અવસ્થિત રહે છે. એવી તેની ત્યાગ-ઉપાદાન શૂન્યત્વ શક્તિ છે. આવો પૂર્ણ સ્વભાવ સ્વીકારતા તેના આશ્રયે પર્યાયમાં પણ પૂર્ણતા પ્રગટે છે. જ્ઞાનસ્વભાવને અવલંબીને જે પર્યાય પરિણમી તે પર્યાય પણ વિકારના ગ્રહણ વગરની જ છે. આ રીતે દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વિકારના ગ્રહણથી રહિતપણું છે. તે પરમાર્થ આત્મા છે, તે શુદ્ધ નયનો આત્મા છે. તે સમ્યગ્દર્શનનો આત્મા છે.

રાગને જાણે એવો ગુણ આત્મામાં છે પણ રાગને ગ્રહણ કરે એવો ગુણ આત્મામાં નથી. જ્ઞાન અને રાગની સંધિ છેદી નાખી છે. આવો જે જાણનાર સ્વભાવ છું તે જ હું છું — એમ જ્ઞાની પોતાને અનુભવે છે. પર્યાયમાં રાગ વખતેય ભૂતાર્થસ્વભાવ તો રાગ વગરનો જ વિદ્યમાન હતો. અનાદિઅનંત નિજસ્વભાવે જ્ઞાયકભાવપણે જ રહ્યો છે. આત્માને પોતાના અંતરમાં ધ્યેય બનાવતા પર્યાયમાં પણ રાગાદિ પરભાવોનું અકર્તુત્વ થઈ જાય છે, ને એકલું જ્ઞાન પરિણમન રહે છે. એ જ્ઞાન પરિણમનની સાથે આનંદ વગેરે અનંત ગુણોનું નિર્મળ પરિણમન છે, એવો અનેકાન્ત સ્વભાવ છે. આત્મામાં અનંત શક્તિ હોવા છતાં તેનું કાર્ય પોતાનામાં જ છે, પોતાની બહાર પરમાં એક રજકણ માત્રને પણ તે ગ્રહી કે છોડી શકતો નથી. આત્માની અનંત શક્તિઓ આત્મામાં છે, જડની અનંત શક્તિઓ જડમાં છે. બંનેની શક્તિ પોતપોતાનામાં જ કાર્ય કરે છે. એવો જ કોઈ અચિંત્ય વસ્તુસ્વભાવ છે. વસ્તુનો સ્વભાવ બીજા કોઈની અપેક્ષા રાખતો નથી.

લોકમાં નિગોદથી માંડી સિદ્ધપર્યંતના સર્વ જીવો નિજસ્વભાવથી પૂર્ણ ભરપૂર છે, તે પરથી શૂન્ય છે. આત્માનો દ્રવ્યસ્વભાવ ત્રિકાળ એવો ને એવો છે. તેમાં કદી ઘટ-વધ થતી નથી. પોતાનું સ્વરૂપ નિજસ્વભાવથી ભરપૂર ભર્યું છે. તેની પ્રતીતિ કરી સ્વરૂપમાં સ્થિરતા કરવી તે ચારિત્ર છે. સ્વરૂપ સ્થિરતારૂપ આ ચારિત્ર રાગના ત્યાગ સ્વરૂપ છે. આવી જ્ઞાયકસ્વભાવને આલંબીને જે પર્યાય પ્રગટ થાય તે પણ રાગના ગ્રહણ-ત્યાગ રહિત છે. આ રીતે દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેય રાગના - વિકારના ગ્રહણથી ને ત્યાગથી શૂન્ય છે. દરેક ગુણની પર્યાયમાં ત્યાગ-ઉપાદાન શૂન્યતા શક્તિનું રૂપ છે, જેથી જ્ઞાનની પર્યાય પરજ્ઞેયના ગ્રહણ-ત્યાગથી શૂન્ય છે. ચારિત્રની પર્યાય રાગના - વિકારના ગ્રહણ ત્યાગથી શૂન્ય છે. આનંદની પર્યાય આકુળતાના ગ્રહણ-ત્યાગથી શૂન્ય છે. ગ્રહણ-ત્યાગના વિકલ્પનો આત્માના સ્વભાવમાં અભાવ છે. આવા આત્માને જાણે તેને આત્માને જાણ્યો કહેવાય. આત્મા ન્યૂન અધિકતા રહિત પોતાના નિજસ્વરૂપમાં જ સદાય અવસ્થિત છે - એવી તેની ત્યાગ-ઉપાદાન શૂન્યત્વ શક્તિ છે. **(ક્રમશઃ)**

# રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી તથા તેમના આધ્યાત્મિક માર્ગદર્શક શ્રીમદ્ રાજચંદ્રજી

**વિભાબેન એસ. મહેતા**

ભારતની ભાગ્યશાળી ભૂમિમાં અનેક મહારત્નો પાક્યાં છે. તેમાં આજથી લગભગ ૧૫૦ વર્ષ પૂર્વે થયેલા શ્રીમદ્ રાજચંદ્ર, જે રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક હતા. તેઓ પ્રતિભાસંપન્ન અને પરમ તત્ત્વજ્ઞ યુગપુરુષ હતા.

કાઠિયાવાડના વવાણિયા ગામે વણિક કુટુંબમાં વિ.સં. ૧૯૨૪માં કાર્તિકી પૂર્ણિમા રવિવાર તા. ૯-૧૧-૧૮૬૭માં પિતાશ્રી રવજીભાઈ પંચાણભાઈ તથા માતુશ્રી દેવબાઈની પવિત્ર કૂખે શ્રીમદ્ રાજચંદ્રજીનો જન્મ થયો હતો. જન્મનું નામ લક્ષ્મીનંદન પાડવામાં આવ્યું હતું. ચાર વર્ષની વયે તે નામ બદલીને રાયચંદ રાખવામાં આવ્યું.

પિતામહ શ્રીકૃષ્ણભક્ત હતા. માતુશ્રી દેવબાઈ જૈન સંસ્કારો લાવ્યા હતા. બાળવયમાં વૈષ્ણવ સંપ્રદાયનો રંગ વિશેષ હતો. સમય જતા ગામના જૈનોનો સંગ વધ્યો. જૈન ગ્રંથો વાંચ્યાં. તે ગ્રંથોની ઉચ્ચભાવના, જગતના સર્વ જીવોની સાથે મૈત્રીના સિદ્ધાંતોથી પ્રભાવિત થતા ત્યાગપ્રધાન જૈનદર્શન તરફ વધારે ખેંચાયા. તેર વર્ષની વય સુધીમાં જૈન તત્ત્વોના રંગે પૂરેપૂરા રંગાયા.

સાત વર્ષની વયે શાળાભ્યાસ શરૂ થયો. તેમની સ્મરણશક્તિ એવી તીવ્ર હતી કે એક જ વાર પાઠ વાંચી જવાથી તેમને તે પૂરેપૂરો યાદ રહી જતો. બે વર્ષના સમયમાં ગુજરાતી સાતે ચોપડીઓનો અભ્યાસ પૂરો કર્યો. આઠ વર્ષની વયથી તેમણે કવિતા રચવાની શરૂઆત કરી હતી. રામાયણ, મહાભારત પદ્યમાં રચ્યાં. દશમે વર્ષે તો તેઓ ઘણાં વિષયો પર છટાદાર રસિક ભાષણો આપતાં. પછીથી સામયિકમાં લેખ લખ્યાં. એમના નિબંધોને પારિતોષિકો મળ્યાં. સ્ત્રી કેળવણીની ઉપયોગિતા વિષે નિબંધ ઉપરાંત ત્રણ દિવસમાં ઘડિયાળ ઉપર ત્રણસો કડીઓની રચના કરી. બધા લેખો 'રાજચંદ્ર' નામથી લખતાં. એટલે પાછળથી એ નામથી જ પ્રસિદ્ધ થયા. પુષ્પમાળા, મોક્ષમાળા, ભાવનાબોધ જેવી અપૂર્વ ધર્મપ્રધાન પ્રેરણાત્મક ગ્રંથશ્રેણીનું સર્જન કર્યું. વીસ વર્ષ સુધીમાં તેમણે કાવ્યો, ગરબીઓ, નિબંધો, સંવાદો, લેખો, સૂત્રો, વાર્તાઓ વગેરે અનેક ક્ષેત્રે કલમ ચલાવી.

શ્રીમદ્ આજન્મ કવિ હતા. કવિત્વશક્તિ લઈને જન્મેલા. આધ્યાત્મિકતા એમનામાં જન્મથી જ હતી. તેમણે લખેલાં 'અપૂર્વ અવસર' અને 'બહુપુણ્ય કેરા પુંજથી' આ બંને કાવ્યોથી પ્રભાવિત થયેલા પૂ. ગાંધીજીએ સાબરમતી આશ્રમની ભજનાવલીમાં સ્થાન આપ્યું હતું.

સાત વર્ષની વયે તેમને પૂર્વજન્મની ઝાંખી થયેલી. દશ વર્ષની વયે અવધિજ્ઞાન પ્રગટ થયેલું. શ્રીમદ્‌ની ચમત્કારિક સ્મરણશક્તિ, અજબ ધારણાશક્તિ, તીવ્ર ગ્રાહ્યતા એ વિશિષ્ટ શક્તિઓ ઉપરાંત પ્રજ્ઞા વિશેષપણે હતી.

પ્રજ્ઞા એટલે મુખ્યપણે સ્મૃતિ, બુદ્ધિ, મર્મજ્ઞતા, કલ્પના, સામર્થ્ય, તર્કપટુતા, સત્-અસત્, વિવેક-વિચારણા અને તુલના. તેમની અપૂર્વ સિદ્ધિઓથી પ્રભાવિત અંગ્રેજોએ તેમને 'સાક્ષાત્ સરસ્વતી' અને 'હિન્દના હીરા'ના માનભર્યા બિરુદ આપેલા.

લગભગ સવાસો જેટલા જૈન તથા ઈતરગ્રંથોના અભ્યાસ ઉપરાંત નરસિંહ, મીરાં, આનંદઘન, તુલસીદાસ, અખો, પ્રીતમ, ભર્તૃહરિ, કબીર, દયારામ, સૂરદાસ, છોટમ, મુક્તાનંદ,

ધીરો, સહજાનંદ, બનારસીદાસ વગેરેની રચનાઓનો તેઓએ અભ્યાસ કરેલો. આ ગ્રંથો અને રચનાઓમાંથી સેંકડો અવતરણો એમણે સમજણ સાથે પોતાના લખાણોમાં આપ્યા છે. તેમની ગ્રહણશક્તિ અદ્ભુત હતી.

શ્રીમદ્‌નું સમગ્ર વ્યક્તિત્વ ગંભીર ચિંતન અને સતત ધર્માભિમુખતાનું પ્રતિબિંબ છે. બાળપણથી જ લાગેલી ઉન્નત જીવન જીવવાની ધૂન, જાતિસ્મરણજ્ઞાન, ગહન શાસ્ત્રાધ્યયન અને વધતો જતો વૈરાગ્ય - આ બધા સત્સાધનોના અનુષ્ઠાન દ્વારા તેઓશ્રીને ૨૪ વર્ષની ઉંમરે શુદ્ધ આત્મજ્ઞાનની સંપ્રાપ્તિ થઈ હતી. શુદ્ધ આત્મજ્ઞાનની પ્રાપ્તિ પછી પણ તેઓએ સતતપણે આત્મબળની વૃદ્ધિ કરી, દેહવિલયપર્યંત મોક્ષમાર્ગમાં વાયુવેગે પ્રવાસ કર્યો હતો અને એકાવતારીપણું સિદ્ધ કરી દર્શાવ્યું હતું. માત્ર ૩૩ વર્ષના અલ્પ આયુષ્યવાળા જીવનમાં અપૂર્વ આત્મસિદ્ધિ પ્રગટ કરી હતી.

આફ્રિકામાં મહાત્મા ગાંધીજીનું ધર્મમંથન તીવ્રકક્ષાએ પહોંચ્યું હતું. તેમણે ભારતના અનેક ધર્માચાર્યો સાથે પત્રવ્યવહાર કર્યો હતો. છતાં હિન્દુધર્મની સંપૂર્ણતા વિષે નિશ્ચય ન કરી શક્યા. અનેક સંપ્રદાયો, નાતજાત વગેરેમાં તેઓ ગૂંચવાઇ ગયા હતા. ધર્માન્તર કરવાનો પ્રશ્ન મૂંઝવતો હતો. ત્યારે તેમણે શ્રીમદ્ રાજચંદ્રને સંભાર્યા. સત્તાવીસ જેટલા મૂંઝવતા પ્રશ્નો પૂછ્યા. આત્મા, ઈશ્વર, મોક્ષ, આર્યધર્મ, વેદની રચના, ગીતા ઈશ્વરકૃત છે કે કેમ, બાઇબલ, ઈશુના ચમત્કાર, અભણને મોક્ષ મળે વગેરે મૂળભૂત, તાત્ત્વિક અને વ્યવહારિક બેરીસ્ટરની બુદ્ધિને છાજે તેવા પ્રશ્નો પૂછ્યા હતા. શ્રીમદ્દે પ્રજ્ઞા અને અનુભવજ્ઞાનથી, સમત્વથી સમાધાનકારક ઉત્તરો આપ્યા; જેમાં શ્રીમદ્‌નું અગાધજ્ઞાન, સત્યનિષ્ઠા તેમજ સમદર્શિતા દૃષ્ટિગોચર થાય છે. પૂ. ગાંધીજીની ધર્મજિજ્ઞાસા તે સમયે એવી તીવ્ર હતી કે શ્રીમદ્‌નું આધ્યાત્મિક માર્ગદર્શન ન હોત તો ગાંધીજી આફ્રિકાથી યા તો માઈકલ અથવા મોહમ્મદ થઈને આવ્યા હોત. આમ, શ્રીમદ્‌નું ગાંધીજી ઉપર અને તે દ્વારા રાષ્ટ્ર ઉપર ઘણું મોટું ઋણ છે કે ગાંધીજી ધર્માન્તર કરતા અટકી ગયા.

વર્તમાન શતાબ્દીના વિરલ સ્વરૂપનિષ્ઠ ધર્માત્મા, પરમ કરુણાનિધાન મહાપુરુષ એટલે શ્રીમદ્ રાજચંદ્ર. શ્રીમદ્જી એટલે અધ્યાત્મ ગગનમાં ઝળકી રહેલી અદ્ભુત જ્ઞાનજયોતિ ! અર્વાચીન વિશ્વની એક વિરલ વિભૂતિ !

પ્રયોગવીર, વિશિષ્ટ તર્કશક્તિના સ્વામી, ભારતની પુનિત ભૂમિને વિભૂષિત કરનાર પરમ જ્ઞાનભાસ્કર, જ્ઞાનમૂર્તિ, સાક્ષાત્ સરસ્વતી. આવા સામર્થ્યવાળા શ્રીમદ્‌નો મહાત્મા ગાંધીજી સાથે પરિચય થયો. બે મહાન યુગ-પુરુષોનું મિલન થયું. વિલાયતથી બેરિસ્ટર થઈ આવેલા મહાત્મા ગાંધીજી વકીલાત અર્થે લગભગ બે વર્ષ મુંબઈમાં રોકાયેલા. આ રોકાણ દરમ્યાન મોહનદાસ ગાંધીનો શ્રીમદ્ સાથે મુંબઈમાં સંપર્ક થયો. શ્રીમદ્‌ની પ્રથમ મુલાકાતથી જ તેઓ અત્યંત પ્રભાવિત થઈ ગયા. આ મિલનમાં કાંઈક પૂર્વના ગાઢ ઋણાનુબંધના સંકેત મળે છે. આટલી નાની વયે ગાંધીજી રાજચંદ્રને પોતાના આધ્યાત્મિક માર્ગદર્શક તરીકે સ્વીકારે એ ઘટના પણ બંને પ્રત્યે માન પ્રેરે તેવી છે. પોતાનાથી ફક્ત બે વર્ષ મોટા રાયચંદભાઈને ગાંધીજી ગુરુસમા આધ્યાત્મિક માર્ગદર્શક તરીકે સ્વીકારી ઉચ્ચ સ્થાને સ્થાપે એમાં ગાંધીજીની જિજ્ઞાસા, નમ્રતા, ગુણગર્વિતાના દર્શન થાય છે. શ્રીમદ્‌ની સૌજન્યતા અને જિજ્ઞાસા સંતોષવાની ખેવના મૂર્તિમંત થાય છે. શ્રીમદ્‌ના સત્સંગથી ગાંધીજીનો એમના પ્રત્યે ભક્તિભાવ ઉત્તરોત્તર વધતો ગયો. એમના સંબંધો ખૂબ ધર્મિષ્ઠ અને આત્મીય રહ્યાં હતાં.

ગાંધીજી શ્રીમદ્‌ની અદ્‌ભુત સ્મરણશક્તિ, બહોળું શાસ્ત્રજ્ઞાન, શુદ્ધ ચારિત્ર્ય અને તેમની આત્મદર્શન કરવાની ધગશ જોઈ તેમના પ્રત્યે પૂજ્યભાવ ધરાવતાં થઈ ગયા. ગાંધીજીને ખાતરી થઈ ગઈ કે આ કોઈ વિરલ પુરુષ છે, જે સતત આત્મદર્શન માટે જ જીવન વ્યતીત કરે છે. ગાંધીજીની ભારતમાં ધાર્મિક પુરુષની, તત્ત્વજ્ઞાનીની શોધ પછી એમણે શ્રીમદ્‌જી વિષે લખ્યું કે "જેમ જેમ હું તેમના જીવન અને લખાણો વિષે વિચારું છું તેમ તેમ આ કાળના ઉત્તમોત્તમ ભારતીય પુરુષ છે એમ પ્રતીતિ થાય છે. ધાર્મિક અનુભૂતિ વિષે તેઓને ટોલ્સ્ટોયથી કેટલાયે આગળ ગણું છું. એમની તોલે આવે એવો એક પણ આત્મજ્ઞાની પુરુષ મારા જોવામાં આવ્યો નથી."

ગાંધીજીના જીવન પર ઊંડી છાપ પાડનાર ત્રણ આધુનિક મહાનુભાવો ટોલ્સ્ટોય, રસ્કિન અને શ્રીમદ્ રાજચંદ્ર હતા. સહુથી વિશેષ ગાંધીજી પર ઊંડી છાપ પાડનાર શ્રીમદ્‌જી વિષે પોતાના હૃદયના ઊંડાણમાંથી લખે છે કે, "ઘણી વાર કહીને લખી ગયો છું કે, મેં ઘણાના જીવનમાંથી ઘણું બધું લીધું છે, પણ સૌથી વધારે કોઈના જીવનમાંથી મેં ગ્રહણ કર્યું હોય તો તે કવિશ્રીના જીવનમાંથી છે. દયાધર્મનું તેમની પાસેથી મેં કૂંડા ભરીને પાન કર્યું છે. આપણે સંસારી જીવો છીએ. ત્યારે શ્રીમદ્ અસંસારી હતા. વ્યાપારમાં પણ ધર્મપાલન સંપૂર્ણ રીતે થઈ શકે છે તે સાબિત કરી બતાવ્યું હતું આપણને અનેક યોનિઓમાં ભટકવું પડશે. શ્રીમદ્ વાયુવેગે મોક્ષ તરફ ધસી રહ્યા હતા."

શ્રીમદ્‌નો આધ્યાત્મિક અભિગમ, એમનું વિશાળ અધ્યયન, તટસ્થવૃત્તિ, સતત જાગૃતપણું, નિરાડંબરીપણું, નિઃસ્વાર્થતા અને વિનમ્રતા ગાંધીજીને સ્પર્શી ગયા. સર્વધર્મનું મૂળ આત્મધર્મ છે એ સત્ય ગાંધીજીએ આત્મસાત્ કર્યું. તેમને સમજાયું કે અહિંસા વિના સત્યની શોધ અસંભવિત છે અને ગાંધીજીની માન્યતા પલટાઈ ગઈ. અહિંસા ગાંધીજીના રૂંવે રૂંવે ઓતપ્રોત થઈ ગઈ. અપરિગ્રહની પણ પ્રબળ અસર ગાંધીજી પર પડી. રાયચંદભાઈના જીવનમાંથી ચાર ચીજો ગાંધીજી શીખ્યા અને અપનાવી : (૧) શાશ્વત વસ્તુમાં તન્મયતા, (૨) જીવનની સરળતા, (૩) સત્ય, (૪) અહિંસામય જીવન. આ ઉપરાંત ગાંધીજીએ બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું, રાત્રિભોજનનો ત્યાગ કર્યો. જૈનધર્મની સૂક્ષ્મ ઊંડી વ્યાપક અહિંસાની ભાવનાને ગાંધીજીએ ક્ષિતિજના પરિઘ સુધી વિસ્તારી દીધી અને સત્યાગ્રહમાં વિનિયોગ કર્યો.

ગાંધીજીના ચારિત્ર્ય ઘડતર, માનસ ઘડતર અને મહાત્મા તરીકેના વિકાસમાં શ્રીમદ્‌ના અધ્યાત્મનો અદ્‌ભુત વિનિયોગ રહ્યો છે. ગાંધીજીનું ચારિત્ર્યનિર્માણ શ્રીમદ્‌ને આભારી છે. ગાંધીજીએ પણ જાહેરમાં શ્રીમદ્‌નો ઋણસ્વીકાર કર્યો છે.

શ્રીમદ્ રાજચંદ્રજી અને મહાત્મા ગાંધીજી વચ્ચેનો અભૂતપૂર્વ અનુયોગ તે ભારતની આઝાદી, સંસ્કૃતિ અને માનવજાત માટે ફળદાયી નીવડ્યો છે. જે કુદરતની પૂર્વયોજિત યોજનાનું ફળ છે. એક જ સદીમાં બે મહાન વિભૂતિઓએ ગુજરાતની ધરતી પર જન્મ ધારણ કર્યો એ ગુજરાતનું ગૌરવ છે.

• • •

## હે નાથ !

**અનંતકાળમાં નાથ અનંત મળ્યા છતાં પણ હે પ્રભુ !**
**સનાથ હું કદી થઈ શક્યો નહીં, એ વ્યથા કોને કહું ?**

**દીન અને અનાથનો હે નાથ ! તું મુજને મળ્યો,**
**થયો સનાથ હું ત્યારથી ને, સફળ આ મુજ ભવ થયો.**

**દુઃખ શાનું ? શાની ચિંતા ? એક તું મુજને મળ્યો,**
**લાખો અનંતોમાં મળે ના, નાથ તું એવો મળ્યો.**

**નાથ બીજો કોઈ ન થાજો, એ જ આશ મુજ મન મહીં,**
**આશ પૂરજો નાથ મારી, દાસ રહું ભવોભવ મહીં.**

# મૈત્રીભાવના

**નવનીતભાઈ પી. શાહ**

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે એમ આજનું આધુનિક સામાજિક વિજ્ઞાન સ્વીકારે છે. સમૂહમાં શિષ્ટાચારપૂર્વક પ્રેમથી, સહૃદયતાથી, સહકારથી, સહનશીલતા બતાવી સંગઠનમાં રહેવાના સંસ્કાર માનવીએ કેળવ્યા છે. જે જાતિ, જ્ઞાતિ, ગામ કે દેશના સમુદાયે આ ગુણો વિકસાવ્યા તે સમુદાયે ખૂબ પ્રગતિ કરી એનો ઇતિહાસ સાક્ષી છે. અને જે સમુદાય સ્વાર્થ, અદેખાઈ, વૈરભાવથી એકબીજાના પગ ખેંચતો રહ્યો તેની પડતી થતી ગઈ અને ઇતિહાસની તવારીખમાંથી તેઓ ભૂંસાઈ ગયા - તેમનું અસ્તિત્વ જ ન રહ્યું.

પ્રેમ અને સહકારના આ ગુણોને એક શબ્દમાં મૂકવા હોય તો તે શબ્દ છે - 'મૈત્રીભાવ'.

મનુષ્યના જીવનના કોઈપણ ક્ષેત્રે મૈત્રીભાવ અગત્યનો છે - પછી તે ક્ષેત્ર વ્યક્તિગત હોય, પારિવારિક હોય, વ્યવસાયિક હોય, શૈક્ષણિક હોય, સામાજિક હોય કે પછી આધ્યાત્મિક હોય - દરેક ક્ષેત્રે પ્રગતિના સોપાનની શરૂઆત મૈત્રીભાવનાથી જ થાય છે.

આમ તો પોતાના જીવનને સુમધુર અને સંસ્કારી બનાવવા માટે ઘણા ગુણોને કેળવવાની જરૂર છે; પણ બીજા અનેક ગુણોનો આધારસ્તંભ છે - મૈત્રીભાવના. સૃષ્ટિના સર્વ જીવ પ્રત્યે મૈત્રીભાવનામાંથી જ જન્મે છે - અહિંસા. મનુષ્ય-મનુષ્ય વચ્ચે તો મૈત્રી ખરી જ; પણ પશુ-પક્ષીની સૃષ્ટિ પ્રત્યે પણ મૈત્રી; વનસ્પતિ જગત પ્રત્યે પણ મૈત્રી; પર્યાવરણ પ્રત્યે પણ મૈત્રી, અરે ! આ વિશ્વના દરેક તત્ત્વો પ્રત્યે મૈત્રી એ મનુષ્યનું પવિત્ર કર્તવ્ય છે. દયાની ભાવના પણ આવી મૈત્રીભાવનામાંથી જ ઉત્પન્ન થાય છે.

અન્ય પ્રત્યે દ્વેષ એ તો માનવીનું વિકૃત સ્વરૂપ છે. એથી તો સંઘર્ષ, તણાવ, જાનહાનિ અને યુદ્ધો જ ઊભા થાય છે. મૈત્રીએ માનવીનું સ્વાભાવિક સ્વરૂપ છે. તેનાથી તો સુખ, શાંતિ અને પ્રગતિ ઉદ્ભવે છે અને એટલે જ મહાપુરુષોએ હંમેશાં મૈત્રીનો ઉપદેશ આપ્યો છે. રાજકારણના ક્ષેત્રે પણ મૈત્રી મહત્ત્વનો ભાગ ભજવે છે. જો પડોશી-દેશો વચ્ચે દ્વેષભાવ ન હોય અને મૈત્રી-કરાર હોય તો બંને પક્ષે સામાજિક અને આર્થિક ક્ષેત્રે બહુ સારી પ્રગતિ થાય છે.

શબ્દકોશ પ્રમાણે 'મિત્ર'નો અર્થ છે : ગાઢ અને પ્રેમાળ સંબંધવાળી વ્યક્તિ. અને એટલે જ ઘણીવાર જોવામાં આવે છે કે કુટુંબીજનો કરતાં મિત્રોનો સંબંધ વધુ ગાઢ હોય છે, વધુ ઘનિષ્ઠ હોય છે અને વધુ હુંફાળો હોય છે. તકલીફના સમયમાં મિત્રો જ વધુ મદદગાર બને છે. એટલે તો કહ્યું છે : A Friend in need is a friend indeed. મૈત્રીનો સંબંધ નિઃસ્વાર્થ હોવો જરૂરી છે. કંઈક પડાવી લેવાની સ્વાર્થી ઇચ્છા કરતાં મિત્ર માટે ભોગની ભાવના હોવી બહુ જરૂરી છે. એ જ સાચી મિત્રતા છે; અને તો જ મૈત્રીનો સંબંધ ટકી રહે.

અધ્યાત્મ-જગતમાં તો મૈત્રીભાવનાનું ખૂબ મહત્ત્વ છે. અધ્યાત્મ-જગતની સીમાઓની શરૂઆત જ મૈત્રી ભાવનાથી થાય છે. અધ્યાત્મના ઊંચા શિખરોના પાયામાં મૈત્રીભાવના છે. એટલે જ શ્રી ચિત્રભાનુએ મૈત્રીભાવના પવિત્ર ઝરણાને કાવ્યરૂપે વહેતું મૂક્યું અને દેશ-પરદેશના જૈન સોશ્યલ ગ્રુપોના લાખો સભ્યોનો એ જીવનમંત્ર બની ગયું. મૈત્રીભાવના તાંતણે ગુંથાઈને આ સૌ સભ્યો કેવા સુંદર કાર્ય કરી રહ્યા છે.

અધ્યાત્મયોગી શ્રીમદ્ રાજચંદ્રે એમના અંતિમ

**(અનુસંધાન પાના નં. ૧૦ પર...)**

# સદાચાર

**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

શ્રેષ્ઠ આચાર એટલે સદાચાર. સદાચારના મૂળ લક્ષણો - તત્ત્વો માનવમાત્રને માટે ઉપયોગી છે. પણ દુનિયામાં દેશકાળના આધારે કે કુલ પરંપરાના આધારે આચારને મહત્ત્વ આપવામાં આવે છે. આથી ઘણીવાર એવો ખ્યાલ જોવા મળે છે કે હું જે કાંઈ પણ આચરણ કરું છું એ જ સદાચાર છે. જોકે દરેક વ્યક્તિએ એવું માનવું જોઈએ કે જે કોઈ પણ સત્ આચરણ છે તે મારા માટે અનુકરણીય છે.

સામાજિક અને ધાર્મિક સંદર્ભમાં જોવામાં આવે તો જે વ્યક્તિમાં નિર્ભયતા, મૃદુતા, સત્ય, સરળતા, કરુણા, ધીરજ, અનાસક્તિ, સ્વાવલંબન, શિસ્ત-સહિષ્ણુતા, કર્તવ્યનિષ્ઠા, અપરિગ્રહવૃત્તિ અને પ્રામાણિકતા જેવા ગુણો હોય તે વ્યક્તિ નીતિવાન કહેવાય અને તે જ સદાચારી છે.

આચાર્યશ્રી તુલસીએ ટૂંકમાં આ ગુણોનું વિવરણ નીચે મુજબ આપ્યું છે :

**૧. નિર્ભયતા :** જે વ્યક્તિ સત્યને વળગેલી હોય, અન્યાયનો સામનો કરતી વખતે ભયભીત ન થતી હોય, પોતાની ભૂલ જણાતા તેનો સ્વીકાર કરવામાં સંકોચ ન અનુભવે અને મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરવા સદાય તત્પર હોય તેવી વ્યક્તિ નિર્ભયતાનો ગુણ ધરાવે છે એવું કહી શકાય.

**૨. મૃદુતા :** મૃદુતા એટલે કોમળતા. સામૂહિક જીવનની સફળતા માટે આ ગુણની અતિ આવશ્યકતા છે. જેનો સ્વભાવ મૃદુ હોય તેમાં જડતા નથી હોતી, પણ પરિવર્તનશીલતા અને અનુકૂલન સાધવાની શક્તિ હોય છે. વ્યવહારમાં પણ ઘણીવાર કડકાઈથી જે કામ નથી થતું તે મૃદુ વર્તનને કારણે સહેલાઈથી થઈ જાય છે.

**૩. સત્ય :** સત્ય એટલે યથાર્થતા - જે તથ્ય જેવું હોય તેવું જાણવું - માનવું - સ્વીકારવું અને નિભાવવું તેનું નામ સત્ય. સત્યની સાધના કાંઈ સરળ નથી, મુશ્કેલ છે. પણ તે આત્માને સંતુષ્ટ કરનારી છે. સત્યનિષ્ઠ વ્યક્તિ કદી પોતાનો સ્વાર્થ સાધવા માટે અસત્યનો આશ્રય લેતી નથી. હરિશ્ચંદ્ર જેવા સત્યવાન માણસો આજે પણ માનવસંસ્કૃતિનું ગૌરવ ગણાય છે. નજીકના કાળમાં મહાત્મા ગાંધીજીએ પણ સત્યના પ્રયોગો જીવનમાં આદરી ભારતની આઝાદી માટે મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

**૪. સરળતા :** સરળતા એ સદાચારની મુખ્ય આધારશિલા છે. સરળતાથી ખેડાયેલી જમીનમાં જ સદાચારનો છોડ વિકસે છે. દંભી વ્યક્તિ કદી સદાચારી હોઈ શકે નહીં.

**૫. કરુણા :** કરુણા એ સદાચારનું મૂળ છે. જે વ્યક્તિના હૃદયમાં કરુણા હોતી નથી તે કદી અહિંસાના સિદ્ધાંતને સમજી શકે નહીં. જેનામાં અહિંસા વિકસતી નથી તેમાં સમતાનો વિકાસ થઈ શકતો નથી. અહિંસાની ભાવના જ વ્યક્તિને બીજાનું અહિત કરતા અટકાવે છે.

**૬. ધીરજ :** ધીરજથી વ્યક્તિના મનમાં સદાચાર પ્રત્યેની આસ્થા દૃઢ થાય છે. સામાન્યરીતે કોઈ વ્યક્તિ જ્યારે સારું કામ કરે ત્યારે તેનું ફળ તેને તાત્કાલિક મળતું નથી. આથી તે ઘણીવાર દુરાચાર તરફ વળી જાય છે, પણ જે વ્યક્તિમાં ધીરજ હોય છે તે સારા કે ખરાબ ફળની પરવા કર્યા વગર પોતાના સત્કાર્યમાં લાગેલી જ રહે છે.

**૭. અનાસક્તિ :** અનાસક્તિ એટલે આસક્તિ - મોહનો અભાવ. ભૌતિક પદાર્થોમાં આસક્ત વ્યક્તિ તેવા પદાર્થોને પ્રાપ્ત કરવામાં ખરાબ કાર્ય કરવામાં સંકોચ પામતી નથી. પણ જે વ્યક્તિની આસક્તિ દૂર થઈ જાય તેને ખરાબ કાર્યનો વિચાર પણ આવતો નથી.

**૮. સ્વાવલંબન :** જે વ્યક્તિ પરાવલંબી હોય છે તે વ્યક્તિ પોતાની શક્તિ-સંપત્તિ કે સત્તાના જોરે

**(અનુસંધાન પાના નં. ૪૨ પર...)**

# નિયમમાં શિસ્ત અને નીતિમાં સદ્‌ગુણ અભિપ્રેત છે

**ગુણવંત બરવાળિયા**

નીતિ અને નિયમ પર જ્ઞાનીઓએ વચનો કહ્યાં છે અને શ્રુતજ્ઞાનમાં લખાણોની શૃંખલા રચાણી છે. મહાત્મા ભતૃહરિથી લઈને મહાત્મા ગાંધીજીએ વિશિષ્ટ ચિંતન પ્રગટ કર્યું છે. નીતિ અને નિયમ બંને અલગ છે, છતાં એકબીજાને પૂરક છે. જે સમય અનુસાર ઘડાય તે નિયમ અને ત્રણે કાળમાં શાશ્વત હોય તે નીતિ છે.

નીતિ શાશ્વત તત્ત્વ છે. નિયમમાં શિસ્ત અને નીતિમાં સદ્‌ગુણ અભિપ્રેત છે. સદ્‌ગુણ વગરની સાધના પ્રાણ વગરના ખોળિયા જેવી છે. એકડા વગરના મીંડા જેવી અને ખેતરમાં ઉગેલા ચાડિયા જેવી નિષ્પ્રાણ છે. ધર્મ કરવો, કરાવવો ને ધર્મ કરનાર પ્રત્યે અનુમોદના કરવી તે નીતિ છે. ધર્મ પાળવામાં અવરોધ ન પડે, ધર્મમાં દૃઢ થવામાં સહાયક થાય માટે જડતારહિત સમયાનુસાર વિવેકપૂર્ણ નિયમો ઘડવામાં આવે તે કલ્યાણકારક બને છે.

નીતિ જે એક દીર્ઘકાલીન શાશ્વત પરંપરા છે, જ્યારે સમય અને કાળનો પ્રવાહ નિયમોને હંમેશાં સ્પર્શે છે.

પ્રથમ તીર્થંકર ઋષભદેવથી ૨૩મા તીર્થંકર પાર્શ્વનાથ સુધીના સાધુઓ માટે વસ્ત્ર શ્વેત જ હોય તેવો નિયમ ન હતો કારણ કે ચતુર્વિધ સંઘમાં ઋજુતા અને સરળતા વિદ્યમાન હતાં, આસક્તિ અને પરિગ્રહ મૂર્છા પાતળી હતી. અહીં સાધુતાને વસ્ત્રોની વિવિધતા કે રંગના વિકલ્પમાં અટવાઈ જવાની ભીતિ ન હતી. ચરમ તીર્થંકર પ્રભુ મહાવીરના સમયમાં સાધુઓને શ્વેત વસ્ત્ર પહેરવાના નિયમો થયા. અહીં વક્રતા અને જડતા વ્યાપ્ત થઈ હતી. વિકલ્પના વનમાં ભૂલા પડવાનો ભય નિવારવા અને ભાવિના વૈશ્વિક તાપમાનના ધખારાથી બચવા આમ કરવું પડ્યું. પરિગ્રહના પહાડ પર સાધનાના કપરા ચડાણ ન ચડી શકાય માટે અપરિગ્રહનો વ્રત નિયમમાં સમાવેશ કર્યો.

મોક્ષમાર્ગ એ શ્રમણ પરંપરા અને ભારતીય સંસ્કૃતિનો પ્રાણ છે. સાચી સાધના વગર મોક્ષમાર્ગ મળતો નથી. એ માર્ગે જવાય તેવું જીવન જીવવું એ ધર્મની નીતિ છે. માટે જ ધર્માચાર્યો પ્રત્યેક યુગ અને કાળને અનુસરીને નિયમો આપતા હોય છે, જેથી એ નિયમોને અનુસરતી જીવનશૈલી સાધનામાં સહાયક બને.

સ્વેચ્છાએ ગુરુ પાસે સમજણપૂર્વક ગ્રહણ કરેલા નિયમો બોજ બનતા નથી. યોગ-ઉપયોગની સંધિ જીવનમાં નિયમો પાળવા સહજ બનાવે છે.

પરિવાર, સમાજ અને રાજ્યમાં પણ નીતિ અને નિયમોનો વિવેકપૂર્ણ ઉપયોગ જીવનમાં સહાયક બને.

પુત્ર કહે, ''પિતાજી ! ફેક્ટરીના કામદારોમાં તંગ વાતાવરણ છે. આજે હડતાલ પડવાનો ભય છે. માટે મારે તાત્કાલિક ફૅક્ટરીએ પહોંચવું જરૂરી છે. તમે આ મારું બેંકનું અરજન્ટ કામ જરા પતાવી આપશો ?''

પુત્રવધૂ પ્રસૂતિને કારણે હૉસ્પિટલમાં છે, નહિ તો તે જ બેંકના આવા કામમાં પતિને સહાય કરે.

પિતાને એ જ સમયે દરરોજ સામાયિક કે પૂજા કરવાનો નિયમ છે. પરંતુ અહીં પિતાએ પુત્રને મદદ કરવી એ નૈતિક ફરજ છે. આ કામ પતાવી પછી સામાયિક કે પૂજા કરી શકાય. આવું જ મા-

**(અનુસંધાન પાના નં. ૩૪ પર...)**

# દિનચર્યાની ભાવના

**સંકલન : પૂર્ણિમાબેન શાહ**

જે સમયે જે કામ કરતા હોઈએ તે સમયે તેને લગતી ઉત્તમ ભાવના અવશ્ય વિચારવી જોઈએ.

શ્રી ભરત ચક્રવર્તીએ આવી ભાવનાથી કર્મના બંધન ઓછા કર્યા, અને વિશેષ પ્રબળ ભાવના ભાવતાં તેમને કેવળજ્ઞાન પ્રગટ થયું. આપણે પણ દરરોજ આવી ભાવનાઓ વિચારીએ - ભાવીએ.

૧. સવારે ઊઠી શરીરબાધા - પેટનો કચરો દૂર થવાથી સુખ અનુભવું છું તેનાથી અનંતગણું સુખ, રાગ-દ્વેષ અને મોહરૂપી ભાવબાધા દૂર કરવાથી મને થશે. અશુચિમય શરીરનો મોહ મને નાશ પામો. એવા શરીરથી સત્કર્મ કરી લેવું એ જ જીવનની સફળતા છે.

૨. દાંત સાફ કરતાં - મુખને સ્વચ્છ કરતાં જે આનંદ થાય છે, તેનાથી અનંત ઘણો આનંદ આત્માને સ્વચ્છ કરવાથી થશે એમ વિચારવું.

૩. સ્નાન કરતાં – શરીરનો મેલ દૂર કરું છું તેવી રીતે ક્રોધ, માન, માયા, લોભ, વિષયાદિ આત્માનો અંતરંગ મેલ દૂર કરીશ ત્યારે ધન્ય થઈશ.

૪. વસ્ત્રો પહેરતાં – શરીરની રક્ષા અને શોભા વધારું છું, તેમ આત્માની રક્ષા વ્રતનિયમથી અને શોભા જ્ઞાન-ધ્યાનથી કરવી શ્રેયસ્કર છે એમ વિચારવું.

૫. આહાર કરતાં – શરીરના પોષણ માટે રોજ ભોજન કરું છું, તેમ આત્માના પોષણ માટે અમૃત ભોજનનો આહાર કરું.

૬. જયણાપૂર્વક બનાવેલો આહાર લઈ અને જયણાથી બધું કામ પોતાના હાથે કરીશ ત્યારે ધન્ય થઈશ.

૭. જમતી વખતે – સ્વાદ માટે ખાઉં છું, અનેક વસ્તુ ખાઉં છું તે માટે ધિક્કાર છે. સ્વાદને જીતીને ઓછી વસ્તુ જમવામાં લેવી તે હિતકર છે. ભૂખ વગર જમવું તે વિષ સમાન છે. સાદું, પથ્ય અને જરૂર પ્રમાણે ભોજન લેવું તે આરોગ્યનું મૂળ છે, એમ વિચારવું.

૮. આ જિંદગી માટે કમાઉં છું – ધન ભેગું કરું છું, તેમ પરલોકની ખરચી માટે ધર્મરૂપી ધન ભેગું કરીશ ત્યારે ધન્ય થઈશ.

૯. ધન સંપત્તિ અહીં પડી રહેશે – પરંતુ સુપાત્રદાન, જ્ઞાનની ઉન્નતિ અને આદરેલી - આચરેલી અહિંસા પરલોકમાં સાથે આવશે. માટે ધનનો સંગ્રહ કરવા કરતાં તેનો સદ્‌વ્યય કરવો યોગ્ય છે એમ ભાવવું.

૧૦. ડાબલી જેવા શરીરની હું ચિંતા કરું છું અને રત્નસમાન આત્માની રક્ષા ભૂલી જાઉં છું, તે માટે મને ધિક્કાર છે.

૧૧. શરીરને દુ:ખ થતાં, રોગ થતાં એનો ઉપાય કરું છું, પણ આત્માના રોગ માટે - અજ્ઞાન તથા વિષયકષાયરૂપી રોગ માટે કંઈ ઈલાજ નથી થતો તે માટે ધિક્કાર છે.

૧૨. પાંચ ઈન્દ્રિય રૂપી ચોર, જ્ઞાન-ચારિત્ર રૂપી ધન લૂંટે છે, કામભોગ રૂપી અગ્નિથી આત્મધન અને આત્મ સુખનો નાશ થાય છે. તેમાં હું મદદ કરું છું તે માટે ધિક્કાર છે.

૧૩. આત્માને ભૂલીને કુટુંબ-પરિવાર, કીર્તિ અને વૈભવમાં પોતાપણું માનું છું તે મારા અજ્ઞાન-મિથ્યાત્વનો નાશ થાઓ અને સત્‌ચારિત્ર પ્રગટ થાઓ.

૧૪. શરીરની સંભાળમાં આખું આયુષ્ય, સંપત્તિ અને શક્તિનો વ્યય કરું છું, પરંતુ આત્મહિત કે જે શરીર કરતાં અનંતગણું મહત્ત્વનું છે તે પ્રત્યે પ્રમાદ સેવું છું તે મને ધિક્કાર છે.

૧૫. દિવસના ચાર ભાગ પાડું અને તે પ્રમાણે સમય વ્યતીત કરું –

(૧) છ કલાક નિદ્રા, (૨) છ કલાક વ્યવસાય કે ઘરના કામ, (૩) છ કલાક શરીર કે વ્યવહારના કાર્યો, (૪) છ કલાક સત્સંગ, ધાર્મિક વાંચન, મનન, ધ્યાન, મૌન વગેરે.

૧૬. જીવનની જરૂરિયાતો ઘટાડું તથા સંયમ, ત્યાગ અને જ્ઞાનની વૃદ્ધિ કરું.

૧૭. દાન અને સત્કાર્યો એ પરોપકારના કાર્યો ખરી રીતે તો મારા આત્મા માટે જ ઉપકારી છે. પરલોકમાં એ જ બધું મારી સાથે આવશે. આજ સુધી મોહ અને અજ્ઞાનને કારણે શરીર, ભોગ અને પરિવારને માટે બુદ્ધિ, શક્તિ અને સંપત્તિનો વ્યય કર્યો છે, હવેથી બુદ્ધિ, શક્તિ અને સંપત્તિ સત્કાર્યમાં વાપરીશ.

૧૮. રાત્રે સૂતા પહેલાં ભાવપ્રતિક્રમણ કરવું. દિવસ-દરમ્યાન કરેલા કાર્યોને યાદ કરી, જે જે દોષો થયા હોય તેનો પશ્ચાત્તાપ કરવો. કોઈને દુઃખ પહોંચાડ્યું હોય તેની મનથી માફી માગવી. સર્વ જીવનું સુખ ઈચ્છવું.

અઢાર પાપસ્થાનકમાંથી જે કોઈ પાપ મેં સેવ્યું હોય, સેવરાવ્યું હોય, સેવતા પ્રત્યે અનુમોદ્યું હોય તે સવિ મન-વચન-કાયાએ કરી "મિચ્છામિ દુક્કડં."

આ ભાવપ્રતિક્રમણ તે પાપનો ત્યાગ છે. તેનાથી કર્મોની નિર્જરા થાય છે અને આત્મા શુદ્ધ થાય છે.

સર્વ જીવમાં મનુષ્ય વધુ બુદ્ધિશાળી છે. હિત અને અહિતનો વિચાર અને કલ્યાણના માર્ગે પ્રગતિ અને અંતે સિદ્ધગતિની પ્રાપ્તિ થઈ શકે છે – માત્ર માનવભવથી અને તે પણ ઉત્તમભાવના ભાવવાથી.

"જ્ઞાન, ધ્યાન, વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;
તે ભાવે શુભ ભાવના, તે ઊતરે ભવપાર."

● ● ●

## નિયમમાં શિસ્ત અને નીતિમાં સદ્ગુણ અભિપ્રેત છે...


(પાના નં. ૩૨ પરથી ચાલુ...)

પુત્રી, પુત્રવધૂ, સાસુ માટે લાગુ પડે. નીતિ અને નિયમ વચ્ચે સામંજસ્ય સચવાશે તો પરિવારોમાં પણ સંવાદ રચાશે.

સામાજિક અને ધાર્મિક સંસ્થાઓએ પોતાના બજેટ પ્રમાણે દાન ભેગું કરવું તેવો સામાન્ય નિયમ હોય છે. પરંતુ દાનમાં સાધનશુદ્ધિનો આગ્રહ તે નીતિ છે. અનૈતિક વ્યક્તિઓનું દાન સમાજ કે ધર્મની સંસ્થાઓ પર પોતાના આધિપત્ય દ્વારા ચંચૂપાત કરી ખલેલ પહોંચાડશે તેથી સંસ્થાના હેતુઓ બર નહીં આવે.

રાજ્યના અર્થતંત્રને સમતોલ રાખવાના કેટલાક નિયમો છે. રાજ્ય નાણાંકીય ખાદ્ય પૂરવા લોટરી, ગુટકા-તમાકુ, પાન મસાલા અને દારૂ વેચતી દુકાનો પર ટેક્ષ લાદે છે. રાજ્યને સારી આવક મળે છે, પણ સમાજચિંતકો, નિરીક્ષકો અને સલાહકારો કહે છે કે લોટરી, ગુટકા અને દારૂથી પ્રજાનું માનસિક અધઃપતન થાય છે ને શારીરિક પાયમાલી થાય છે માટે આવી આવક અનૈતિકતાને પોષે છે. નિયમ, નાણાંકીય ખાદ્યને સરભર કરવા સરકારી તિજોરી ભરવાનો છે, પણ નીતિ તો પ્રજાના સર્વાંગી કલ્યાણની જ હોવી જોઈએ.

● ● ●



# બાળ વિભાગ



**સંકલન : મિતેશભાઈ એ. શાહ**

## પ્રજાનું દિલ જીતનારનું દુઃખ

રશિયાના લોકોના તારણહાર તરીકે ઇતિહાસમાં અમર થનાર મહાન પીટરે લોકકલ્યાણના અનેક કાર્યો કર્યા હતા.

રશિયાના લોકોની લાચારી, અસહાયતા અને નિરાધાર દશાને સુખદાયક પરિસ્થિતિમાં ફેરવી નાખવા પીટરે પોતાની આખી જિંદગી ખરચી નાંખી હતી.

તેમનામાં સૌથી મોટો ગુણ એ હતો કે તેમણે કદી પણ પોતાના સુખનો કે પોતાના સ્વાર્થનો ખ્યાલ કર્યો નહોતો. પોતાના અંગત સુખના ભોગે જ તેઓ પરોપકારના કાર્યો કરવામાં તલ્લીન રહેતા.

આવા પુરુષની લોકપ્રિયતા વધ્યા વિના કેમ રહે ? પણ મહાન પીટરમાં આટલા બધા સદ્‌ગુણો હોવા છતાં તેમનામાં મોટામાં મોટો અવગુણ એ હતો કે તેઓ વાતવાતમાં ક્રોધે ભરાઈ ઊઠતા. નાની એવી બાબતમાં પણ તેમના ક્રોધાગ્નિને ભભૂકી ઊઠતાં વાર લાગતી નહોતી.

એકવાર તેઓ આવો ક્રોધ કરી બેઠા. ક્રોધથી તેમની આંખો લાલ બની ગઈ હતી. મોં પર ક્રોધનો ભાવ ઊપસી રહ્યો હતો.

આમ, તેઓ આવી ક્રોધાવસ્થામાં હતા ત્યાં જ તેમની રાણી તેમની પાસે અચાનક આવી ચઢી. રાણીની સાથે રાજ્યનો એક ઉચ્ચ અધિકારી પણ હતો.

રાણી અને ઉચ્ચ અધિકારીએ ખૂબ મહેનતથી પીટરને શાંત પાડ્યા.

પણ જેવો પોતાનો ક્રોધ શમી ગયો કે પીટર ખંડના એક ખૂણામાં જઈને રડવા લાગ્યા.

આ જોઈને રાણી તથા અધિકારીને ખૂબ નવાઈ લાગી. તેઓ બંને પીટર પાસે દોડી ગયાં અને તેમને પૂછવા લાગ્યાં, "અરે, તમે શા માટે રડી રહ્યા છો?"

પીટર થોડીવાર આ લોકો સામે જોઈ રહ્યા. પછી તેમણે હાથ વડે પોતાની આંખો લૂછી નાખી અને રડમસ અવાજે બોલ્યા, "વિધિની કેવી વિચિત્રતા ! હું રશિયાની સમસ્ત પ્રજાને સુધારી શક્યો, પણ મારી જાતને સુધારી શકતો નથી ! પ્રજાનું દિલ જીતી શકતો હું મારા ક્રોધને જીતી શકતો નથી એ મારા માટે કેવું કમનસીબ કહેવાય !"

## સમાજસેવકની ઉચ્ચ ભાવના

એક સાચા સમાજસુધારક તરીકે જેમની પ્રતિષ્ઠા માત્ર મુંબઈમાં જ નહિ, છેક ગુજરાત સુધી વિસ્તરી હતી તે મામા પરમાનંદે પોતાની આખી જિંદગી જનસેવા કરવા પાછળ ખરચી નાખી હતી.

યુવાની અને પ્રૌઢાવસ્થા વટાવીને તેઓ વૃદ્ધાવસ્થામાં પ્રવેશ્યા ત્યારે તેઓ ગંભીર માંદગીનો ભોગ બન્યા.

ધનને ગૌણ કરી જનસેવામાં જ રત રહેનાર આ સમાજસેવક પાસે પૈસો હોવો એ તો સંભવિત જ ક્યાંથી હોઈ શકે ?

તેમની આર્થિક સ્થિતિ કંગાળ હતી. છતાં તેમને એનો લેશમાત્ર વસવસો નહોતો.

સમાજસેવકે કષ્ટ તો વેઠવાનાં જ હોય એમ તેઓ માનતા હતા. તેમની આ આર્થિક કંગાલિયતની વાત વડોદરાના મહારાજા સર સયાજીરાવ ગાયકવાડના કાને પહોંચી.

મહારાજા કલાકારો, લેખકો અને સમાજસેવકોને આર્થિક મદદ કરતા જ રહ્યા હતા.

તેમને થયું કે મામા પરમાનંદ જેવા સમાજસેવકને મારે મદદ કરવી જ રહી.

તેમણે મામા પરમાનંદનું પેન્શન બાંધી તેના પહેલા હપ્તાની રકમ મોકલી.

મામા પરમાનંદે તે રકમ મહારાજને પરત કરી અને સાથે એક નોંધ પણ લખી મોકલી, ''મારી આર્થિક સ્થિતિ એટલી બધી નથી બગડી કે મારે કોઈ પેન્શનનો આશ્રય લેવો પડે. આ વર્ષાસનનો હું સ્વીકાર કરી શકતો નથી. તો મને માફ કરશો. આ સાથે એક બીજી હકીકત આપ સમક્ષ એ રજૂ કરવા માગું છું કે મારા કરતાં પણ વધુ સમાજસેવા કરનાર તો જ્યોતિબા ફૂલે છે અને તેઓ હાલ પક્ષઘાતથી પીડાઈ રહ્યા છે. મહારાષ્ટ્રના તેઓ એક મોટામાં મોટા સમાજસેવક છે. મારી અને તેમની વચ્ચે જોકે થોડો મતભેદ છે, છતાં મારે કહેવું જોઈએ કે તેઓ એક ઉચ્ચ કોટિના ચારિત્ર્યવાન પુરુષ અને સાચા સમાજસેવક છે. મારા કરતા અત્યારે તેમને પૈસાની વધુ જરૂર છે. આપ જો એમને વર્ષાસન બાંધી આપશો તો એ વધુ યોગ્ય બની રહેશે.''

## રૈયતની ભેટ

ગાંધીજીના દાદાનું નામ ઉત્તમચંદ ગાંધી !

તેઓ પોરબંદરના દીવાન હતા.

રાજ્યમાં દીવાનનું ખૂબ માન હોય એ જાણીતું છે. ઉત્તમચંદ ગાંધીનું પણ લોકોમાં ખૂબ માન હતું.

રાજદરબારમાં તો દીવાનનું માન થતું જ હોય છે. પણ લોકો જ્યારે દીવાનનું મોટું માન કરવા લાગે ત્યારે સમજવું કે દીવાને લોકોના હૃદય જીતી લીધાં છે.

ઉત્તમચંદ ગાંધીએ લોકોનાં હૃદય જીતી લીધાં હતાં.

એકવાર તેમને ઘેર કોઈ લગ્નોત્સવ હતો.

રાજ્યના લોકોને ખબર પડી કે દીવાનને ત્યાં લગ્ન છે, એટલે પછી તો લોકો નાની મોટી ભેટો લઈને દીવાનને આંગણે આવી પહોંચ્યા.

દીવાને લોકોની આ બધી ભેટો અને રોકડ રકમનો સ્વીકાર કર્યો. ભેટોનો સ્વીકાર કરતાં કરતાં તેઓ પોતાના મુનીમને વારેવારે સૂચના આપતા હતા કે, ''જો જો, મુનીમજી, કોઈ ભેટ નોંધ્યા વિના ન રહી જાય.''

મુનીમે દીવાનની આ આજ્ઞા મુજબ, એકએક ભેટની નોંધ એક લાલ પૂંઠાની ચોપડીમાં કરી હતી.

લગ્ન પૂરાં થયાં.

બીજા દિવસે વહેલી સવારે દીવાનજી પોરબંદરના રાજાના મહેલે પહોંચ્યા અને પોતાને ત્યાં આવેલી બધી ભેટો રાજાના પગમાં ધરી દીધી.

રાજા તો આ જોઈને નવાઈ પામી ઊઠ્યા. તેમણે દીવાનને પૂછ્યું, ''દીવાનજી ! આ બધું શું છે ?''

દીવાને કહ્યું, ''કશું નથી. તમારું તમને પાછું આપું છું !''

''મારું ?''

''હા, તમારું ! તમારી પ્રજાનું આ બધું છે અને જે પ્રજાનું તે તમારું જ ગણાય.''

રાજાએ આ બધી ભેટ દીવાનને પાછી લઈ લેવા ખૂબ આગ્રહ કર્યો તોયે દીવાને તેમાંથી એક પણ ભેટ પાછી લીધી નહિ.

● ● ●

## યુવા ઉત્કર્ષ શિબિર

**(પાના નં. ૩૮ પરથી ચાલુ...)**

ઉલ્લાસભેર શિબિરના સ્વાધ્યાય, ભક્તિ આદિ સત્રોનો લાભ લીધો હતો. સર્વ રીતે સફળ એવી આ શિબિરમાં પ્રમુખશ્રી નીતિનભાઈ, શ્રી શરદભાઈ જશવાણી તથા શ્રી શરદભાઈ ડેલીવાળાનો પૂરો સહકાર હતો. આદ. શ્રી નવીનભાઈના સુપુત્ર શ્રી અજયભાઈએ રૂા. ૩૧,૦૦૦/-નું યોગદાન આપવા બદલ સંસ્થા તેમનો આભાર માનવા સાથે અનેકશઃ ધન્યવાદ પાઠવે છે. ■ ■ ■

# યુવા ઉત્કર્ષ શિબિર

**મહેન્દ્રભાઈ કે. ખંધાર**

કોબા આશ્રમના સ્થાપક, અધિષ્ઠાતા અને પ્રેરક પરમ શ્રદ્ધેય પૂ. શ્રી આત્માનંદજીનો અભિગમ એવો રહ્યો છે કે અધ્યાત્મ સાધના સાથે સંસ્કૃતિ અને સુસંસ્કારના સંવર્ધન અર્થે સમાજ અને રાષ્ટ્ર ઉપયોગી પ્રવૃત્તિઓ વિકસાવવી. તે અંતર્ગત આશ્રમમાં વર્ષોથી સુંદર ગુરુકુળ (૬૦ વિદ્યાર્થીઓ) ચાલે છે અને વર્ષમાં બે યુવાશિબિર યોજાય છે. આશ્રમમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઉપરાંત મેડિકલ કેમ્પ, રક્તદાન તથા આજુબાજુના ગામોમાં જરૂરતમંદ માટે કપડાં વિતરણ, સ્કૂલની નોટબુક્સ (રાહતદરે આપવી), છાશકેન્દ્રો, જીવદયા વગેરે ચાલે છે.

ડિસેમ્બર ૨૪થી ૨૬ દરમ્યાન ત્રિદિવસિય ઘનિષ્ઠ 'યુવા ઉત્કર્ષ શિબિર' યોજાઈ હતી. અમદાવાદ, મુંબઈ, ઇડર, બાંસવાડા, ચિત્રોડા, વડાલી, છત્રાલ, સાબરકાંઠા, કલોલ ઉપરાંત પરદેશથી અને ભારતના ઘણા રાજ્યો (ગુજરાત-રાજસ્થાન ઉપરાંત આસામ, ત્રિપુરા, મિઝોરામ વગેરે)માંથી કુલ ૮૪ શિબિરાર્થીઓ આવ્યા હતા.

પહેલા દિવસે મંગલદીપ પ્રાગટ્ય પછી પૂ. શ્રી આત્માનંદજીએ આશીર્વચનમાં કહ્યું કે મનુષ્ય જન્મ અતિદુર્લભ છે તેથી દરેક પ્રવૃત્તિ વ્યક્તિત્વ વિકાસને લક્ષમાં રાખી વિવેક, ઉમંગ, શિસ્તબદ્ધ અને લક્ષ્યપૂર્વક કરવી. શિબિરમાંથી શીખીને જીવનમાં પ્રયોગ કરવો. ભારતીય તરીકે વિચારવું અને વર્તવું.

સ્વામિનારાયણ સંત પૂ. શ્રી અક્ષરવત્સલ સ્વામીએ 'જીવનનું દિવ્ય ધ્યેય' વિષય પર વાર્તાલાપમાં કહ્યું કે જીવનમાં ધન, કીર્તિ, સત્તા, બાહ્ય વૈભવ વગેરે તો પ્રાસંગિક છે. તેની સાથે મુક્તિનો લક્ષ રાખવો. સંસારપરિભ્રમણ અને દુઃખ- સંતાપથી છૂટવા રાગ - દ્વેષ - મમત્વથી દૂર રહીને નિઃસ્વાર્થ પરોપકારી જીવન બનાવવું. આહાર-ભય-મૈથુન-પરિગ્રહ (નિદ્રા) આદિ પશુ સંજ્ઞાથી ઉપર ઉઠીને, વિવેક જગાવીને દિવ્યતા પ્રગટાવવી. એક પાશ્ચાત્ય લેખકે કહેલ માનવદેહની કિંમત ૬૦૦૦ ટ્રીલીયન ડૉલર (આશરે ૧ ઉપર ૧૭ મીંડા રૂપિયામાં) ટાંકીને સ્વામીજીએ કહ્યું કે આ શરીર એટલી મોટી લૉન રૂપે મળેલ છે તેને વ્યાજ સહિત (સજ્જનતા, પરોપકાર, નિઃસ્વાર્થતા આદિ સદ્‌ગુણોથી ભૂષિત દિવ્ય હેતુરૂપે) પ્રભુને પાછું આપવાનું છે. અનેક રોજીંદા જીવનના દૃષ્ટાંતો, વિનોદી શૈલી, તળપદી ગુજરાતી ભાષા, વિસ્તૃત માહિતી ભંડોળ અને ઊંડો ધાર્મિક અભ્યાસ વગેરે સ્વામીજીની વિશેષતા છે.

આદ. બા. બ્ર. સુરેશજીએ 'સંસારચક્ર અને મુક્તિ' વિષયમાં ચારેય ગતિના સંસારના દુઃખો, આત્મા, પુનર્જન્મ, સ્વયં સંચાલિત કર્મવ્યવસ્થા, કર્મબંધ, સંસ્કાર, પાપ, પુણ્ય, પુરુષાર્થ વગેરે વિષે કહ્યું તેમજ ભગવાન મહાવીર, યુગપ્રધાન આચાર્ય કુંદકુંદાચાર્ય તથા યુગપુરુષ શ્રીમદ્‌ રાજચંદ્રજીનો સંક્ષિપ્ત પરિચય આપ્યો. તેમણે ત્રણ પ્રકારના કામ/ભાવ : **૧. ખોટું કામ** (દુરિચ્છા, પાપભાવ), **૨. સારું કામ** (સદ્‌ઇચ્છા, પુણ્યભાવ) અને **૩. સાચું કામ** (નિરિચ્છા, શુદ્ધભાવ) વિષે સમજાવીને જીવનમાં સાચા કામના લક્ષ સાથે ખોટા કામથી દૂર રહીને સારું કામ કરવાની પ્રેરણા આપી. સંસારમાં ક્યાંય સુખ નથી અને સાચા સુખ તથા મુક્તિ માટે અનુરાગ-મમત્વથી દૂર રહીને આત્માનું લક્ષ રાખવું. સરળ ભાષામાં જૈન ભૂગોળ-ખગોળની વાત સંક્ષેપમાં કહી.

આદ. ભાગ્યશ્રી સાઠ્યે જયપુરથી પધારેલ. તેઓ 'રાષ્ટ્રીય સેવિકા સમિતિ'ના પ્રચારિકા છે, અને 'અખિલ ભારતીય મહાવિદ્યાલયીન તરૂણી' વિભાગ

તથા ‘વિશ્વ સંપર્ક’ વિભાગના પ્રમુખ છે. તેઓશ્રીએ ‘દૈનિક જીવનમાં રાષ્ટ્રભક્તિ’ વિષય પર સરળ પણ મનનીય વક્તવ્ય આપ્યું. ‘ભા’ એટલે જ્ઞાન-તેજ તથા ‘રત’ એટલે મગ્ન - ડૂબેલ કહીને ભારત(રાષ્ટ્ર)નો અર્થ સુસંસ્કૃત આર્યાવર્ત કર્યો. વિશ્વમાં શાંતિ થાય એવી આપણી આર્ય સંસ્કૃતિ છે. દેશભક્તિ એટલે રાષ્ટ્ર પ્રત્યે સકારાત્મક વિચાર-વાણી-વર્તન, રાષ્ટ્રધ્વજનું સન્માન, સમાજ ઉપયોગી જીવન, ટ્રાફિક અને ટેક્ષના નિયમોનું પાલન તથા રાષ્ટ્રીય સંપત્તિ (અન્ન, જળ, રેલવે, બસ, જાહેર મકાનો, જાહેર વ્યવસ્થા વગેરે)ની બગાડ વિના સુરક્ષા કરવી.

આદ. બા. બ્ર. અલકાબેને પૂ. સાહેબજીનું સૂત્ર ‘સૌનો મિત્ર છું’ લઈને ધર્મ, જીવદયા અને અધ્યાત્મના વિશાળ ફલક પર સર્વાત્મામાં સમદષ્ટિ અને ‘વસુધૈવ કુટુંબકમ્’ વિશે કહ્યું. સૌંદર્યના પ્રસાધનોમાં રહેલી હિંસા, બજારુ ખાદ્ય પદાર્થોમાં પ્રાણીજ ઘટકો, વ્યસનથી અધર્મ - પાયમાલી વગેરે દષ્ટાંતો અને વીડિયો ક્લીપ્સથી સમજાવ્યા. શિબિરાર્થીઓએ પૂ. સાહેબજી પાસે આજીવન સપ્ત મહાવ્યસન (શિકાર, માસાહાર, દારૂ, જુગાર, ચોરી, પરસ્ત્રી, વેશ્યા) ત્યાગની પ્રતિજ્ઞા સ્વેચ્છાએ સમજીને લીધી.

● શિબિરાર્થી ભાવિનભાઈ ડેલીવાળાએ ‘શ્રીમદ્ રાજચંદ્ર-જીવન દર્શન’ પ્રયોગાત્મક શૈલીથી તવારિખ અને કવન સાથે જણાવ્યા. ● પૂ. સાહેબજીના જીવનને આલેખતી ડોક્યુમેન્ટ્રી ‘સુવાસ સંત હૃદયની’થી શિબિરાર્થીઓને અહોભાવ સાથે પ્રેરણા મળી. ● એક સાંજે સાંસ્કૃતિક પ્રોગ્રામમાં આસામ - ત્રિપુરા - મિઝોરામ - રાજસ્થાનની બહેનોએ લોકનૃત્ય અને એમની રમણીય વેશભુષાનો સુંદર પરિચય કરાવ્યો. ● વર્કશોપ સત્રમાં સાંપ્રત મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા થઈ : (૧) સંયુક્ત પરિવાર, ઇન્ટરનેટ તથા પાશ્ચાત્ય સંસ્કૃતિના અંધ અનુકરણથી હાનિ કે લાભ, (૨) પરમાત્માનું સ્વરૂપ, (૩) સુખી થવા માટે ધર્મની આવશ્યકતા. ● આદ. મહેન્દ્રભાઈ ખંધારના માર્ગદર્શન નીચે શિબિરાર્થીઓએ પાડોશી સંસ્થા શ્રી મહાવીર આરાધના કેન્દ્રમાં વિશ્વ વિખ્યાત હસ્તલિખિત લાખો ગ્રંથોનો ભંડાર-જાળવણી - કમ્પ્યુટરીકરણ તથા સુંદર મ્યુઝીયમની મુલાકાત સાથે મૂળનાયક મહાવીર સ્વામીના ભવ્ય જિનાલયમાં દર્શન કર્યા. ● બા. બ્ર. કપિલભાઈ તથા બા. બ્ર. જનકબેનના અંત્યાક્ષરી તથા શિબિરાર્થી રુચિબેન મહેતા (મૂળ ડેલીવાળા, હાલ દુબઈ)ની ભક્તિના સુંદર કાર્યક્રમથી શિબિરાર્થીઓએ ગમ્મત સાથે જ્ઞાન માણ્યું. ● દરરોજ સવારે ૧ કલાક આદ. શ્રી વસંતભાઈ બ્રહ્મભટ્ટે યોગા-પ્રાણાયામ કરાવ્યા. ● એક બપોરે સર્વેએ આશ્રમમાં શ્રમયજ્ઞરૂપે યોગદાન આપીને ‘સ્વચ્છ ભારત’ અભિયાનને સાર્થક કર્યું. ● આ ઉપરાંત દરરોજ સવાર-સાંજના દેવવંદન, પ્રાર્થના, ભક્તિ, જિનેન્દ્રપૂજા, પાર્શ્વપ્રભુ મંદિરજીમાં આરતી-મંગળ દીવો થતા હતા.

અંતિમ દિવસે શિબિરાર્થીઓએ પોતાના પ્રતિભાવ આપ્યા. દરેકે ખૂબ ઉલ્લાસ તથા આભારની અભિવ્યક્તિ સાથે જ્ઞાન-ગમ્મત-ધર્મ-અધ્યાત્મની રોજિંદા જીવનમાં પ્રયોગાત્મક માહિતી બદલ અહોભાવ અને કૃતજ્ઞતા પ્રદર્શિત કર્યા. આ યુવા ઉત્કર્ષ શિબિર અદ્ભુત અને અવિસ્મરણીય હતી તથા ભાવિ શિબિરમાં જરૂરથી અને જલદી આવવાના ભાવ સૌએ વ્યક્ત કર્યા.

શિબિર સમાપનવિધિમાં પૂ. બહેનશ્રી શર્મિષ્ટાબેને આશીર્વચનમાં શિબિરાર્થીઓને ત્રણ દિવસની શિબિરમાં મળેલ જ્ઞાન અને બોધ જીવનમાં ઉતારવાનો અનુરોધ કર્યો. અંતમંગલમાં ગુરુવંદના સાથે શિબિર સાનંદ સંપન્ન થઈ. સમગ્ર શિબિરનું આયોજન અને સંચાલન બા. બ્ર. આદ. શ્રી સુરેશજી અને બા. બ્ર. આદ. શ્રી અલકાબેને, બા. બ્ર. કપિલભાઈ તથા બા. બ્ર. જનકબેનના સહયોગથી સુપેરે કરેલ. આશ્રમના સ્થાયી મુમુક્ષુઓએ પણ

**(અનુસંધાન પાના નં. ૩૬ પર...)**

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થામાં ફેબ્રુઆરી માસમાં આધ્યાત્મિક શિબિરનું આયોજન

સંસ્થામાં તા. ૧૨-૨-૨૦૧૭ થી તા. ૧૫-૨-૨૦૧૭ (રવિવાર થી બુધવાર) પૂજ્યશ્રી આત્માનંદજીના પાવન સાન્નિધ્યમાં ચતુર્દિવસીય આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિરમાં દેશ-વિદેશોમાં સ્વાધ્યાયશિબિરો તથા ધ્યાનશિબિરો યોજનાર, અનેક પુસ્તકોના લેખક, રાજકોટ આશ્રમ (પીસ ઑફ માઈન્ડ)ના શ્રુતપ્રજ્ઞ સ્વામીજીની સ્વાધ્યાયશ્રેણી યોજાશે. આ ઉપરાંત પૂજ્યશ્રી આત્માનંદજી, બા.બ્ર.આદ. સુરેશજીના સ્વાધ્યાય, ભક્તિસંગીત, પૂજા, યોગ-પ્રાણાયામ જેવા અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આત્મકલ્યાણ અર્થે શિબિરમાં પધારવા સૌને ભાવભીનું નિમંત્રણ છે.

## સંસ્થામાં લેખિત કસોટીનું આયોજન

સંસ્થામાં તા. ૧૧-૨-૨૦૧૭ના દિવસે બપોરે ૩-૧૫ થી ૫-૧૫ દરમિયાન 'સમ્યક્ તપ' વિષય પર આધારિત લેખિત કસોટીનું આયોજન કરવામાં આવ્યું છે. કસોટીનો અભ્યાસક્રમ સંસ્થાની વેબસાઈટ પર મૂકવામાં આવ્યો છે અથવા આ અંગે સંસ્થામાં આદ.બા.બ્ર.શ્રી સુરેશજીનો સંપર્ક સાધવા વિનંતી. આ પરીક્ષાનું પ્રશ્નપત્ર સંસ્થાની વેબસાઈટ પરથી પ્રાપ્ત કરી ઘેર બેઠા પણ પરીક્ષા આપી શકાશે.

## થાઈરોઈડ નિદાન કેમ્પ

આપણી સંસ્થા સંચાલિત મેડિકલ સેન્ટરના ઉપક્રમે Abbot કંપનીના સહયોગથી તા. ૧૨-૦૨-૨૦૧૭ને રવિવારના રોજ બપોરે ૧૨ થી ૩ કલાક દરમિયાન રાહત દરે થાઈરોઈડ રોગનિદાન કેમ્પનું આયોજન કરેલ છે.

આ સમય દરમિયાન રૂ. ૫૦/-ના રાહત દરે TSH ટેસ્ટ કરી બે દિવસમાં રીપોર્ટ સંસ્થામાં પહોંચાડી આપવામાં આવશે. જે સેમ્પલમાં TSH નો રીપોર્ટ ઓછો કે વધારે આવે તે સેમ્પલમાંથી જ T3 અને T4 ના રીપોર્ટ કોઈ પણ અન્ય ચાર્જ વિના કરી આપી, બે દિવસમાં સંસ્થામાં રીપોર્ટ પહોંચાડી દેવાશે.

સામાન્યતઃ પ્રાઈવેટ લેબોરેટરીમાં આ ટેસ્ટનો ચાર્જ રૂ. ૬૦૦/- થી ૮૦૦/-ની નજીક થાય છે.

આ કેમ્પ માટે આર્થિક સહયોગ આદ.શ્રી દિનેશભાઈ બાવીસી પરિવાર, રાજકોટ તરફથી સાંપડ્યો છે; તે બદલ સંસ્થા તેમનો હૃદયપૂર્વક આભાર માને છે. ઉપરોક્ત કેમ્પનો લાભ લેવા સૌને વિનંતી છે.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

- **ગુરુકુળ :**

(૧) સુમિત - તેજલ ખંધાર તથા સમીર - રીના ખંધાર, — રૂ. ૧,૦૦,૦૦૦/-
હસ્તે આદ. વીણાબેન મહેન્દ્રભાઈ ખંધાર (લૉસ ઍન્જલસ)
(ગુરુકુળના એક બાળકને દત્તક લેવા માટે)

(૨) આદ. મયૂરભાઈ - નિરૂપા, સુનીતભાઈ - ફિરોજા, ગીતાબેન રૂ. ૧,૦૦,૦૦૦/-
હસ્તે : આદ. સરલાબેન દોશી, નૈરોબી

(૩) આદ. સોનલબેન ચેતનભાઈ શાહ, USA રૂ. ૧,૦૦,૦૦૦/-

(૪) આદ. પૂરવભાઈ શેઠ, મુંબઈ રૂ. ૫૦,૦૦૦/-

- **પ્રકીર્ણ :** (૧) Excellent Engineering Corporation રૂ. ૫૧,૦૦૦/-
(હસ્તે : આદ. શ્રી જ્યોતિબેન રમેશભાઈ અજમેરા, મુંબઈ)
(ગુરુકુળ + મેડિકલ + ભોજનાલય + જીવદયા + છાશકેન્દ્ર)
(૨) આદ. ડૉ. શશી કૈલાસભાઈ બગડિયા, નવરંગપુરા, અમદાવાદ રૂ. ૨૫,૦૦૦/-
(મેડિકલ + ગુરુકુળ + જીવદયા)
- **સાધારણ ખાતું :** સ્વ. કંચનબેન વિનયકાન્ત દોશીના સ્મરણાર્થે રૂ. ૧૧,૦૦૦/-
હસ્તે : તેઓના પરિવારજનો, સોલા, અમદાવાદ
- **પક્ષીચણ :** આદ. દિનેશચંદ્ર એસ. બાવીસી, રાજકોટ રૂ. ૧૦,૦૦૦/-

## શાંતિવિધાન પૂજા

આપણી સંસ્થાના ભૂતપૂર્વ ટ્રસ્ટી તથા સાધકવિશેષ માનનીય શ્રી પ્રવીણભાઈ પી. દેસાઈએ તેમના ૮૩માં જન્મદિન નિમિત્તે તેમના ઘુમાના નિવાસસ્થાને શાંતિવિધાન પૂજાનું આયોજન કર્યું હતું. તેઓશ્રીના આમંત્રણને માન આપીને પૂજ્ય શ્રી આત્માનંદજી થોડાક સાધક મુમુક્ષુઓ સહિત પધાર્યા હતા. બા. બ્ર. શ્રી અલકાબેને સુમધુર કંઠે ભાવવાહી પૂજા કરાવી હતી. પૂજ્યશ્રીએ આશીર્વચન આપતા જણાવ્યું હતું કે જેમના દરરોજના જીવનમાં ભગવાનની પૂજા, ગુરુવંદના, સ્વાધ્યાય, સંયમ તથા દાન વણાઈ ગયા હોય તે જ સાચા શ્રાવક છે. આદ. શ્રી પ્રવીણભાઈએ પૂજ્યશ્રીનો પોતાનો જીવનમાં તથા સાધનામાં અનન્ય અને મહાન ઉપકાર છે એમ જણાવ્યું હતું. તેમની બધી જ દીકરીઓ તથા અન્ય સગાં-સંબંધીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં. ત્યારબાદ સૌએ ભોજનને ન્યાય આપ્યો હતો.

## શ્રી કુંદકુંદાચાર્યના આચાર્ય પદારોહણ દિન નિમિત્તે સત્સંગ-ભક્તિના કાર્યક્રમો સંપન્ન

માગશર વદ - ૮ તા. ૨૧-૧૨-૨૦૧૬ના રોજ અપ્રમત્ત યોગીશ્વર આચાર્યશ્રી કુંદકુંદાચાર્યના આચાર્ય પદારોહણ દિન નિમિત્તે સંસ્થામાં પૂજા-ભક્તિ-સત્સંગ વગેરે કાર્યક્રમો સાનંદ સંપન્ન થયા. સવારે મુનિ ચંદ્રગુપ્ત વિરચિત આચાર્ય કુંદકુંદસ્વામીની પૂજા કરવામાં આવી હતી. આદ. બા. બ્ર. શ્રી સુરેશજીએ શ્રી કુંદકુંદસ્વામીના જીવન - કવન વિષે મનનીય ઉદ્‌બોધન કર્યું હતું.

પૂજ્યશ્રી આત્માનંદજીએ ભક્તકવિ શ્રી વૃંદાવનદાસજીની આચાર્ય કુંદકુંદસ્વામીની સ્તુતિના આધારે આચાર્યશ્રીનું અપૂર્વ માહાત્મ્ય સમજાવ્યું હતું.

બપોરે આચાર્યશ્રીની એનીમેશન ફિલ્મ સૌએ નિહાળી હતી. રાત્રે ૮ વાગ્યે શ્રી સદ્‌ગુરુપ્રાસાદ, મીઠાખળી, અમદાવાદ મુકામે બુધવાર હોવાથી આદ. બા. બ્ર. બહેનશ્રી ચંદ્રિકાબેન પંચાલીએ 'બહુપુણ્ય કેરા પુંજથી' (અમૂલ્ય તત્ત્વવિચાર શ્રી મોક્ષમાળા શિક્ષાપાઠ-૬૭) ઉપર પ્રયોગલક્ષી સ્વાધ્યાય આપ્યો હતો.

## ચીની બનાવટી ચીજો (મેડ ઈન ચાઈના પ્રોડક્ટ)નો બહિષ્કાર કરો

આતંકનું કેન્દ્ર હોવાની અઢળક સાબિતીઓ છતાં ચીને પાકિસ્તાનને આતંકવાદ મુદ્દે ઠપકો આપવાનું વલણ અપનાવ્યું નથી કે મસૂદ અઝહરને આતંકી જાહેર કરેલ નથી. ચીને એવા બયાનો કર્યા છે કે જેનાથી ચીન પાકિસ્તાન સાથે અને ભારત સામે હોવાનું સાબિત થતું રહે છે. હાલમાં ભારત એ ચીન માટે મોટું માર્કેટ છે. ભારત પોતાની કુલ આયાતમાંથી ૧૫ ટકાથી વધારે આયાત એકલા ચીન પાસેથી કરે છે. ચીની ચીજોની આરોગ્ય પર પણ આડઅસરો થાય છે. તાજેતરમાં ચીની બનાવટની હેલોજન લાઈટે છત્તીસગઢમાં ૮૦૦થી વધારે લોકોની દૃષ્ટિને ગંભીર અસર કરી હતી. આપણે સૌ સંકલ્પ કરીએ કે અમે ચીની બનાવટની ચીજો વાપરીશું નહી, તેના વપરાશને પ્રોત્સાહન આપીશું નહીં. ખરેખર તો આપણા દેશમાં ઉત્પાદન થયેલી વસ્તુઓ વાપરીએ તો દેશનો પૈસો દેશમાં રહે અને આપણા દેશનો વિકાસ થાય.

## વૈરાગ્ય સમાચાર




(૧) **અમદાવાદ :** આપણી સંસ્થામાં ઘણા લાંબા સમયથી રહીને ધર્મ-આરાધના કરતા મુમુક્ષુ **આદ. કંચનબેન વિનયકાંત દોશી**નું તા. ૨૧-૧૨-૨૦૧૬ના રોજ ૮૭ વર્ષની વયે દેહાવસાન થયું છે.

તેઓશ્રી બાળપણથી જ સત્‌દેવ-ગુરુ - ધર્મમાં અપાર શ્રદ્ધા ધરાવતા હતા. ઘણા વર્ષો સુધી આદ. કંચનબા તથા આદ. વિનયકાંતભાઈ આપણી સંસ્થામાં રહીને સેવા-સાધના કરતા રહ્યા. પૂજ્યશ્રીની આજ્ઞા અનુસાર તેઓએ પોતાના સાધનાજીવનને દિશા આપી હતી. નિષ્ઠાપૂર્વક તેઓ ગુરુઆજ્ઞાનું આરાધન કરતા હતા. પૂજ્યશ્રી પ્રત્યે તેઓને અત્યંત અહોભાવ હતો. સત્‌દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેની તેઓની સમર્પણભાવના ખરે જ પ્રશંસનીય હતી. તેઓનો સદ્‌ગુરુ પ્રત્યેનો અંતરંગ નિર્વ્યાજ પ્રેમ અને ધર્મભાવના આપણા સૌના માટે અનુકરણીય છે. સંસ્થામાં નાના-મોટા દરેકને નિઃસ્વાર્થભાવે મદદરૂપ થવાનો તેઓનો વિશેષ ગુણ ધ્યાનાકર્ષક છે. પૂજ્યશ્રીના ભોજનની સેવા માટે તેઓશ્રીએ આપેલું યોગદાન ચિરસ્મરણીય બની રહેશે. પૂજ્યશ્રી માટે પીંછી અને મંજીરા તેઓ જાતે બનાવતા હતા. સંસ્થા પ્રત્યે તેઓની અનહદ લાગણી હતી. સંસ્થામાં યોજાતી દરેક શિબિરમાં તેઓ સુશોભનની વ્યવસ્થાની જવાબદારી સ્વીકારતા. તેઓ સાચા અર્થમાં સાધક હતા. ચિંતન-ધ્યાનના તેઓ અભ્યાસી હતા. આંખે ઊડીને વળગે તેવો તેમનો મુખ્ય ગુણ સમતાભાવ હતો. વચનામૃતજીના તેઓ અભ્યાસી હતા. હૃદયના સરળ અને નિખાલસ હતા. જીવનમાં સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિ કરવી તે તેઓના જીવનનું લક્ષ્ય હતું. ધર્મની આરાધના દ્વારા તેઓએ પોતાના માનવભવને સાર્થક કર્યો છે. તેઓ સમગ્ર પરિવારને ધર્મનો વારસો સોંપતા ગયા છે. નાદુરસ્ત તબિયત દરમિયાન તેઓશ્રીના પરિવારે તેમની કરેલી સેવાઓ સરાહનીય છે. તેઓશ્રીના પરિવારજનો સંસ્થામાં પધારીને સત્સંગ-ભક્તિનો લાભ લેતા રહે તેવી અભ્યર્થના. સદ્‌ગતના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે અને તેઓ આગામી થોડાક ભવોમાં પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

(૨) **અમદાવાદ :** આપણી સંસ્થામાં અવારનવાર પધારીને સત્સંગ-ભક્તિનો લાભ લેતાં **આદ. શ્રી અનિલભાઈ એમ. માટલિયા**નું તા. ૧૭-૧૨-૧૬ના રોજ ૭૯ વર્ષની વયે દેહાવસાન થયું છે.

ઉદારતા અને નિઃસ્વાર્થતા તેઓશ્રીના વિશિષ્ટ ગુણો હતા. તેઓ સાધુ-સંતોની વૈયાવચ્ચ કરતા. તેઓશ્રીની



શાંતિસભર જીવનયાત્રા ખરે જ પ્રશંસનીય છે. ધર્મપ્રેમી એવા અનિલભાઈ નિઃસ્વાર્થભાવે બીજાને ઉપયોગી થઈને કૃતાર્થતા અનુભવતા. તેઓ પૂજ્ય જયંતિલાલજી મ.સા.ના આજ્ઞાકારી અનુયાયી હતા. પૂજ્ય જગજીવનજી મ.સા.ની ૧૦૦મી જન્મશતાબ્દી મહોત્સવ નિમિત્તે તેઓએ ભક્તજનો અને સ્નેહીજનોને ચાસ બોકારો સ્ટીલ સીટીની યાત્રા કરાવી હતી. પૂ. જયંતિલાલજી મ.સા.ની સેવામાં તથા ધર્મઆરાધનામાં તેઓએ જીવન સમર્પિત કર્યું હતું. પેટરબાર આશ્રમ મુકામે તેઓશ્રીએ સાધુ-સંતોની વૈયાવચ્ચ, દર્દીઓ તથા ધર્મપ્રેમી લોકોની નિઃસ્વાર્થભાવે સેવાઓ કરી હતી. ધર્મનું જીવનમાં આચરણ કરીને તેઓએ સંતો અને લોકોના હૃદયમાં માનભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. પ્રામાણિક વ્યવહાર અને ઉદાર સ્વભાવને કારણે વેપારીઓ તથા ગ્રાહકોના હૃદયમાં પણ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જરૂરતમંદોને ઉદાર હાથે તેઓ મદદ કરતા. પ્રસંગોપાત્ તેઓ કુટુંબીજનો, સગાં-સ્નેહીઓ, મિત્રોને ભોજન કરાવીને તેમનું મન જીતી લેતા. ઘણા લોકો તેમને 'નગરશેઠ'ની ઉપમા આપતા.

છેલ્લાં કેટલાક વર્ષોથી તેઓ આપણી સંસ્થા સાથે જોડાયા હતા. તેઓશ્રી તેમના ધર્મપત્ની મૃદુલાબેન સાથે સંસ્થામાં રહીને સત્સંગ-ભક્તિનો લાભ લેતા હતા. સંસ્થાના ભોજનાલય તથા મેડિકલ સેન્ટરમાં તેઓ ઉદારતાથી દાન આપતા. આહારદાન માટે તેઓશ્રીની વિશેષ ભાવના રહેતી. પ્રેમાળ સ્વભાવને કારણે તેઓશ્રીએ મુમુક્ષુઓમાં આદરભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું છે. પૂજ્યશ્રી તથા સંસ્થા પ્રત્યે તેઓને અહોભાવ હતો. સ્વાસ્થ્યની અનુકૂળતા ન હોવા છતાં તેઓ સંસ્થામાં પધારી સત્સંગનો લાભ લેતા.

સ્વર્ગસ્થના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે અને આગામી થોડા ભવોમાં તેઓ પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

---

## સદાચાર

(પાના નં. ૩૧ પરથી ચાલુ...)

અન્ય વ્યક્તિઓનું શોષણ કરે છે, પરંતુ જેઓ સ્વાવલંબી હોય છે તેઓ બીજાઓનું શોષણ કરતા નથી.

**૯. શિસ્ત :** જીવનમાં જેણે શિસ્તનો ગુણ વિકસાવ્યો હોય છે તે વિલાસી અને પ્રમાદી જીવનમાંથી પાછો વળી સદાચરણમાં પ્રવૃત્ત બને છે.

**૧૦. સહિષ્ણુતા :** અસહિષ્ણુ વ્યક્તિ સત્ અને અસત્‌નો વિવેક કરવામાં ભૂલથાપ ખાઈ શકે છે, પણ સહનશીલતા એવો ગુણ છે જે વ્યક્તિના જીવનને સદાચારી બનાવવામાં ફાળો આપે છે.

**૧૧. કર્તવ્યનિષ્ઠા :** કર્તવ્યનિષ્ઠા એ સદાચારનું પ્રેરકબળ છે. કર્તવ્યનિષ્ઠ વ્યક્તિ હંમેશાં પોતાના કર્તવ્ય પ્રત્યે જાગ્રત રહે છે. પ્રમાદ તરફ વળતો નથી.

**૧૨. વ્યક્તિગત સંગ્રહ ઉપર સંયમ :** વ્યક્તિ જ્યારે પોતાના માટે અનેક પ્રકારની ચીજવસ્તુઓનો સંગ્રહ કરવાની તમન્ના સેવે છે ત્યારે સદાચારના માર્ગ પર ચાલવાનું તેના માટે મુશ્કેલ બની જાય છે. અસીમ ઈચ્છાઓ ઉપર કાબૂ મૂકીને જ સંયમિત જીવન જીવવાથી શાંતિ પ્રાપ્ત થાય છે.


**૧૩. પ્રામાણિકતા :** સદાચારની જે કોઈ ફળશ્રુતિ હોય તો તે પ્રામાણિકતા છે. કઈ વ્યક્તિ કેટલી સદાચારી છે તેનું માપ તેની જીવનશૈલી - જીવનવ્યવહાર દ્વારા નીકળે છે. પ્રામાણિક વ્યક્તિ, કોઈની સાથે દગો રમી શકતી નથી. કોઈનું અહિત કરી શકતી નથી અને માનવીય મૂલ્યોની અવહેલના કરી શકતી નથી.

અંતમાં સર્વ કોઈ સદાચારને જાણે-માણે અને અપનાવે એ જ અંતરની અભ્યર્થના.

● ● ●

# સંસ્થામાં યોજાયેલ યુવા ઉત્કર્ષ શિબિર વેળાની તસવીરો

(તા. ૨૪-૧૨-૨૦૧૬ થી તા. ૨૬-૧૨-૨૦૧૬)



શ્રીમદ્જીનું જીવનચરિત્ર કહેતાં ભાવિનભાઈ ડેલીવાળા



વર્કશોપ






શિબિરાર્થીઓના પ્રતિભાવો



પ્રતિભાવ




સાંસ્કૃતિક કાર્યક્રમ



યુવા શિબિરાર્થીઓની સમૂહ તસવીર

**Registered under RNI No. : GUJGUJ/2008/25883**
**Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal**
**Regd. No. : GAMC - 309/2015-2017 issued by SSP Ahmedabad valid upto 31-12-2017**
**Publication Date 15th of every month**

## ચૌદ માર્ગણાઓ

| | | | |
|---|---|---|---|
| ૧. | ગતિ (ચાર) | : | નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ. |
| ૨. | ઇન્દ્રિય (પાંચ) | : | સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ, શ્રોતેન્દ્રિય. |
| ૩. | કાય (છ) | : | પૃથ્વીકાય, અપકાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાય. |
| ૪. | યોગ (ત્રણ) | : | મન, વચન, કાયા. |
| ૫. | વેદ (ત્રણ) | : | સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ. |
| ૬. | કષાય (ચાર) | : | ક્રોધ, માન, માયા, લોભ. |
| ૭. | જ્ઞાન (આઠ) | : | મતિ, શ્રુત, અવધિ, મન:પર્યવ, કેવળજ્ઞાન, કુમતિ, કુશ્રુત, કુઅવધિ. |
| ૮. | સંયમ (સાત) | : | સામાયિક, છેદોપસ્થાપન, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મ સાંપરાય, યથાખ્યાત, દેશસંયમ, અસંયમ |
| ૯. | દર્શન (ચાર) | : | ચક્ષુ, અચક્ષુ, અવધિ, કેવલદર્શન. |
| ૧૦. | લેશ્યા (છ) | : | કૃષ્ણ, નીલ, કાપોત, પીત, પદ્મ, શુક્લ. |
| ૧૧. | ભવ્ય (બે) | : | ભવ્ય, અભવ્ય. |
| ૧૨. | સમ્યક્ત્વ (છ) | : | ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, મિથ્યાત્વ, સાસાદન, મિશ્ર. |
| ૧૩. | સંજ્ઞી (બે) | : | સંજ્ઞી, અસંજ્ઞી. |
| ૧૪. | આહાર (બે) | : | આહાર, અનાહાર. |

### આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

❶ 'દિવ્યધ્વનિ' જાન્યુઆરી - ૨૦૧૭ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

**શ્રીમતી પુષ્પાબેન હસમુખલાલ સંઘવી પરિવાર,** સાયન, મુંબઈ

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

❷ 'દિવ્યધ્વનિ' જાન્યુઆરી - ૨૦૧૭ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

**એક મુમુક્ષુ બહેન, મુંબઈ**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah